અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ મે ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ પૂનમ

વર્ષ : ૧૬
અંક : ૩૦૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

ઓપરેશન સિંદૂર પર બોલ્યા રાજનાથ સિંહ

## રાવલપિંડી સુધી ભારતીય સેનાની ધાક, પાકિસ્તાનમાં ઘૂસીને માર્યા

### બ્રહ્મોસના ઉત્પાદન એકમનું ઉદ્દ્ઘાટન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા કરાયું : રક્ષા મંત્રી રાજનાથ સિંહ દિલ્હીથી ડિજિટલી સમારોહમાં જોડાયા

। (એજન્સી) લખનૌ, તા.૧૧ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ ૧૧ મે ૨૦૨૫ ના રોજ સંરક્ષણ ક્ષેત્રમાં એક ઐતિહાસિક પગલાનું સાક્ષી બનશે. વિશ્વની સૌથી ઘાતક સુપરસોનિક ક્રુઝ મિસાઈલ બ્રહ્મોસ ના ઉત્પાદન એકમનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના મહત્વાકાંક્ષી ઉત્તર પ્રદેશ સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોરના લખનૌ નોડમાં કરવામાં આવ્યું. રક્ષા મંત્રી રાજનાથ સિંહ દિલ્હીથી ડિજિટલી સમારોહમાં જોડાયા અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરાયું. આ પહેલ ઉત્તર પ્રદેશ અને ભારતની સંરક્ષણ આત્મનિર્ભરતાને મજબૂત બનાવશે અને સાથે સાથે વ્યૂહાત્મક શક્તિને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

લખનઉમાં બ્રહ્મોસ એરોસ્પેસ ઈન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરતી વખતે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, "ઓપરેશન સિંદૂર દ્વારા ભારતીય સેનાએ આતંકવાદીઓને જવાબ આપ્યો. આ ઓપરેશન હાથ ધરીને અમે બતાવ્યું કે ભારત આતંકવાદ સામે કાર્યવાહી કરી રહ્યું છે." સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું, "પાકિસ્તાનમાં આતંકવાદનો અંત લાવવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આતંકવાદીઓને નિશાન બનાવ્યા હતા પરંતુ પાકિસ્તાની સેનાએ સામાન્ય નાગરિકોને નિશાન બનાવ્યા હતા. આ ઉપરાંત, પાકિસ્તાની સેનાએ મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા અને ચર્ચોને નિશાન બનાવ્યા હતા."

રાજનાથ સિંહે વધુમાં કહ્યું હતું કે, "ભારતીય સેનાએ હિંમત અને બહાદુરી તેમજ સંયમ દર્શાવ્યો છે અને પાકિસ્તાનના ઘણા લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરીને યોગ્ય જવાબ આપ્યો છે. અમે માત્ર સરહદને અડીને આવેલા લશ્કરી ઠેકાણાઓ પર કાર્યવાહી કરી નથી, પરંતુ ભારતીય દળોની ધાક રાવલપિંડી સુધી અનુભવાઈ હતી જ્યાં પાકિસ્તાની સેનાનું મુખ્ય મથક આવેલું છે." તેમણે કહ્યું કે, આ ઉત્પાદન એકમની સ્થાપના 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો એક ભાગ છે, જે ભારતની સંરક્ષણ ક્ષમતાઓને વધારવા અને સ્વદેશી ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે.

આ એકમ દેશની રક્ષણ ક્ષમતામાં નોંધપાત્ર યોગદાન આપશે. આ એકમ ઉત્તર પ્રદેશમાં રોજગારીની તકો ઊભી કરશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને વેગ આપશે. આ ઉપરાંત ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોરના લખનઉ નોડને વધુ મજબૂત કરવામાં આ એકમ મહત્વનું પગલું છે. તેમણે કહ્યું કે, બ્રહ્મોસ મિસાઈલ તેની સુપરસોનિક ઝડપ અને વિનાશક



ક્ષમતા માટે જાણીતી છે. તે ભારત અને રશિયાના સંયુક્ત સાહસનું પરિણામ છે અને ભારતીય સેનાની ત્રણેય શાખાઓ (આર્મી, નેવી અને એરફોર્સ)માં ઉપયોગમાં લેવાય છે. આ એકમની સ્થાપના બ્રહ્મોસના ઉત્પાદનને વધારશે, જે ભારતની સંરક્ષણ તૈયારીઓને વધુ મજબૂત બનાવશે.

આ ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઓપરેશન સિંદૂર માટે તમામ સૈનિકો, પીએમ નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહને અભિનંદન આપ્યા. સીએમ યોગીએ કહ્યું કે, અમે બ્રહ્મોસ મિસાઈલ માટે ૨૦૦ એકર જમીન આપી છે. હવે અહીં બ્રહ્મોસ મિસાઈલનું ઉત્પાદન શરૂ થશે. તમે ઓપરેશન સિંદૂરમાં બ્રહ્મોસની તાકાત જોઈ હશે, જો તમે તે ન જોઈ હોય તો પાકિસ્તાનીઓને પૂછો કે બ્રહ્મોસ મિસાઈલની તાકાત શું છે.

સીએમ યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું, "આતંકવાદ કૂતરાની પૂંછડી જેવો છે. તેનો જવાબ તેની જ ભાષામાં આપવો પડશે. બ્રહ્મોસ મિસાઈલ શું છે? હાલમાં જ તમે ઓપરેશન સિંદૂરમાં આ મિસાઈલની તાકાતની ઝલક જોઈ હશે અને જો તમે તે નથી જોઈ, તો તમારે કોઈ પાકિસ્તાનીને પૂછવું જોઈએ કે બ્રહ્મોસ મિસાઈલની તાકાત શું છે. ભારત સરકારે જાહેર કર્યું છે કે આતંકવાદની કોઈપણ ઘટના હવે યુદ્ધ માનવામાં આવશે અને યાદ રાખો, જ્યાં સુધી આપણે આતંકવાદને સંપૂર્ણપણે કચડી ન નાખીએ ત્યાં સુધી સમસ્યાનો ઉકેલ આવશે નહીં." ૨૦૧૮ માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ ઉત્તર પ્રદેશ સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોર, યોગી સરકારની પ્રાથમિકતા રહી છે. તેના છ નોડ્સ - લખનૌ, કાનપુર, અલીગઢ, આગ્રા, ઝાંસી અને ચિત્રકૂટ - સંરક્ષણ ઉત્પાદનને વધારવા માટે મોટા પાયે રોકાણો જોઈ રહ્યા છે. લખનૌ નોડ ખાતે બ્રહ્મોસ યુનિટની સાથે, ડિફેન્સ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ (DTIS) નો શિલાન્યાસ પણ કરવામાં આવશે, જે ડિફેન્સ ઉત્પાદનોના પરીક્ષણ અને પ્રમાણપત્રમાં મદદ કરશે. ઉદ્ઘાટન સમારોહમાં બ્રહ્મોસ એરોસ્પેસ, એરો એલોય ટેકનોલોજી અને ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર પરની ટૂંકી ફિલ્મો દર્શાવવામાં આવશે. ડીઆરડીઓના અધ્યક્ષ ડૉ. સમીર વી કામત સ્વાગત પ્રવચન આપશે જ્યારે પીટીસી ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ સચિન અગ્રવાલ કંપનીના યોગદાન પર પ્રકાશ પાડશે. લખનૌ નોડ ખાતે સ્થાપિત આ બ્રહ્મોસ ઉત્પાદન એકમ ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. યોગી સરકારે આ માટે ૮૦ હેક્ટર જમીન મફતમાં આપી હતી અને આ પ્રોજેક્ટ માત્ર સાડા ત્રણ વર્ષમાં પૂર્ણ થયો હતો. વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રુઝ મિસાઈલ ભારત અને રશિયાના સંયુક્ત સાહસનું પરિણામ, બ્રહ્મોસ મિસાઈલ, વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રુઝ મિસાઈલ છે. તેની રેન્જ ૨૯૦-૪૦૦ કિલોમીટર છે અને ઝડપ મેક ૨.૮ (ધ્વનિની ગતિ કરતાં લગભગ ત્રણ ગણી) છે. આ મિસાઈલ જમીન, હવા અને સમુદ્રમાંથી લોન્ચ કરી શકાય છે અને ફાયર એન્ડ ફોરગેટ સિદ્ધાંત પર કાર્ય કરે છે, જે તેને દુશ્મનના રડારથી બચીને લક્ષ્યને સચોટ રીતે હિટ કરવામાં સક્ષમ બનાવે છે. તમિલનાડુ પછી ઉત્તર પ્રદેશ બીજું રાજ્ય છે જ્યાં સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોર સ્થાપિત થયો છે. બંને કોરિડોર મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલનો ભાગ છે જેનો ઉદ્દેશ્ય સંરક્ષણ આયાત પર નિર્ભરતા ઘટાડવા, સ્વદેશી ઉત્પાદન વધારવા અને રોજગારીની તકો ઊભી કરવાનો છે.

---

**ન્યૂઝ બ્રિફ**

### નિવૃત્તિ અંગે પોતાનો નિર્ણય બદલવા તૈયાર નથી વિરાટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય ટીમનો સ્ટાર બેટર વિરાટ કોહલી પણ ક્રિકેટના સૌથી લાંબા ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાનું વિચારી રહ્યો છે. BCCIના નજીકના સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે ૩૬ વર્ષીય દિગ્ગજ ખેલાડીએ હાલમાં જ રમતના સૌથી લાંબા ફોર્મેટથી દૂર રહેવાનો ઈચ્છા વ્યક્ત કરી છે. કોહલીએ BCCIને પોતાની વાત જણાવી હતી, જે બાદ ભારતીય બોર્ડ દ્વારા કોહલીને મનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે તાજેતરમાં જ એક મોટું અપડેટ સામે આવ્યું છે. કોહલીને ટેસ્ટ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની પોતાની ઈચ્છા પર પુનર્વિચાર કરવા વિનંતી કરવામાં આવી હતી, પરંતુ આ અંગે કોહલી મક્કમ છે. માહિતી પ્રમાણે BCCIએ આ બાબતે કોહલી સાથે વાત કરી હોવાનું પણ જાણવા મળ્યું છે.

### મોટા વિનાશનું કારણ બન્યું હોત ભારત-પાકિસ્તાન યુદ્ધ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સીઝફાયરને લઈને બંને દેશોની સાહસિક અને નિર્ણાયક ભૂમિકાના વખાણ કર્યા છે. સોશિયલ મડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટમાં ટ્રમ્પે આ પગલાંને ઐતિહાસિક ગણાવ્યો છે. ટ્રમ્પે કહ્યું કે, આ યુદ્ધ મોટા વિનાશનું કારણ બની શકતું હતુ અને લાખો નિર્દોષ લોકોના મોત થઈ શકતાં હતાં. મને ભારત અને પાકિસ્તાનના મજબૂત નેતૃત્વ પર ગર્વ છે. તેમણે સમયસર સમજી લીધું કે, સંઘર્ષ રોકવો જરૂરી હતો, જેનાથી લાખો નિર્દોષ લોકોનો જીવ બચાવી શકાય. આ નિર્ણય ન ફક્ત બહાદુરીભર્યો હતો પરંતુ, બંને દેશોના વારસાને વધુ ગૌરવશાળી બનાવનારો છે.

---

ભારતીય વાયુસેનાનું મોટું નિવેદન

## ઓપરેશન હજુ યથાવત છે, અમને જે ટાસ્ક મળ્યા તે અમે પૂર્ણ કર્યા

### ભારતીય વાયુસેનાએ આ નિવેદન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને દેશવાસીઓને માહિતી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય વાયુસેના (IAF)એ ઓપરેશન સિંદૂર અંગે મહત્વનું નિવેદન જાહેર કર્યું છે, જેમાં જણાવાયું છે કે આ ઓપરેશન હજુ પણ ચાલુ છે અને સેનાએ તેને સોંપાયેલા તમામ ટાસ્કને ચોકસાઈ અને વ્યાવસાયિકતા સાથે પૂર્ણ કર્યા છે. ભારતીય વાયુસેનાએ આ નિવેદન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને દેશવાસીઓને આ માહિતી આપી છે. ભારતીય વાયુસેના (IAF)એ જણાવ્યું છે કે, ઓપરેશન સિંદૂર સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરી રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને વિચાર પૂર્વક હાથ ધરવામાં આવી હતી. ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ



અંગે વિગતવાર માહિતી આગળ આપવામાં આવશે. IAF લોકોને અફવાઓથી દૂર રહેવાની અપીલ પણ કરી છે. ઓપરેશન સિંદૂરની શરૂઆત ૭ મે, ૨૦૨૫ના રોજ થઈ હતી, જે પાકિસ્તાન અને પાકિસ્તાન-અધિકૃત જમ્મુ-કાશ્મીર (PoK)માં આતંકવાદી ઠેકાણાઓ પર ભારતીય સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલી ચોક્કસ એર-સ્ટ્રાઈકનો એક ભાગ છે. આ ઓપરેશન ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. આ હુમલાને જૈશ-એ-મોહમ્મદ (JeM) અને લશ્કર-એ-તૈયબા (LeT) જેવા આતંકવાદી સંગઠનો સાથે જોડવામાં આવ્યું હતું, અને ભારતે આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કરવા માટે આ કાર્યવાહી હાથ ધરી હતી.

ઓપરેશન સિંદૂર હેઠળ, ભારતીય સેનાએ પાકિસ્તાન અને PoKમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો, જેમાં બહાવલપુર, મુરીદકે, કોટલી અને મુઝફ્ફરાબાદ જેવા સ્થળોનો સમાવેશ થાય છે. આ એર-સ્ટ્રાઈકમાં SCALP-EG ક્રૂઝ મિસાઈલ્સ, AASM HAMMER ગાઈડેડ બોમ્બ્સ અને બ્રહ્મોસ મિસાઈલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે રાફેલ ફાઈટર જેટ્સથી લોન્ચ કરવામાં આવી હતી.આપને જણાવી દઈએ કે, ઓપરેશન સિંદૂર એ પાકિસ્તાની સેના વિરુદ્ધ નહીં, પાકિસ્તાની આતંકી વિરુદ્ધ હાથ ધરવામાં આવેલું ઓપરેશન છે, આ સિઝફાયરનું ઉલ્લંઘન નથી. ઓપરેશન સિંદૂર દ્વારા ભારતીય સેનાએ પાકિસ્તાની સૈન્યને ટાર્ગેટ કર્યા નથી, પરંતુ આંતકી ઠેકાણાઓને નષ્ટ કર્યા છે. ત્યારે ભારતીય વાયુસેનાનું મોટું નિવેદન આવ્યું, જેમાં તેણે કહ્યું કે, અમે અમારું ટાસ્ક પૂર્ણ કર્યું, ઓપરેશન હજુ ચાલુ છે.

---


પુતિનના નિવેદન બાદ ઝેલેન્સ્કી પણ ખુશ

## ઝેલેન્સ્કી-વ્લાદિમીર પુતિન સાથે શાંતિ વાર્તા કરવા તૈયાર

### ૧૫ મેના રોજ તુર્કીના ઈસ્તંબુલમાં આ બેઠક યોજાઈ શકે

। (એજન્સી) મોસ્કો, તા.૧૧ ।

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કી રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે શાંતિ વાર્તા કરવા તૈયાર થયા છે. તેમણે કહ્યું કે, આ એક સકારાત્મક સંકેત છે. ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવાની દિશામાં આ એક શુભ સંકેત છે. પરંતુ શાંતિ વાર્તા પહેલાં એક પૂર્ણ અને બિનશરતી સીઝફાયર લાગુ કરવુ જરૂરી છે. કીવમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, આખી દુનિયા લાંબા સમયથી આ પળની રાહ જોઈ રહી છે. કોઈપણ યુદ્ધને વાસ્તવમાં સમાપ્ત કરવાનું પ્રથમ પગલું સીઝફાયર છે. રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિને શનિવારે મોડી રાત્રે મોસ્કોમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી સીઝફાયરનો પ્રસ્તાવ ફગાવ્યો છે. તેમણે યુક્રેન



સાથે ફરીથી નવેસરથી બેઠક શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ૧૫ મેના રોજ તુર્કીના ઈસ્તંબુલમાં આ બેઠક યોજાઈ શકે છે. પુતિને કહ્યું કે, અમે કોઈપણ શરત વિના સીધો વાર્તાલાપ કરવા તૈયાર છીએ. એક સ્થાયી અને લાંબાગાળાની શાંતિ માટે આ અત્યંત જરૂરી છે.

યુરોપિયન નેતાઓએ પણ અગાઉ રશિયા સમક્ષ ૩૦ દિવસ માટે બિનશરતી સીઝફાયર માટે માગ કરી હતી. બ્રિટન, ફ્રાન્સ, જર્મની, પોલેન્ડના નેતાઓએ શનિવારે કીવમાં ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી. રશિયા પર દબાણ વધારવા માટે નવા પ્રતિબંધો લાદવાની શક્યતાઓ પણ દર્શાવી હતી. યુરોપિયન નેતાઓની આ માગને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. યુક્રેન અને તેના સહયોગી લાંબા સમયથી કહેતાં આવ્યા છે કે, રશિયા પહેલાં પોતાની સૈન્ય ગતિવિધિઓ સંપૂર્ણપણે અટકાવે, બાદમાં અમે વાત કરવા તૈયાર થઈશું. બીજી બાજુ રશિયા સતત યુક્રેનને પોતાની શરતોનો સ્વીકાર કરવા દબાણ કરી રહ્યું છે.

---

### મોકૂફ રખાયેલી CAની પરીક્ષાનું ICAI દ્વારા નવું શેડ્યૂલ જાહેર

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને PoKમાં સ્થિત ૯ આતંકવાદી ઠેકાણાને ધ્વસ્ત કરી દીધા હતાં. ત્યારબાદ પાકિસ્તાની સેના દ્વારા ભારતના સરહદી વિસ્તારોમાં ગોળીબાર કરવામાં આવ્યો, જેનો ભારતે વળતો જવાબ આપ્યો અને ત્યારથી ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ શરૂ છે. આ તણાવને લઈને ઘણાં મહત્ત્વના નિર્ણય લેવાયા હતાં. જેમાંથી એક CAની પરીક્ષા મોકૂફ રાખવાનો પણ હતો. જોકે, હવે CA પરીક્ષાને લઈને મોટી અપડેટ સામે આવી છે. જેમાં ફાઈનલ અને ઈન્ટમીડિયેટ પરીક્ષા માટે નવી તારીખો જાહેર કરવામાં આવી છે. ICAI (ઈન્સ્ટીટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઑફ ઈન્ડિયા)એ જાહેરનામું બહાર પાડીને જાહેરાત કરી છે કે, દેશમાં સુરક્ષા સ્થિતિમાં અનુકૂળ ઘટનાક્રમોને ધ્યાને લઈ, હવે નિર્ણય લેવાયો છે.

---

બલૂચિસ્તાનમાં ૩૯ ઠેકાણે કર્યા હુમલા

## પાકિસ્તાન માટે માથાનો દુઃખાવો બન્યા બળવાખોરો

### ભારતના ઓપરેશન સિંદૂર બાદ બલુચિસ્તાન અને પીઓકેમાં પાકિસ્તાન સરકાર અને સેના સામે બળવો ઉગ્ર બનવા લાગ્યો

। ઈસ્લામાબાદ, તા.૧૧ ।

ભારતના ઓપરેશન સિંદૂર બાદ બલુચિસ્તાન અને પીઓકેમાં પાક. સરકાર અને સેના સામે બળવો ઉગ્ર બનવા લાગ્યો છે. સરહદે ભારતીય સેના પાક. સેનાને આક્રામક ફટકાર લગાવી રહી હતી ત્યારે બીજી તરફ ખૈબરમાં બળવાખોરોએ પાક.ના સુરક્ષા દળોની ચેક પોસ્ટ ઉડાવી હતી, જેમાં પાકિસ્તાની સેનાને મોટું નુકસાન થયાના અહેવાલ છે. અન્ય કેટલાક શહેરોમાં પણ આવા હુમલા થયાના અહેવાલો છે. જ્યારે બલુચિસ્તાનમાં હજારો લોકો પાક.થી મૂક્તિ માટે રસ્તા પર ઉતર્યા હતા અને પાક. સેના-સરકાર સામે ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. બલુચિસ્તાનની રાજધાની કોટામાં હજારગંજી તેમજ ફૈઝાબાદમાં પાકિસ્તાની સેનાની ચોકીઓને બળવાખોરોએ ગ્રેનેડ



હુમલાથી ઉડાવી દીધી હતી. જ્યારે પંજગુરના વાશબોદ વિસ્તારમાં ચીન-પાકિસ્તાનના બિઝનેસ કોરિડોરના હાઈવેને બળવાખોરોએ જામ કરી દીધો હતો. હથિયારધારી બળવાખોરોએ હાઈવે બંધ કરીને પાક. પોલીસના વાહનોને નિશાન બનાવ્યા હતા. બે પોલીસ વાહનોને જપ્ત કરી લીધા હતા. આ વાહનોમાં જે હથિયારો હતા તેને જપ્ત કરી લીધા હતા. જ્યારે બોનિસ્તાન વિસ્તારની એક ચેકપોસ્ટ પર બળવાખોરોએ કબજો કરી લીધો હતો. તાજેતરમાં જ હૌશાબ જિલ્લામાં એક મોટો સશસ્ત્ર બળવો થયો હતો, જેમાં બળવાખોરોએ સમગ્ર વિસ્તારનું નિયંત્રણ પોતાના હાથમાં લઈ લીધુ હતું. એનએડીઆર કાર્યાલય અને લેવિજ સ્ટેશનને સળગાવી દીધુ હતું. આ ઉપરાંત એમ૮ પાક.-ચીન બિઝનેસ કોરિડોર હાઈવે પર નાકાબંધી શરૂ કરી દીધી હતી અને ૧૦ બહારના લોકોને બંધક બનાવી લીધા હતા. બલુચિસ્તાન લિબરેશન આર્મીએ પાક.માં ૩૯ સ્થળોએ હુમલા કર્યા હતા. બલુચિસ્તાન લિબરેશન આર્મીના પ્રવક્તા ઝિયાંદ બલોચ દ્વારા જારી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમે કુલ ૩૯ સ્થળોએ હુમલા કર્યા છે. જ્યારે બલુચિસ્તાનના પત્રકાર મિર યાર બલોચે સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કર્યો હતો જેમાં હજારો બલુચિસ્તાનીઓ રસ્તા પર દેખાયા હતા, આ લોકોએ અલગ બલુચિસ્તાન દેશની સ્થાપનાની માગણી સાથે રેલી કાઢી હતી.

---

### રડી પડ્યા હતા PSL રમવા ગયેલા વિદેશી ખેલાડીઓ

। (એજન્સી) દુબઈ, તા.૧૧ ।

ભારત સાથે વધતા તણાવ વચ્ચે અઠમી મેના રોજ પાકિસ્તાનમાં રમાઈ રહેલી પાકિસ્તાન સુપર લીગ (PSL) પીએસએલને સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ દરમિયાન દરેક લોકો પાકિસ્તાનમાં હાજર વિદેશી ખેલાડીઓની સુરક્ષા અંગે ચિંતિત હતા. તે ખેલાડીઓના મનમાં શું ચાલી રહ્યું હતું અને તે દરમિયાન શું બન્યું? આ અંગે PSL 2025 માં લાહોર કલંદર્સ તરફથી રમનાર બાંગ્લાદેશી ખેલાડી રિશાદ હુસૈને એક મોટો ઘટસ્ફોટ કર્યો છે. દુબઈ પહોંચ્યા પછી પત્રકારો સાથે વાત કરતા રિશાદ હુસૈને કહ્યું કે, ટીમના અન્ય વિદેશી ખેલાડીઓ જેમ કે સેમ બિલિંગ્સ, ડેરિલ મિશેલ, કુસલ પરેરા, ડેવિડ વીઝ, ટોમ કુરન ખૂબ ડરી ગયા હતા. દુબઈ ઉતર્યા પછી, ડેરિલ મિશેલે કહ્યું હતું કે, હવે હું ક્યારેય પાકિસ્તાન નહીં જાઉં. ખાસ કરીને આવી પરિસ્થિતિમાં. એકંદરે બધા ડરી ગયા હતા. બધાં વિદેશી ખેલાડીઓ કેટલા ડરી ગયા હતા આ વાત પર ભાર મૂકતા રિશાદ હુસૈને કહ્યું કે, ટોમ કરન એરપોર્ટ ગયો.

---

રાહુલ ગાંધીએ મોદીને પત્ર લખીને કરી મોટી માંગ

## ઓપરેશન સિંદૂર અને યુદ્ધવિરામ અંગે તાત્કાલિક સંસદનું ખાસ સત્ર બોલાવવું જોઈએ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પાસેથી મોટી માંગણી કરી છે. તેમણે પીએમ મોદીને પત્ર લખીને અપીલ કરી છે કે સરકારે પહેલગામ હુમલા, ઓપરેશન સિંદૂર અને યુદ્ધવિરામ અંગે તાત્કાલિક સંસદનું ખાસ સત્ર બોલાવવું જોઈએ.

રાહુલ ગાંધીએ લખ્યું, "હું વિપક્ષની સર્વસંમતિથી અપીલને પુનરાવર્તિત કરું છું કે સંસદનું ખાસ સત્ર તાત્કાલિક બોલાવવામાં આવે. લોકો અને તેમના પ્રતિનિધિઓ માટે પહેલગામ આતંકવાદી હુમલો, ઓપરેશન સિંદૂર અને યુદ્ધવિરામની ચર્ચા કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, જેની જાહેરાત સૌપ્રથમ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી. આ આગળના પડકારોનો સામનો કરવા માટે આપણા સામૂહિક સંકલ્પને દર્શાવવાની પણ તક હશે."



રાહુલ ગાંધીએ પીએમ મોદીને કહ્યું, "મને ખાતરી છે કે તમે આ માંગણી પર ગંભીરતાથી વિચાર કરશો અને ટૂંક સમયમાં તેના પર પહેલ કરશો." મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીને પત્ર પણ લખ્યો છે. તેમણે પીએમ મોદીને કહ્યું, "તમને યાદ હશે કે ૨૮ એપ્રિલ ૨૦૨૫ ના રોજ, લોકસભા અને રાજ્યસભાના વિપક્ષી નેતાઓએ સાથે મળીને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને સંસદનું ખાસ સત્ર બોલાવવા માટે તમને અપીલ કરી હતી. હવે જ્યારે ઓપરેશન સિંદૂર અને યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે તમામ વિપક્ષી પક્ષોએ સર્વાનુમતે ફરીથી સંસદનું ખાસ સત્ર બોલાવવાની વિનંતી કરી છે. રાજ્યસભામાં વિપક્ષી નેતા તરીકે, હું તમને આ અપીલ પહોંચાડી રહ્યો છું."

## પીરાણા નજીક આવેલા ગણેશનગર ખાતે વસાહતમા પીવાના પાણીના ફાંફા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

નલ સે જલ' અને દેશના આર્થિક વિકાસના ગ્રોથ એન્જિન ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદમાં સરકાર અને સ્થાનિક તંત્ર પ્રજા સુધી પીવાનું પાણી પણ પહોંચાડી શકતી નથી. આઝાદીના સમયમાં નહીં પણ ઔદ્યોગિક રીતે સૌથી સમૃદ્ધ ગુજરાતમાં આ સ્થિતિ વિકાસની વાતોને પોકળ પુરવાર કરી રહી છે. સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરવા રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ શરૂ કરાયો હતો. વર્ષ-૨૦૦૧ પછી પ્રોજેકટની કામગીરી માટે નદી કાંઠા ઉપર ઝૂંપડા બાંધી રહેતા લોકોને પીરાણા નજીક આવેલા ગણેશનગર ખાતે વસાહતમાં આવાસની ફાળવણી કરાઈ હતી. હાલમાં આ સ્થળે ૧૫૦૦થી વધુ લોકો રહે છે. જેમને પીવાના પાણી મેળવવાના પણ ફાંફા છે. લાંબા સમયથી આ લોકોને પીવાનુ પાણી પુરું પાડતો બોર બંધ પડતા ટેક્રરથી પાણી આપવામાં આવે છે. લાભના કામ કવોટેશનથી આપતા મ્યુનિ.તંત્રના અધિકારીઓ અને સત્તાધીશો આ રહેવાસીઓ માટે નવો બોર બનાવવા હજુ સુધી મંજૂરી આપી શકયા નથી. પીરાણા નજીક ગણેશનગર ખાતે એક સમયે અંદાજે ૧૭૦ લોકોને આવાસ ફળવાયા હતા. સમય જતા આ સ્થળે મ્યુનિસિપલ તંત્રની રહેમનજર હેઠળ મોટી સંખ્યામાં ગેરકાયદે બાંધકામ થઈ ગયા છે. નલ સે જલ જેવી યોજના થકી દરેક ઘરમાં પાણી પહોંચાડવાની ગુલબાંગ હાંકતા મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોને ગણેશનગર જેવી વસાહતમાં રહેતા લોકોને પીવાનું પાણી મળી રહે એ બાબતમાં કોઈ રસ દેખાતો નથી તેથી ટેક્રરથી પાણી પુરૂ પડાઈ રહયુ છે.

## ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષામાં વધારો

। (એજન્સી) નર્મદા, તા.૧૧ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ભરી સ્થિતિમાં સરદાર સરોવર નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુરક્ષામાં વધારો કરાયો છે. સરદાર સરોવર નર્મદા નિગમના એમડી તેમજ એસઆરપીએફના સેનાપતિ અને જિલ્લાના પોલીસ અધિકારીઓ વચ્ચે તાત્કાલિક મીટીંગ કરાઈ હતી. જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આંતકવાદીઓએ નિર્દોષ ભારતીય પ્રવાસીઓને મારી નાખ્યા હતા. ત્યારબાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ભરી સ્થિતિ છે. ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ અનેક પાકિસ્તાનના આંતકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે અને આંતકીઓના અડ્ડા ઉપર હુમલા કર્યા છે. પાકિસ્તાનને ભારતે છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દીધું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભારતીય સેના પાકિસ્તાનની શાન ઠેકાણે લાવી દીધી છે.

### સતત છઠ્ઠા દિવસે માવઠું થતાં ખેડૂતોની મુશ્કેલી વધી

# ગુજરાતમાં કેટલાક દિવસોથી ગાજવીજ સાથે કમોસમી વરસાદ થઈ રહ્યો છે

। (એજન્સી) અમરેલી, તા.૧૧ ।

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ગાજવીજ સાથે કમોસમી વરસાદ થઈ રહ્યો છે, ત્યારે રવિવારે (૧૧ મે, ૨૦૨૫) પોરબંદર, દ્વારકા, અમરેલી સહિતના વિસ્તારોમાં માવઠું થયું છે. હવામાન વિભાગે આગામી ૧૩ મે, ૨૦૨૫ સુધી ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

જ્યારે રાજ્યમાં ૧૦ મેના ૬ વાગ્યાથી ૧૧ મેના ૬ વાગ્યાના ૨૪ કલાક દરમિયાન કુલ ૪૪ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો છે. અમરેલી પંથકમાં કમોસમી વરસાદને પગલે ખેડૂતોના પાક પર પાણી ફરી વળ્યા છે, ત્યારે ભરઉનાળે માવઠું થતાં ખેડૂતોની ચિંતા વધી છે.

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે, ત્યારે અમરેલી જિલ્લામાં અનેક વિસ્તારોમાં સતત છઠ્ઠા દિવસે કમોસમી વરસાદ થયો છે. જેમાં સાવરકુંડલા શહેર અને આસપાસના વિસ્તારો, બગસરા પંથકમાં સાપર, સુડાવડ ગામ, વડેરા, નાના ભંડારીયા, ચલાલા શહેર સહીત આસપાસના ગ્રામ્ય વિસ્તારો, સાવરકુંડલા શહેર, લાઠી સહિતના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ થતાં ખેડૂતોના ઉનાળુ પાકને નુકસાન થયુ હોવાથી મુશ્કેલીમાં મુકાયા છે.

અમરેલી પંથકમાં ભારે કમોસમી વરસાદને પગલે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. ભરઉનાળે વરસાદ થતાં ખેડૂતાના પાક પર પાણી ફરી વળ્યા હતા. જ્યારે કેટલાક ખેતરોમાં પાણી ભરાયા હોવાનું સામે આવ્યું છે. રાજ્યમાં ૧૦ મેના ૬ વાગ્યાથી ૧૧ મેના ૬ વાગ્યાના ૨૪ કલાક દરમિયાન કુલ ૪૪ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો. પોરબંદરના કુતિયાણામાં શનિવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ૩.૭૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે રાજકોટના જામકંડોરણામાં ૩.૧૧ ઈંચ, ધોરાજીમાં ૨.૭૬ ઈંચ, જેતપુરમાં ૨.૨૪ ઈંચ, ઉપલેટમાં ૧.૭૩ ઈંચ, જૂનાગઢના માણવદરમાં ૨.૩૨ ઈંચ, સાબરકાંઠાના ઈડરમાં ૨.૨૪ ઈંચ, અમરેલીના સાવરકુંડલામાં ૧.૧૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. દિવસભર ઉકળાટ વચ્ચે દાંતા તાલુકામાં વરસાદ વરસતા ઠંડક પ્રસરી છે. દાંતા, હડાદ અને મંડાલીમાં વાવાઝોડા સાથે વરસાદ થયો છે. જ્યારે કચ્છમાં ભારે વરસાદ પડ્યો છે. અંજાર, મુંદ્રા અને ભુજના ગ્રામ્ય વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે ૧૨ મેના રોજ રાજ્યના કચ્છ અને પાટણ સિવાયના તમામ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી છે.

### અમદાવાદમાં બેફામ કાર હંકારી હતી

# ૯ લોકોનો ભોગ લેનારા તથ્ય પટેલને કોર્ટે આપ્યા હંગામી જામીન

### તથ્ય પટેલને હાઈકોર્ટે ૭ દિવસના હંગામી જામીન આપ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।



અમદવાદના અત્યંત ચકચારી અને કમકમાટીભર્યા ઈસ્કોન બ્રિજ અકસ્માતકાંડના આરોપી તથ્ય પટેલને હાઈકોર્ટે હંગામી જામીન આપ્યા છે. હાઈકોર્ટે તથ્યના સાત દિવસના હંગામી જામીન મંજૂર કર્યા છે. જામીન દરમિયાન તથ્ય સાથે એક હેડ કોન્સ્ટેબલ અને બે કોન્સ્ટેબલ રહેસે. તથ્ય પટેલે તેના માતાની બીમારીનું કારણ ધરીને જામીન માટે અરજી કરી હતી. અગાઉ અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટે તથ્ય પટેલના જામીન ફગાવ્યા હતા. આ અગાઉ અકસ્માત કર્યાના ૧૩ મહિના બાદ અમદાવાદની ગ્રામ્ય કોર્ટે તથ્યને માત્ર ૧ દિવસના પોલીસ જાપ્તા સાથે જામીન મંજૂર કર્યા હતા. દાદાની મરણક્રિયા માટે તથ્યએ જામીન માગ્યા હતા, જે કોર્ટે ગ્રાહ્ય રાખ્યા હતા. હાલ ૯ લોકોના ભોગ લેનારા આ નબીરાને હાલ કેસમાંથી મુક્તિ જોઈએ છે, જેના માટે તથ્યએ હાઈકોર્ટમાં કેસમાંથી મુક્તિ મેળવવા અરજી પણ કરી છે.

આપને જણાવી દઈએ કે આ માલેતુજાર બાપના ફરજંદે ૧૯ જૂલાઈ ૨૦૨૩ની રાત્રે બેફામ સ્પીડે જેગુઆર કાર ચલાવી ૯ લોકોને ઘટના સ્થળે જ રહેંસી નાખ્યા હતા અને ૨૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સમયે તથ્યની કારની સ્પીડ ૧૫૦થી પણ વધુ હોવાનુ સામે આવ્યુ હતુ. એ સમયે અગાઉથી જ એક થાર ગાડીનો અકસ્માત થયેલો હતો અને લોકો ત્યાં ટોળે વળેલા હતા, એજ સમયે અચાનક બેફામ સ્પીડે તથ્યની જેગુઆર આવી અને અનેક લોકોને તેની સાથે ફંગોળતી ગઈ હતી. રાત્રિના સમયે સમગ્ર હાઈવે મરણચીસોથી ગૂંજી ઉઠ્યો હતો. અકસ્માત બાદની તપાસમાં તથ્ય ડ્રિંક કરીને કાર ચલાવતો હોવાનું પણ સામે આવ્યું હતું. માત્ર આ એક અકસ્માત નહીં એ અગાઉ પણ તથ્ય સિંધુ ભવન રોડ પર અકસ્માત સર્જી ચુક્યો હતો. બેફામ ગાડી હંકારવાના શોખીન આ નબીરાના કારણે ૯ લોકોએ તેમની જિંદગીથી હાથ ધોવા પડ્યા હતા. ત્યારે આ ગુનાની ગંભીરતાને જોતા યેનકેન કારણોથી અનેક જામીન અરજી કરવા છતા તથ્યને જામીન આપવામાં આવ્યા ન હતા. જે બાદ પહેલીવાર તથ્ય પોલીસ જાપ્તા સાથે ૭ દિવસ માટે જેલની બહાર આવશે.

# નર્મદા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પાંચ તાલુકાઓમાં ૨૦-૨૦ ઈ રીક્ષા અપાઈ

। (એજન્સી) નર્મદા, તા.૧૧ ।

નર્મદા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પાંચ તાલુકાઓમાં ૨૦-૨૦ ઈ રીક્ષા અપાઈ છે. જેનો ખુદ ભાજપ સરકારના સાંસદ મનસુખ વસાવાએ વિરોધ કર્યો છે. આ ઉપરાંત આપ ધારાસભ્ય ચૈતર વસાવા પણ વિરોધ કર્યો છે. બંને નેતાઓ ઈ રીક્ષાના વિતરણ કર્યા વગર પરત ગયા હતા.

દેડીયાપાડા તાલુકાના ૨૦ જેટલા ગામોને સ્વછતા માટે ઈ રીક્ષા વિતરણ કાર્યક્રમ ભાજપ ના સાંસદ મનસુખ વસાવા અને ડેડીયાપાડાના આપ ધારાસભ્ય ચૈતર વસાવા સહિત તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવા હાજર રહ્યા હતા. પરંતુ આ ઈ રીક્ષાના વિતરણ કાર્યક્રમ નો મોટાપાયે વિરોધ કર્યા હતો. ઈ રીક્ષાના વિતરણ કાર્યક્રમનો વિરોધ આપ ધારાસભ્ય ચૈતર વસાવાએ કહ્યું કે, 'આ ઈ રીક્ષા કે જે એક વર્ષ પણ ન ચાલે અને જેનું ૩,૧૦,૦૦૦નું બીલ મૂકી એજન્સી અને અધિકારીઓએ મલાઈ ખાઈને ઓડકાર લઈ લીધો છે. આ ભ્રષ્ટાચારનું અમારા હાથે વિતરણ કરીએ તો આવતી કાલે અમે હસીને પાત્ર બનીએ એના કરતા આ વિતરણ અમે નહીં કરીએ.' આ ઉપરાંત રીક્ષા લેવાની સરપંચો એ લેવાનો ના પાડતા મામલો ગરમાયો અને તંત્ર દ્વારા આ કાર્યક્રમ મોકૂફ રાખવો પડ્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે, 'સ્વચ્છભારત મિશન અંતર્ગત જિલ્લા ગ્રામવિકાસ એજન્સી દ્વારા આ યોજના હેઠળ ખરીદી થઈ છે. સામાન્ય રીતે જોઈએ તો ૧થી ૧.૫૦ લાખ રૂપિયામાં ઈ રીક્ષા આવે પણ એજન્સી ૩,૧૦ લાખનું બિલ મૂકતા સીધા એક લાખથી વધુ કમાઈ રહ્યા છે. જે ખોટું છે. આદિવાસીઓ ના નામે ૨૦૮ ૫ ૧૦૦ ઈ રીક્ષા આપવામાં આવી છે. જેની કિંમત ૩,૧૦ કરોડ થાય એટલે આ નાની યોજનામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર છે. હાલ તો આ ઈ રીક્ષાનું વિતરણમાં એક તરફ ભાજપના નાંદોદના ધારાસભ્ય વિતરણ કરે છે.' બીજી બાજુ ભાજપના સાંસદ મનસુખ વસાવા વિરોધ કરે છે ત્યારે હવે આ એજન્સી પર શુ કાર્યવાહી થાય છે એ જોવું રહ્યું છે.

### વ્યાજખોરોનો ત્રાસ યથાવત

## વધુ રકમની માંગણી કરી પરેશાન કરતા ૪ વ્યાજખોર વિરુદ્ધ વેપારીની ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

શહેરના શાકભાજી અને ફ્રુટના વેપારીએ વડીલોપાર્જીત જમીન છોડાવવા રૂ. ૨.૭૯ કરોડની રકમ વ્યાજે લીધા બાદ રૂ. ૨.૯૧ કરોડની રકમ પરત ચૂકવવા છતાં વધુ રકમની માંગણી કરી પરેશાન કરતા ૪ વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. શહેરના ગોત્રી સેવાસી વિસ્તારમાં રહેતો વિવેક માઈન સેવાસી ટીપી ૧ ખાતે ફ્રુટ અને શાકભાજીનો વેપાર કરે છે. તેણે ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ ૨૦૨૪ -૨૫માં મહારાષ્ટ્રની વડીલોપાર્જીત જમીન છોડાવવા નાણાની જરૂરિયાત ઉદ્ભવતા વ્યાજે રકમ લીધી હતી. જેમાં દશરથ જેસિંગ ભરવાડ (રહે -વારસિયા) પાસેથી રૂ.૨૪ લાખ જેટલી રકમ વ્યાજે લીધા બાદ વ્યાજ સહિત રૂ.૬૩.૭૯ લાખ રકમ ચૂકવી છે.

### આ હુમલો નથી પરંતુ આતંકવાદને નાશ કરવાનો પ્રયોગ

# મોરારી બાપુએ પીએમ મોદી અને ભારતીય સેનાને અભિનંદન આપ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

દેશમાં હાલ જે સ્થિતિ છે તેને લઈને મોરારી બાપુએ પ્રધાનમંત્રી અને ભારતીય સેનાને અભિનંદન આપ્યા અને કહ્યું - આ કોઈ હુમલો નથી, પરંતુ આતંકવાદનો નાશ કરવાનો પ્રયોગ છે. પ્રખ્યાત આધ્યાત્મિક ગુરુ અને રામકથા કથાકાર મોરારી બાપુએ ઉત્તરાખંડના નંદપ્રયાગમાં ચાલી રહેલી રામકથાની શરૂઆતમાં ભારતીય સેના દ્વારા પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર કરવામાં આવેલા સચોટ હુમલા પર પ્રતિક્રિયા આપી. મોરારી બાપુએ કહ્યું કે ભારત દ્વારા આતંકવાદ અને તેના સમર્થકોનો નાશ કરવા માટે લેવામાં આવેલી કાર્યવાહી તમામ જીવો - સર્વભૂતા હિતાય, સર્વભૂતા સુખાય અને સર્વભૂતા પ્રીતાય - ના કલ્યાણ, સુખ અને પ્રેમ માટે કરવામાં આવી છે અને આ માટે તેઓ રાષ્ટ્રીય નેતૃત્વને સલામ કરે છે. બાપુએ કહ્યું, "હું હુમલો શબ્દનો ઉપયોગ નહીં કરું. આ એક પ્રયોગ છે. દેશ, સમય અને ચારિત્ર્યને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલું સમજદારીભર્યું પગલું. આ પ્રયોગ માટે આપણા બહાદુર, ધીરજવાન અને ગંભીર વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ ખૂબ અભિનંદન. આ સાથે, એક સાધુ તરીકે, હું સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, સમગ્ર કેન્દ્રીય મંત્રીમંડળ અને સેનાની ત્રણેય પાંખો - સેના, વાયુસેના અને નૌકાદળને શુભકામનાઓ પાઠવું છું." બાપુએ સ્પષ્ટતા કરી કે આ પગલું કોઈ દેશ કે સેના વિરુદ્ધ નથી, પરંતુ ફક્ત આતંકવાદ અને તેના નેતાઓ વિરુદ્ધ છે. તેમણે કહ્યું, "આપણા રાષ્ટ્રીય નાયકોએ ગંભીરતાથી વિચાર્યું અને પછી એક સાહસિક નિર્ણય લીધો. હું મંચ પરથી આ ગંભીરતા, બહાદુરી અને ધીરજને સલામ કરું છું." બાપુએ રામકથાના શ્રોતાઓને કહ્યું કે આ પ્રસંગ સુખ અને દુ:ખની પાર છે, અને આ અનુભૂતિને આનંદ કહેવાય છે.

### અમદાવાદ સિવિલ હોસ્પિટલની નવીન પહેલ

# ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે ડાયટિશીયન OPD નો પ્રારંભ

### નિષ્ણાત ડાયેટીશિયન દ્વારા યોગ્ય આહારની માર્ગદર્શિકા, પોષણ કાઉન્સેલિંગ અને વ્યક્તિગત ડાયટ પ્લાન આપવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દેશમાંથી મેદસ્વિતા ઘટાડવાના સંકલ્પને સાર્થક કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજયમાં આદરેલા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા નવીન પહેલ હાથ ધરવામાં આવી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની સૂચનાને પગલે અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં "Dietician OPD" (રૂમ નં. G-025) શરૂ કરવામાં આવી છે. જે દરરોજ સવારે ૯:૦૦થી ૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ સુધી કાર્યરત રહેશે. આ OPDમાં મેદસ્વિતા ઘટાડવાના આશય સાથે, NCD ધરાવતા દર્દીઓ, કુપોષિત બાળક તથા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને નિષ્ણાત ડાયેટીશિયન દ્વારા યોગ્ય આહારની માર્ગદર્શિકા, પોષણ કાઉન્સેલિંગ અને વ્યક્તિગત ડાયટ પ્લાન આપવામાં આવશે. BMI(Body Mass Index) ઘટાડવા સંદર્ભે પણ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ સેવા દર્દીઓને તેમના આરોગ્યને સુધારવામાં, ઊર્જા વધારવામાં અને સમતુલિત જીવનશૈલી તરફ માર્ગદર્શન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અત્રે નોંધનીય છે કે, ગુજરાત રાજ્ય Non-Communicable Diseases (NCDs) જેવી કે ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ અને સ્થૂળતા સામે જાગૃતિ અને યોગ્ય પોષણ માર્ગદર્શન માટે મેદસ્વિતામુકત ગુજરાત અભિયાન અમલમાં છે.

### એક્સ્પો શરૂ થયાના પાંચ દિવસ સુધી દરરોજ સરેરાશ ૧૧,૦૦૦ મુલાકાતીઓએ ભારત પેવેલિયન ખાતેના ગુજરાત ઝોનની મુલાકાત લીધી

# જાપાનના ઓસાકા ખાતે ૪ થી ૧૭ મે, ૨૦૨૫ સુધી આયોજિત વર્લ્ડ એક્સ્પો ૨૦૨૫માં બનાવવામાં આવેલા ભારત પેવેલિયનમાં ગુજરાતનો દબદબો

। અમદાવાદ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે સતત વિકાસની આગેકૂચ કરી છે, અને વિશ્વ ફલક પર એક વિકસિત રાજ્ય તરીકે પોતાની મજબૂત છબિનું નિર્માણ કર્યું છે. ગુજરાતના ઈતિહાસ અને તેની સંસ્કૃતિ પ્રત્યે વિશ્વભરના લોકોમાં આકર્ષણ છે અને જાપાનના ઓસાકામાં યોજાયેલા વર્લ્ડ એક્સ્પો ૨૦૨૫માં ગુજરાતની સંસ્કૃતિને જોવા માટે વિશ્વભરના મુલાકાતીઓ ઉમટી પડ્યા છે.

ઉલ્લેખનીય છે કે, જાપાનના ઓસાકા ખાતે ૪ મે થી ૧૭ મે, ૨૦૨૫ દરમિયાન વર્લ્ડ એક્સ્પો ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. એક ઝીણવટભરી વિચારપ્રક્રિયા તેમજ સર્જનાત્મક અને સાંસ્કૃતિ અભિગમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે આ એક્સ્પોમાં વિશ્વ સમક્ષ પોતાના વેપાર, સંસ્કૃતિ અને પ્રવાસનનું પ્રતિનિધિત્વ કરવા માટે એક પ્રતિનિધિમંડળ મોકલ્યું છે, જેનું નેતૃત્વ ઈન્ડેક્સ-બી (iNDEXTb) દ્વારા કરવામાં આવી રહ્યું છે.

વર્લ્ડ એક્સ્પોમાં નિર્મિત ભારત પેવેલિયનમાં ગુજરાત ઝોનનો દબદબો જોવા મળી રહ્યો છે. ૪ મેથી શરૂ થયેલ આ એક્સ્પોમાં સતત પાંચ દિવસ સુધી એટલે કે ૮ મે, ૨૦૨૫ સુધી દરરોજ સરેરાશ ૧૧,૦૦૦ મુલાકાતીઓએ ભારત પેવેલિયન સ્થિત ગુજરાત ઝોનની મુલાકાત લીધી છે.

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ અગ્ર સચિવ સુશ્રી મમતા વર્મા (IAS)એ જણાવ્યું કે, "આટલા મોટા પ્લેટફોર્મ પર અમે વિઝન ૨૦૪૭ની તર્જ પર આધુનિક, શહેરીકૃત અને ટેકસેવી ગુજરાત પ્રદર્શિત કર્યું છે. અમે જાપાન અને વિશ્વભરના મુલાકાતીઓના હૃદયને સ્પર્શી જાય તેવી મોટી અસર ઉભી કરવા માટે પ્રદર્શન સાથે અમારી સંસ્કૃતિનું સંમિશ્રણ કર્યું છે."

ઉદ્યોગ કમિશનર અને iNDEXTb ના ચેરમેન શ્રી સ્વરૂપ પી. (IAS)એ જણાવ્યું હતું કે, "મને એ જોઈને ખૂબ આનંદ થાય છે કે ટેક્નોલોજી અને સંસ્કૃતિએ વૈશ્વિક પ્રેક્ષકોમાં ભારત માટે મહત્વપૂર્ણ યોગદાન આપનાર રાજ્ય તરીકે ગુજરાતની આધુનિક અને પ્રગતિશીલ છબિનું નિર્માણ કર્યું છે. હું અમારા ભાગીદારો, DPIIT, ITPO અને CGI,



ઓસાકાનો તેમના સહકાર બદલ ખૂબ આભાર માનું છું."

વિશ્વભરના પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવાની લાક્ષણિકતા ધરાવે છે ગુજરાત ઝોન

ગુજરાત રાજ્યના પ્રતિનિધિત્વમાં વિશ્વભરના પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવા માટેની લાક્ષણિકતાઓ છે. ભારત પેવેલિયનમાં જે ગુજરાત ઝોન ઊભો કરવામાં આવ્યો છે, તેમાં ગુજરાત સંબંધિત વિવિધ વિશેષતાઓને રજૂ કરવામાં આવી છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

૧.ગુજરાતના સમૃદ્ધ ઈતિહાસ અને જાપાન સાથેના તેના સંબંધોને રજૂ કરતી કલાકૃતિઓ અને પુસ્તકો, જેમાં જાપાની ભાષામાં શ્રીમદ ભગવદ્ ગીતાનો સમાવેશ થાય છે.

૨.ગુજરાતના પ્રવાસન, સંસ્કૃતિ અને પરંપરાગત વસ્ત્ર-પરિધાનનો વાસ્તવિક અનુભવ કરાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વર્ચ્યુઅલ રિયાલિટીનો અનુભવ

૩. એક ઊઈ કોડ સક્ષમ 3D મોડેલ, જે ગુજરાતના વિકાસને એક એવા રાજ્ય તરીકે પ્રદર્શિત કરે છે, જે પવન ઊર્જા, સેમિકન્ડક્ટર, સ્માર્ટ શહેરો, અત્યાધુનિક માળખાગત સુવિધાઓ અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં વધુ સારા વિશ્વનું નિર્માણ તેમજ રાષ્ટ્રનું નિર્માણ કરી રહ્યું છે

૪.ગુજરાતના પરંપરાગત લોકનૃત્યો અને સમૃદ્ધ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરવા માટે એક કલ્ચરલ ટ્રૂપ એટલે કે સાંસ્કૃતિક મંડળ

૫.ગુજરાતમાં વેપાર સમુદાયો અને પ્રવાસીઓને આમંત્રિત કરવાના હેતુથી રાજ્યના પ્રવાસન, વેપાર અને રોકાણ અંગેની ફિલ્મો

પાંચ દિવસ સુધી દરરોજ સરેરાશ ૧૧,૦૦૦ લોકોએ લીધી ગુજરાત ઝોનની મુલાકાત

વર્લ્ડ એક્સ્પો ૨૦૨૫માં ગુજરાત ઝોનનું આકર્ષણ મુલાકાતીઓમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યું છે. તેની પુષ્ટિ એ બાબત પરથી થાય છે કે ૪ મેથી શરૂ થયેલા આ એક્સ્પોમાં સતત પાંચ દિવસ સુધી, એટલે કે ૮ મે, ૨૦૨૫ સુધી ભારત પેવેલિયન ખાતેના ગુજરાત ઝોનની દરરોજ સરેરાશ ૧૧,૦૦૦ લોકોએ મુલાકાત લીધી હતી. આ મુલાકાતીઓમાં અન્ય પ્રદર્શનકારી દેશોના લોકો તેમજ જાપાનના સ્થાનિક રહેવાસીઓનો સમાવેશ થાય છે. કેટલાક ઉચ્ચ સ્તરીય મહાનુભાવો અને લોકપ્રિય હસ્તીઓએ પણ ગુજરાત ઝોનની મુલાકાત લીધી છે અને જાપાનના મીડિયાએ ગુજરાત ઝોન અને ભારત પેવેલિયનને કવર કર્યું છે.

ગુજરાતના કલાકારોના સાંસ્કૃતિક કાર્યક્રમોના શૉ હાઉસફુલ, AI ફોટો બૂથ પર લોકોની લાંબી લાઈન

મુલાકાતીઓમાં ગુજરાતના સાંસ્કૃતિક કાર્યક્રમોને નિહાળવાનું તેમજ ગુજરાતના નૃત્ય કલાકારો સાથે ફોટો પડાવવા માટેનું આકર્ષણ સૌથી વધુ જોવા મળ્યું છે. ત્યારબાદના આકર્ષણોમાં AI ફોટો બૂથ અને ફઈ પ્રવાસન આધારિત અનુભવોનો સમાવેશ થાય છે. નૃત્ય કલાકારોના તમામ શૉ અને વર્કશોપ્સ અત્યારસુધી હાઉસફુલ રહ્યા છે અને સાંજે તેમાં લોકોની ભીડ ઉમટી પડે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ન્યૂઝ બ્રિફ

## ભારતીય સેનાએ LoC પર ૪૦ પાકિસ્તાની સૈનિકોને કર્યા ઠાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતના ઓપરેશન સિંદૂરનો ઉદ્દેશ્ય પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવાનો હતો અને ભારતે આ કાર્યમાં મોટી સફળતા મેળવી છે. ત્રણેય સેનાના મહાનિર્દેશકોએ રવિવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને ઓપરેશન વિશે વિગતવાર માહિતી આપી હતી. ડીજીએમઓ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા અને ૧૦૦ થી વધુ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આમાં કંદહાર હાઈજેક અને પુલવામા હુમલામાં સંડોવાયેલા યુસુફ અઝહર, અબ્દુલ મલિક અને મુદાસિર અહેમદ જેવા આતંકવાદીઓનો પણ સમાવેશ થાય છે. ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે ભારતે સરહદ પારથી પાકિસ્તાની ગોળીબારનો જોરદાર જવાબ આપ્યો છે. આ કાર્યવાહીનો બદલો લેવા માટે, ભારતીય સેનાએ નિયંત્રણ રેખા પર ૩૦-૪૦ પાકિસ્તાની સૈન્ય સૈનિકો અને અધિકારીઓને મારી નાખ્યા. તેમણે કહ્યું કે પાકિસ્તાને ભારતના વળતા હુમલાથી બચવા માટે નાગરિક વિમાનોનો ઉપયોગ ઢાલ તરીકે કર્યો હતો, પરંતુ અમે કોઈપણ નાગરિક વિમાનને નિશાન બનાવ્યું ન હતું અને પાકિસ્તાનમાં લશ્કરી ઠેકાણાઓને પણ નુકસાન પહોંચાડ્યું હતું. સેનાએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર દ્વારા બહાવલપુર અને મુરીદકેમાં આતંકવાદીઓના મહત્વપૂર્ણ ઠેકાણાઓને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા, જેના કારણે ભારે નુકસાન થયું હતું. તેમણે કહ્યું કે પાકિસ્તાને નાના ડ્રોન અને યુએવી દ્વારા આપણા લશ્કરી ઠેકાણાઓ અને હવાઈ પટ્ટીઓને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ આપણી હવાઈ સંરક્ષણ પ્રણાલીએ દરેક હુમલાને નિષ્ફળ બનાવ્યો છે.

### સિઝફાયરને પર જેડી વાન્સને મોદીએ કહી સ્પષ્ટ વાત

# પાકિસ્તાનની ગોળીનો જવાબ ગોળાથી અપાશે

### "ત્યાંથી ગોળી ચાલશે તો અહીંથી ગોળા ચાલશે" આ સંદેશ પાકિસ્તાનને સ્પષ્ટ કરે છે કે કોઈપણ આક્રમકતા સહન નહીં કરાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

પહલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન પર ઓપરેશન સિંદૂર દ્વારા આકરી કાર્યવાહી કરી હતી, જેમાં ૯ આતંકી ઠેકાણાને ધ્વસ્ત કરી નાખવામાં આવ્યા હતા. પાકિસ્તાનના ઘણાં એરબેઝને પણ નુકસાન પહોંચાડ્યું. સૂત્રો અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આર્મીને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, જો પાકિસ્તાન તરફથી ગોળી ચાલશે તો ભારત ગોળા ચલાવશે. ઉચ્ચ સરકારી સૂત્રો અનુસાર, ઓપરેશન સિંદૂર હજુ પૂર્ણ થયું નથી અને જો પાકિસ્તાન હુમલો કરશે તો ભારત જવાબી કાર્યવાહી કરશે.



ઉચ્ચ સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે - "ત્યાંથી ગોળી ચાલશે તો અહીંથી ગોળા ચાલશે." આ સંદેશ પાકિસ્તાનને સ્પષ્ટ કરે છે કે કોઈપણ આક્રમકતા સહન કરવામાં નહીં આવે. સૂત્રોએ જણાવ્યું કે ઓપરેશન સિંદૂર હજી પૂરું થયું નથી. જો પાકિસ્તાને કોઈ વધુ હુમલો કર્યો, તો ભારત જવાબી કાર્યવાહી કરશે. જો તેઓ ફાયર કરશે, તો અમે ફાયર કરીશું, અને જો તેઓ હુમલો કરશે, તો અમે પણ હુમલો કરીશું.

જેડી વાન્સને સ્પષ્ટ કહ્યું હતું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૯ મેના રોજ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને કહ્યું હતું કે, જો પાકિસ્તાને કોઈ કાર્યવાહી કરી, તો તેનો વિનાશક પરિણામ આવશે. આ પછી પાકિસ્તાને ડ્રોન હુમલા કર્યા. જેના જવાબમાં ૯/૧૦ની સવારમાં પાકિસ્તાનમાં ભારતીય સેનાએ તે જ કર્યું. ભારતીય સેનાની તૈયારી સાથે જ, ભારતીય સેનાના ચીફ ઓફ આર્મી સ્ટાફ (COAS) જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પશ્ચિમી સીમા પર સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી અને સેનાના કમાન્ડરોને કોઈપણ ઉલ્લંઘન સામે કાર્યવાહી કરવાની સંપૂર્ણ છૂટ આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જનરલ દ્વિવેદીએ કહ્યું કે, "સમજૂતીના કોઈપણ ઉલ્લંઘન સામે કાઈનેટિક ડોમેનમાં જવાબી કાર્યવાહી માટે આર્મી કમાન્ડરોને સંપૂર્ણ છૂટ છે." આ નિર્ણય પાકિસ્તાનની કોઈપણ આક્રમકતાનો મક્કમ જવાબ આપવા માટે છે.

### ત્રણેય સેનાએ ઓપરેશન સિંદૂરની વિગત જણાવી

# ભારત અને પાકિસ્તાન વચ્ચે પરિસ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ

### કાર્યવાહીમાં મુદસ્સર ખાર, હાફિઝ જમીલ અને યુસુફ અઝહર જેવા ત્રણ મોટા આતંકવાદીઓ માર્યા ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાન સાથે તણાવને લઈને એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજવામાં આવી છે. પરિષદની શરૂઆત શિવતાંડવની ધુનથી થઈ હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફટનન્ટ જનરલ રાજીવ ઘાઈ, ભારતીય વાયુસેનાના ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ (DG Air Ops) એર માર્શલ અવધેશ કુમાર ભારતી અને ભારતીય નૌકાદળના ડાયરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ (DGNO) હાજર રહ્યા હતા. વાઈસ એડમિરલ એએન પ્રમોદનો સમાવેશ થાય છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂરનો ઉદ્દેશ્ય ફક્ત આતંકવાદીઓને ખતમ કરવાનો હતો. અમે ૧૦૦ આતંકવાદીઓને મારી નાખ્યા. આતંકવાદી ઠેકાણાને ઉડાવી દેવાના પુરાવા પણ બતાવ્યા. સેનાએ આતંકવાદી હુમલાનો જવાબ આપ્યો. મુદસ્સર ખાર, હાફિઝ જમીલ અને યુસુફ અઝહર જેવા ત્રણ મોટા આતંકવાદીઓ માર્યા ગયા.

ડીજીએમઓ લેફટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે પહેલગામમાં ભારતીય નાગરિકો પર થયેલા હુમલા બાદ ઓપરેશન સિંદૂરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીનો સ્પષ્ટ લશ્કરી ઉદ્દેશ્ય હતો - આતંકવાદીઓ અને તેમના ઠેકાણાઓનો નાશ કરવાનો. અમે સરહદ પાર આતંકવાદી છાવણીઓની ઊંડાણપૂર્વક ઓળખ કરી. પરંતુ ત્યાં ઘણા છુપાવાનાં સ્થળો પહેલાથી જ ખાલી કરાવી દેવામાં આવ્યા હતા, પરંતુ અમને આવા ૯ છુપાવાનાં સ્થળો મળ્યાં જેને અમારી એજન્સીઓએ સક્રિય જાહેર કર્યા. આમાંના કેટલાક ઠેકાણા પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) માં હતા અને કેટલાક પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં હતા - જેમ કે મુરીદકે, જે કસાબ અને ડેવિડ હેડલી જેવા આતંકવાદીઓ સાથે સંકળાયેલા છે. અમારા હુમલામાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા, જેમાં યુસુફ અઝહર, અબ્દુલ મલિક રૌફ અને મુદાસિર અહેમદ જેવા ઉચ્ચ મૂલ્યના લક્ષ્યોનો સમાવેશ થાય છે. આ આતંકવાદીઓ IC 814 હાઈજેકિંગ અને પુલવામા હુમલામાં સામેલ હતા. જનરલ ઘાઈએ કહ્યું કે પાકિસ્તાને નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું અને ગુરુદ્વારા જેવા નાગરિક વિસ્તારોને પણ તેમના દ્વારા નિશાન બનાવવામાં આવ્યા. વાયુસેનાના ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ કહ્યુ કે ભારતીય વાયુસેનાએ ખૂબ સાવધાની પૂર્વક માત્ર આતંકવાદી કેમ્પોને નિશાન બનાવ્યા અને કોઈ નાગરિકને નુકસાન પહોંચાડ્યું નહીં. અમે યોજના બનાવી હતી કે માત્ર આતંકી કેમ્પ પર સટીક પ્રહાર કરવામાં આવે અને કોઈ સામાન્ય નાગરિકને નુકસાન ન પહોંચે. DG Air Ops એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ કહ્યું કે પરિસ્થિતિ મુશ્કેલ છે, અમે આ પ્રેસ કોન્ફરન્સ કરવા માંગતા ન હતા, પરંતુ તે જરૂરી બની ગયું હતું.

## પાકિસ્તાન છેલ્લા ૭૫ વર્ષથી ધર્મનો દુરુપયોગ કરી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત દ્વારા ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર કરાયેલા હવાઈ હુમલા અને ત્યારબાદ યુદ્ધવિરામની જાહેરાત છતાં, AIMIM (ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન) ના વડા અસદુદ્દીન ઓવૈસીએ પાકિસ્તાન પર ઉગ્ર પ્રહાર કરવાનું ચાલુ રાખ્યું છે. તેમણે પાકિસ્તાનની ઈસ્લામ પ્રત્યેની કથિત બેવડી નીતિ અને આતંકવાદને પ્રોત્સાહન આપવાના તેના વાસ્તવિક ઈરાદાઓને ખુલ્લા પાડ્યા છે. AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ શનિવારે (૧૦ મે, ૨૦૨૫) પાકિસ્તાન પર નિશાન સાધતા કહ્યું કે, "જો પાકિસ્તાન ખરેખર મુસ્લિમોનું શુભેચ્છક હોય, તો તે અફઘાનિસ્તાન, ઈરાન અને બલુચિસ્તાનમાં મુસ્લિમો પર બોમ્બમારો કેમ કરે છે?" ઓવૈસીએ ભારપૂર્વક જણાવ્યું કે ભારતના મુસ્લિમો પહેલાથી જ મોહમ્મદ અલી ઝીણાની દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત નીતિને નકારી ચૂક્યા છે અને તેઓ લોકશાહી ભારતમાં રહેવાનું પસંદ કરે છે. AIMIM સાંસદે કહ્યું કે પાકિસ્તાનના પગલાં ધાર્મિક હેતુ માટે નથી પરંતુ રાજકીય અને વ્યૂહાત્મક લાભ માટે છે. પાકિસ્તાની સેના પર નિશાન સાધતા અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે પાકિસ્તાનનું ડીપ સ્ટેટ એટલે કે તેની સેના અને ગુપ્તચર એજન્સી ISI, ઈસ્લામનો માસ્ક પહેરીને પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને આતંકવાદને છુપાવે છે. તેમણે આરોપ લગાવ્યો કે પાકિસ્તાન છેલ્લા ૭૫ વર્ષથી ધર્મનો દુરુપયોગ કરી રહ્યું છે, જે તેનો ઈસ્લામ પ્રત્યેનો ખોટો દંભ છતો કરે છે. ઓવૈસીએ ભારતના ૨૩ કરોડથી વધુ મુસ્લિમોની વાત કરતા કહ્યું કે તેમના પૂર્વજોએ ઝીણાના સિદ્ધાંતોને નકારી કાઢ્યા હતા.

### ભારતીય જવાનો માટે પ્રેમાનંદ મહારાજે કહી મોટી વાત

## જવાનો જે કરી રહ્યાં છે અને દુઃખ સહન કરી રહ્યાં છે તે એક તપસ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।


પુલવામા આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર લોન્ચ કરીને આતંકવાદીઓને પાઠ ભણાવ્યો હતો. આ બાજુ પાકિસ્તાન અને ભારત વચ્ચે તણાવ ચરમ પર છે. બંને દેશો વચ્ચે ભલે સીઝફાયર થઈ ગયું છે, પરંતુ તણાવ હજુ પણ યથાવત છે. પાકિસ્તાન પોતાની કાયરતાનો સતત પરિચય આપી રહ્યું છે. આ દરમિયાન વૃંદાવનના પ્રેમાનંદ મહારાજે પણ કંઈક એવું કહ્યું કે, જેનાથી પાકિસ્તાન સાથે સાથે આતંકવાદીઓને પણ મરચાં લાગી જશે. પ્રેમાનંદ મહારાજે ભારતના જવાનોને સેલ્યુટ કરી છે. તેઓએ કહ્યું, તે જે કરી રહ્યાં છે અને દુઃખ સહન કરી રહ્યાં છે. તે એક તપસ્યા છે, જે એક યોગી જ કરી શકે છે. જીવન તો એક દિવસ ખતમ થઈ જ જવાનું છે. તેનો જવાનોને ધન્યવાદ કરતો વિડીયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં પ્રેમાનંદ મહારાજ જવાનો માટે પોતાનો ભાવ પ્રગટ કરી રહ્યાં છે.

## ચંદ્રને મામા જ તેમ કહેવાય છે, કાકા, માસા કે ફૂઆ કેમ નહીં?



સવાલ ભલે થોડો અળવિતરો લાગે પણ છે એકદમ મુદ્દાનો. અત્યાર સુધી ભલે તમને આ સવાલ ના થયો હોય પણ હવે ચોક્કસ જ વાંચીને તમને પણ ઉત્સુક્તા તો થઈ જ હશે ને કે હા રે, ચાંદાને હંમેશા મામા તરીકે જ કેમ સંબોધવામાં આવે છે? કેમ આપણે તેને માસા, કાકા, ભાઈ કે ફૂઆ તરીકે નથી સંબોધતા? થોડા ફ્લેશબેકમાં જઈએ અને બાળપણમાં જઈએ તો અત્યાર સુધી ચંદ્રને લગતી બધી વાર્તાઓ કે કવિતાઓમાં તેને મામા તરીકે દર્શાવવામાં આવ્યો છે. ચંદામામા દૂર કે હોય કે પછી ચંદામામા કી બારાત હોયપ પરંતુ શું તમે ક્યારેય તમને સવાલ થયો છે કે શા માટે દરેક વખતે ચંદ્રને મામા જ બનાવવામાં આવે છે. તેને કાકા, માસા કે ફુઆ કેમ નથી બનાવાતા. ચાલો, આજે આપણે આ પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરીશું. ચંદાના મામા બનવા પાછળ કોઈ એક વાર્તા નથી, પરંતુ તેની પાછળ ધાર્મિક, પૌરાણિક અને ભૌગોલિક કારણો પણ જવાબદાર છે. ધાર્મિક દષ્ટિકોણથી જોઈએ અને વાત કરીએ તો ચંદ્રને મા લક્ષ્મીનો ભાઈ માનવામાં આવે છે અને આપણે બધા જ મા લક્ષ્મીને માતા માનીએ છીએ એટલે માતાના ભાઈને આપણે મામા કહીને જ બોલાવીએ છીએ ને? હવે આગળ વધીએ અને વાત કરીએ બીજા કારણ વિશે તો આ કારણ ભૌગોલિક છે. આ ભૌગોલિક કારણ અનુસાર ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર ઉપગ્રહ છે અને તે પૃથ્વીની આસપાસ ફરે છે. આ દષ્ટિકોણથી ભાઈ અને બહેનના સંબંધને જોઈએ તો ભાઈ પણ તેની બહેનની આગળ પાછળ ફરે છે. આવી પરિસ્થિતિમાં ચંદ્રની પૃથ્વીની આસપાસ ફરવાની વૃત્તિ ભાઈ-બહેનના સંબંધ સાથે જોડવામાં આવે છે અને આપણે પૃથ્વીને માતા કહીએ છીએ એટલે આ કારણે પણ આપણે ચંદ્રને મામા કહેતા થઈ ગયા છીએ.

# આંખને પરેશાન કરતો કન્જક્ટિવાઈટિસ રોગ શું છે?



કંજકટીવાઈટીસ એટલે આંખ આવવી. હાલ આંખ આવવાના કિસ્સા ખુબ વધી રહ્યા છે. એપેડેમિકના કારણે આંખ આવતી હોય છે અથવા તો ઈન્ફેક્શનને કારણે પણ થતુ હોય છે. એડિનો વાયરલને કારણે આંખ આવી શકે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન અથવા સિઝનલ સ્પાઈકના કારણે આંખ આવવાના કેસ વધતા હોય છે. આ મામલે ડોકટર મેહુલ પનારાનું કહેવુ છે કે, ૫-૭ દિવસ સુધી તેની અસર રહેતી હોય છે. તેમાં એન્ટિબાયોટીક ટીપાનો ઉપયોગ કરી શકાય છે. આંખ આવી હોય ત્યારે સાફ રૂમાલનો ઉપયોગ કરવો, ચશ્મા પહેરેલા રાખવા, વારંવાર હાથ ધોતા રહેવું, તમારો રૂમાલ અન્ય કોઈને ન આપવો, વારંવાર હાથ ન લગાડવો, સ્ટીરોઈડ વાળા ટીપા નાખવાનું ટાળવું, , ભીડ ભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું અને જરૂર જણાય તો આઈસ પેકથી શેક કરી શકાય છે. આંખમાં વધારે બળતરા થતી હોય તો તબીબની સલાહ લેવી જોઈએ. સાબુથી અને ગરમ પાણીથી હાથ ધોવા. આંખોમાં ટીપાં મૂકતી વખતે પહેલાં અને પછી હાથ સાફ કરવા. આંખોને વારંવાર સ્પર્શ કરવાનું અને કોન્ટેક્ટ લેન્સ પહેરવાનું ટાળવું. અનિવાર્ય હોય તો ડોક્ટરની સલાહ જરૂર લેવી. દર્દીની ચાદર, ઓશિકાનું કવર, કપડાં, રૂમાલને ડીટર્જન્ટ પાઉડરથી ધોવા. તેમની રોજિંદી વપરાશની વસ્તુઓને બીજાને વાપરવા ના દેવી.

સ્વિમિંગ પુલનો વપરાશ ટાળવો. આઈ ડ્રોપનો ઉપયોગ કરતા પહેલાં ડોક્ટરની સલાહ અવશ્ય લેવી.

## પગ ધોઈને સુવાથી સ્વાસ્થ્યને ૫ ગજબના ફાયદા



જો તમે અત્યાર સુધી દિવસભરના કામકાજ બાદ પગ ધોયા વગર બેડ પર સુવા પહોંચી જાવ છો તો તમારે તમારી આ આદતને તત્કાલ બદલવાની જરૂર છે. આમ કરવાથી તમે અજાણતા તે હેલ્થ બેનિફિટ્સને ખુદથી દૂર કરી રહ્યાં છો જે રાત્રે પગ ધોઈને સુવાથી મળે છે. તમને ખ્યાલ નહીં હોય કે પગ ધોઈને સુવુ માત્ર હાઈજીન નથી પરંતુ તેનાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા મળે છે. તેવામાં આજે અમે તમને રાત્રે પગ ધોઈને સુવાથી મળતા ફાયદા વિશે જણાવીશું. વ્યક્તિના શરીરનું સમગ્ર વજન તેના પગ દ્વારા દિવસ દરમિયાન વહન કરવામાં આવે છે. જેના કારણે પગમાં જકડાઈ જવા કે ખેંચાણ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જો તમને પણ આ સમસ્યા હોય તો રાત્રે સૂતા પહેલા પગ ધોયા પછી જ સૂઈ જાઓ. આમ કરવાથી માત્ર પગની માંસપેશીઓ જ નહીં પરંતુ સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.

## પર્યાવરણની તબિયત સુધારે છે વાંસ



વાંસ ધરતીમાં સૌથી મોટો કુદરતી વાયુશોધક છે. ભલે મૂળરૂપે તે એક ઘાસનો છોડ ગણાતો હોય, પણ પોતાની કઠોર સંરચનાને કારણે તે ઝાડ હોવાનો આદર મેળવે છે. વાંસની અનેક પ્રજાતિઓની લાકડી એટલી કઠોર હોય છે કે તેનાં પર કુહાડી મારવામાં આવે તો કુહાડીની ધાર બુટ્ઠી થઈ જાય છે. વાંસ લગભગ એક સમૂહમાં જ જોવા મળે છે અને તેની ગણતરી પણ એ જ રીતે થાય છે. જેને અમુક જગ્યાએ 'વાંસની કોઠી' પણ કહેવામાં આવે છે.

સામાન્યપણે વાંસની એક કોઠીમાં ૨૦ થી ૨૫થી માંડીને અનેક સેંકડો સુધીના વાંસ હોય છે. વાંસની એક કોઠી જે લગભગ ૪૦-૫૦ વાંસથી મળીને બની હોય, વર્ષમાં ઓછામાં ઓછા ૭૦ ટન ઓક્સિજનનું ઉત્પાદન કરે છે અને દર વર્ષે ૮૦ ટન કાર્બન ડાયોક્સાઈડને શોષી લે છે. પોતાની ઓક્સિજન બનાવવાની ક્ષમતા અને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની ક્ષમતાને કારણે જ વાંસ અત્યારે 'ગ્લોબલ વૉર્મિંગ'ના યુગમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે.

ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને પાઈંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એકૃતિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે. વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર સુધી વધી જાય છે. દુનિયામાં વાંસની જે પ્રજાતિ સૌથી વધારે ઝડપથી વધે છે તે ઉષ્ણકટીબંધના વિશાળ વાંસ ડેન્ડ્રોક્લામસ એસ્પર છે. તેની વૃદ્ધિ બીજાં ઝાડ-છોડવાના મુકાબલે પરેશાન કરી મૂકે એવી હોય છે. વાંસનું વૈજ્ઞાનિક નામ બંબુસા વાલ્ગરીસ છે.વાંસ સામાન્યપણે ગાઢ જંગલમાં ઊગે છે, જ્યાં નીચલા સ્તરે સૂર્યપ્રકાશ હોતો નથી. દરેક છોડવાને જીવિત રહેવા માટે સૂર્યના પ્રકાશની જરૂર હોય છે, કેમ કે સૂર્યના પ્રકાશની હાજરીમાં જ તેઓ પોતાના લીલાં પાંદડાંમાં રહેલાં ક્લોરોફિલ તથા પાણીની મદદથી ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયામાં એ કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને ઓક્સિજન છોડે છે. ઝાડ-છોડવાની ભોજન બનાવવાની પ્રક્રિયાને પ્રકાશ સંશ્ર્લેષણ કહેવામાં આવે છે. દુનિયામાં વાંસનું સૌથી વધારે ઉત્પાદન ચીનમાં અને બીજા નંબરે ભારતમાં થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩૫ કરોડ ટન વાંસનું ઉત્પાદન થાય છે. આ અંગે દેશનું ઉત્તર પૂર્વી ક્ષેત્ર ખૂબ જ સંપન્ન છે.

દેશમાંના વાંસના ઉત્પાદનના ૬૫ ટકા અને દુનિયાના લગભગ ૨૦ ટકા વાંસ અહીં ઉત્પન્ન થાય છે.

## કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતી વખતે ધ્યાનમાં રાખો આ બાબતો

કાર ઈન્સ્યોરન્સ ક્લેઈમ લેવો ભલે આપણને ગમે એટલું સરળ લાગે, પરંતુ હકીકતમાં તો આ કામ એક થકવી નાખનારી પ્રક્રિયા બની શકે છે. ઈન્શ્યોરન્સના ક્લેઈમના પૈસા મેળવવા એ કંઈ એટલું સરળ કામ નથી. જોકે, ક્લેઈમ દાખલ કરતા પહેલાં, તમે પૂરતી માહિતી લઈ લો અને પુષ્ટિ કરેલી વિગતો સાથે તમારો ક્લેઈમ તૈયાર કરો છો તો તમારો ક્લેઈમ ઝડપથી પાસ થઈ શકે છે. ઘણી વખત એવું જોવા મળે છે કે કાર વીમાનો દાવો કર્યા પછી, વીમા કંપની કેટલીક ત્રુટિઓને કારણે ક્લેઈમ રિજેક્ટ કરી નાખે છે અને અંદરખાને તો દરેક વ્યક્તિ એવું જ ઈચ્છતી હોય છે કે તેનો ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે.હવે આ બધા વચ્ચે લાખ રૂપિયાનો સવાલ એ છે કે આખરે વીમાનો ક્લેઈમ કરવાની સાચી રીત કઈ છે? એવું શું કરવું જોઈએ કે જેથી કરીને તમને તમારા ક્લેઈમની પૂરેપૂરી રકમ મળે અને ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે. આજે આપણે અહીં આ વિશે જ વાત કરીશું કે એવા કયા પાંચ મુદ્દાઓ છે કે જેને ધ્યાનમાં રાખીને તમે તમારો ક્લેઈમ પાસ કરાવી શકો છો. ફોર વ્હીલર વીમાના દાવાઓ નકારવામાં આવે તે સામાન્ય બાબત છે. ઘણા લોકોએ આ વાતનો અનુભવ કર્યો





હશે. જો કે, તમારું ક્લેમ ફોર્મ ભરતા પહેલા આ પાંચ બાબતોને ધ્યાનમાં રાખો. હોન્ડા અથવા મારુતિ વીમા દાવો ફાઈલ કરતા પહેલા આ મુદ્દાઓને અનુસરો. એફઆઈઆર રજિસ્ટર્ડ કરાવો સૌથી પહેલાં તો કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતાં પહેલાં પોલીસમાં એફઆઈઆર નોંધાવી લો. તમારી કારને કેટલું નુકસાન થયું છે એ ધ્યાનમાં લીધા વિના, હૈંઈ દાખલ કરીને તમારા ક્લેઈમ વેરિફાઈ થાય છે. એની સાથે સાથે જ કાયદાકીય કાર્યવાહીની સાથે જરૂરી પુરાવા પણ એકઠા કરવામાં આવે છે.

કેટલીક વીમા કંપનીઓ કાર અકસ્માત, ચોરી, જાન-માલની ખોટ વગેરે માટે FIRની માંગણી કરે છે. બીજી બાજું, એફઆઈઆરની નકલ આપવાથી દાવો મજબૂત થાય છે. ઈન્શ્યોરન્સ કંપનીને આપો પૂરેપૂરી માહિતી જી હા, ઈન્શ્યોરન્સ કંપનીને પૂરેપૂરી સાચી માહિતી આપવી ખૂબ જ જરૂરી છે. જો તમે કોઈપણ માહિતી છુપાવો છો, તો તમારે પછીથી તમારે રિજેક્શનનનો સામનો કરવો પડી શકે છે. આ જ તાકણે ક્લેઈમ સાથે, વીમા પોલિસીના દસ્તાવેજો, કારનું નોંધણી પ્રમાણપત્ર (RC), ડ્રાઈવિંગ લાઈસન્સ, હૈંઈની નકલ પણ જોડો. ક્લેઈમ માટેના ફોર્મમાં હંમેશા સાચી અને સચોટ માહિતી ભરવી જોઈએ. દાવાની ફોર્મ પ્રમાણિકતાથી ભરો અને ખાતરી કરો કે ફોર્મમાં તમારાથી કોઈ ભૂલ નથી કરી. એમાં પણ ખાસ કરીને સ્પેલિંગ કે ટાઈપિંગમાં કોઈ ભૂલ ન થાય એનું ખાસ ધ્યાન રાખો. નામ, પોલિસી નંબર, કાર રજીસ્ટ્રેશન નંબર અને અન્ય વિગતો સારી રીતે તપાસો. કાર ઈન્શ્યોરન્સ પોલિસીના નિયમો અને શરતો વાંચવી ખૂબ જ જરૂરી છે. જો તમે પોલિસી સંબંધિત બાબતોને સારી રીતે વાંચીને, તમે કવરેજ અને દાવાની પ્રક્રિયા વિશે પૂરેપૂરી માહિતી મેળવી લો છો. તો પાછળથી કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે એમ છે. તમારી આ તકેદારી તમને કોઈ પણ પ્રકારના અનિચ્છનિય સમસ્યાઓને ટાળવામાં મદદ કરશે.

## તંત્રી લેખ...

# ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવના કારણે પ્રવાસન ઉદ્યોગને ફટકો

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે ટુરિઝમ સેક્ટર પર માઠી અસર થઈ છે. એટલું જ નહીં કરોડો રૂપિયાનો આર્થિક ફટકો પડ્યો હતો. સંઘર્ષની પરિસ્થિતિને જોતાં ટુર પેકેજોનું ધડાધડ બુકિંગ કેન્સલ થઈ રહ્યું છે. પરિણામે ટુર ઓપરેટરોની ઉનાળુ વેકેશન સિઝન જાણે માથે પડી છે. પ્રવાસીઓમાં ડરનો માહોલ પ્રવર્તી રહ્યો છે, જેના કારણે જુલાઈમાં શરૂ થનાર અમરનાથ યાત્રામાં બુકિંગનું પ્રમાણ ઘણું ઓછુ રહ્યું છે. અહેવાલો અનુસાર, છેલ્લાં ત્રણેક દિવસથી ભારત-પાકિસ્તાન વચ્ચે સરહદી તણાવ વધ્યો હતો. કાશ્મીરથી માંડીને રાજસ્થાન, ગુજરાતના કચ્છ સુધી પાકિસ્તાને ડ્રોન-મિસાઈલ એટેક કર્યા હતાં. આ તણાવની સ્થિતિ વણસતાં ટુરિઝમ ઈન્ડસ્ટ્રિઝને નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. ટુર ઓપરેટરોનું કહેવું છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિને પગલે ડોમેસ્ટિક પ્રવાસોનું બુકિંગ મોટાભાગે કેન્સલ થયું છે. રાજસ્થાન, પંજાબ, કાશ્મીર સરહદે સ્થિતિ વધુ વણસી છે. જેથી પ્રવાસીઓ આ ટુર પેકેજો તો રદ કરાવી દીધાં છે. હવે સ્થિતિ સામાન્ય થાય પછી જ લોકો ટુર પેકેજનુ બુકિંગ કરાવે તેમ છે. ઉનાળા વેકેશનમાં ફુલબુકિંગ હોય તે હોટલ-રિસોર્ટ અત્યારે ખાલીખમ પડ્યાં છે. પીક સિઝનમાં યુધ્ધની સ્થિતિ સર્જાઈ છે ત્યારે હોટલ માલિકોને આર્થિક ફટકો પડ્યો છે. ખાસ ડિસ્કાઉન્ટ ઓફર છતાં હોટલ-રિસોર્ટ ખાલી છે. હિમાચલ-ઉત્તરાખંડ, અરુણાચલ-સિક્કીમમાં જ આ સ્થિતિ પરિણમી છે. જુલાઈમાં અમરનાથ યાત્રા શરૂ થવાની છે તેમ છતાં શ્રદ્ધાળુઓ આ વર્ષે યાત્રાએ જવાનું ટાળી રહ્યાં છે. ટુર ઓપરેટરોનો અંદાજ છે કે, આ વર્ષે અમરનાથ યાત્રાએ શ્રદ્ધાળુઓની સંખ્યા ઘણી ઓછી હશે. ડોમેસ્ટિકની સાથે સાથે ઈન્ટરનેશનલ ટુર પેકેજોમાં ઓછુ બુકિંગ નોધાયુ છે. દુબઈ, સિંગાપુર, યુરોપ, મલેશિયા જેવા હોટ ડેસ્ટિનેશનના ટુર પેકેજોમાંય પ્રમાણમાં ઓછુ બુકિંગ છે. યુધ્ધની તણાવભરી સ્થિતીમાં બુકિંગ નોધાયુ હોવા છતાંય પ્રવાસીઓ ઈક્વાયરી કરીને ટુર પેકેજોની તારીખ લંબાવી રહ્યા છે. તો ઘણાંએ ટુર પેકેજ કેન્સલ કરાવી દીધી છે. મજાની વાત તો એ છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયરનું સત્તાવાર એલાન થયાં પછીય પ્રવાસીઓ ડોમેસ્ટીક કે ઈન્ટરનેશનલ પ્રવાસે જાય તેવી શક્યતા ઓછી છે.

## કેન્દ્રીય નાણાં મંત્રીએ બેંકિંગ ક્ષેત્રની કામગીરી અને સાયબર સુરક્ષા તૈયારીઓની સમીક્ષા કરવા માટે બેઠકની અધ્યક્ષતા કરી

સરહદ પર તણાવને કારણે ઉભરતી સુરક્ષા ચિંતાઓ વચ્ચે, કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે આજે જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો અને વીમા કંપનીઓના મેનેજિંગ ડિરેક્ટરો અને સીઈઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. નાણાકીય સેવાઓ વિભાગ (DFS), નાણા મંત્રાલય, CERT-In, RBI, IRDAI અને NPCIના વરિષ્ઠ અધિકારીઓએ આ બેઠકમાં હાજરી આપી હતી જેમાં બેંકિંગ ક્ષેત્રની કામગીરી અને સાયબર સુરક્ષા તૈયારીઓની સમીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં ઈન્ટરનેટ બેંકિંગ અને UPI જેવી ડિજિટલ એપ્લિકેશનોનો સમાવેશ થાય છે. સરહદ પર ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને, તમામ બેંકો અને વીમા કંપની ઓના મેનેજિંગ ડિરેક્ટરો અને સીઈઓએ કેન્દ્રીય નાણાં મંત્રીને તેઓ જે પગલાં લઈ રહ્યા છે તેનાથી વાકેફ કર્યા હતા. બેંકના એમડી અને સીઈઓએ માહિતી આપી હતી કે સમગ્ર બેંકિંગ સિસ્ટમમાં સાયબર સુરક્ષા પગલાં વધુ મજબૂત બનાવવામાં આવ્યા છે. મોટા પાયે સાયબર હુમલાઓ સામે રક્ષણ આપવા માટે બેંકો દ્વારા એન્ટિ-ડીડીઓએસ (ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાયલ-ઓફ-સર્વિસ) સિસ્ટમ્સ લાગુ કરવામાં આવી છે. સંસ્થાકીય તૈયારીની ખાતરી આપવા માટે, ઉચ્ચતમ સ્તરે સાયબર સુરક્ષા અને આપત્તિ પુનઃપ્રાપ્તિ પરિસ્થિતિઓને સમાવિષ્ટ કરીને મોક ડ્રીલ યોજવામાં આવી છે. તેમણે માહિતી આપી કે ફિશિંગના પ્રયાસો પર સક્રિય નજર રાખવામાં આવી રહી છે, અને સ્ટાફ સભ્યોને જાગૃતિ વધારવા માટે અનેક આંતરિક ચેતવણીઓ મળી છે. બેંક અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમના સુરક્ષા સંચાલન કેન્દ્ર (SOC) અને નેટવર્ક સંચાલન કેન્દ્રો સંપૂર્ણપણે કાર્યરત છે અને ઉચ્ચ સતર્કતા પર છે. આ કેન્દ્રો CERT-In અને નેશનલ ક્રિટિકલ ઈન્ફોર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન સેન્ટર (NCIIPC) સાથે ગાઢ સંકલન કરી રહ્યા છે, જે રીઅલ-ટાઈમ ડેટા શેરિંગ અને ધમકી દેખરેખને સરળ બનાવે છે. બેઠક દરમિયાન, શ્રીમતી સીતારમણે વધતા ભૂ-રાજકીય તણાવ અને પડકારજનક સમયમાં આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવામાં બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. કેન્દ્રીય નાણાં મંત્રીએ તમામ બેંકોને કોઈપણ પરિસ્થિતિ કે કટોકટીનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સતર્ક અને તૈયાર રહેવા નિર્દેશ આપ્યો, જેથી દેશભરના નાગરિકો, ખાસ કરીને સરહદી વિસ્તારોમાં, બેંકિંગ અને નાણાકીય સેવાઓની અવિરત પહોંચ સુનિશ્ચિત કરી શકાય. શ્રીમતી સીતારમણે ટિપ્પણી કરી હતી કે બેંકિંગ સેવાઓ, ભૌતિક અને ડિજિટલ બંને, વિક્ષેપ અને અવરોધો વિના કાર્ય કરવી જોઈએ, અને કોઈપણ ઉદ્ભવતી આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે કટોકટી પ્રોટોકોલ અપડેટ અને પરીક્ષણ કરવા જોઈએ. કેન્દ્રીય નાણાં મંત્રીએ સરહદી વિસ્તારોની આસપાસની શાખાઓમાં કામ કરતા બેંક કર્મચારીઓ અને તેમના પરિવારોની સલામતી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી અને બેંકોને સુરક્ષા એજન્સીઓ સાથે અસરકારક રીતે સંકલન કરીને તેમની પૂરતી સલામતી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. કેન્દ્રીય નાણાં મંત્રીએ બેંકોને ખાતરી કરવા જણાવ્યું હતું કે નાગરિકો અને વ્યવસાયોને કોઈપણ સંજોગોમાં મુશ્કેલી ન પડે અને ATM પર રોકડની અવિરત ઉપલબ્ધતા, અવિરત UPI અને ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ અને આવશ્યક બેંકિંગ સુવિધાઓની સતત સુલભતાને પ્રાથમિકતા આપવી જોઈએ. શ્રીમતી નિર્મલા સીતારમણે બેંકોને તેમની સાયબર સુરક્ષા સિસ્ટમો અને ડેટા સેન્ટરોનું નિયમિત ઓડિટ કરવા અને ખાતરી કરવા નિર્દેશ આપ્યો કે તમામ ડિજિટલ અને કોર બેંકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણપણે ફાયરવોલ પર રાખવામાં આવે અને ભંગ અથવા કોઈપણ પ્રતિકૂળ સાયબર પ્રવૃત્તિને રોકવા માટે ચોવીસ કલાક દેખરેખ રાખવામાં આવે. કેન્દ્રીય નાણામંત્રીએ બેંકોને મુખ્યાલયમાં ઓળખાયેલા બે સમર્પિત વરિષ્ઠ અધિકારીઓને નિયુક્ત કરવા સૂચના આપી, એક સાયબર સંબંધિત તમામ બાબતોની જાણ કરવા માટે અને બીજો બેંક શાખાઓની કામગીરી અને ATM માં રોકડની ઉપલબ્ધતા સહિતની કામગીરીની બાબતો સુનિશ્ચિત કરવા માટે. બંને સમર્પિત અધિકારીઓએ કોઈપણ ઘટનાની જાણ CERT-In / સંબંધિત એજન્સીઓ અને DFS ને વાસ્તવિક સમયના આધારે કરવી જોઈએ. આ સંદર્ભમાં, બેંકોને ભારતીય રિઝર્વ બેંક, CERT-In અને સંબંધિત સરકારી એજન્સીઓ સાથે વાસ્તવિક સમયમાં સંકલન કરવા માટે પણ કહેવામાં આવ્યું હતું. જેથી મજબૂત અને ચપળ માહિતી આદાનપ્રદાન અને પ્રતિભાવ સુનિશ્ચિત થાય.

**બધા ભારતીયો સતત ન્યુઝ ચેનલ પર વોચ ગોઠવીને બેઠા છે, યુદ્ધ હોય કે એર સ્ટ્રાઈક! અને ભારતીય જવાનો એનો જડબાતોડ જવાબ આપી રહ્યાં છે!**

# આપણે નિશ્ચિત થઈને સૂઈ શકીએ છીએ, કારણકે આપણી ડિફેન્સ સીસ્ટમ બહુ સ્ટ્રોંગ છે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**અત્યારે આપણી કોઈ માહિતીનો ફાયદો એ લોકોને મળે, અને બીજું કંઈ નહીં તો બે ચાર ડ્રોન કે મિસાઈલ વધુ ફેંકે! એનાં કરતાં આપણે એ બાબત મૌન રાખીએ. પણ આ સમાચારમાં ભારતીય સૈન્યની તાકાત બતાવતા લેટેસ્ટ ટેકનોલોજી ધરાવતા સાધનોનો ઉલ્લેખ થાય છે! તો આજે આપણે આ સાધનોની રેન્જ વિશે વાત કરીશું.**

ભારતમાં પાકિસ્તાન સાથેના યુદ્ધ જેવાં વાતાવરણને કારણે, લોકો હવે શું થશે? અથવા તો પાકિસ્તાન એ કરેલા હુમલાને ભારતે કંઈ રીતે નાકામ બનાવ્યો? એ જાણવા લગભગ બધા ભારતીયો સતત ન્યુઝ ચેનલ પર વોચ ગોઠવીને બેઠા છે. યુદ્ધ હોય કે એર સટ્રાઈક! અને ભારતીય જવાનો એનો જડબાતોડ જવાબ આપી રહ્યાં છે! યુદ્ધ યોગ્ય છે કે અયોગ્ય? અને આપણે આમ કરવું જોઈતું હતું! અને ત્યાં આટલો લોકો ઘાયલ થયા કે જીવ ગુમાવ્યો! અહીંથી ડ્રોન મળી આવ્યું! લોકો ગભરાઈ ગયા! કે ત્યાં બે દિવસથી બ્લેક આઉટ રહ્યું, વગેરે વાતમા આપણે જવું નથી, કારણ કે એ સરકારનો નિર્ણય છે, અને વડાપ્રધાન, અમિતભાઈ, તેમજ રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ઉપરાંત ત્રણેય પાંખનાં આટલાં બાહોશ અધિકારીઓ અને એમની વ્યુહરચના પર ટિપ્પ ણી કરવાં વાળા આપણે કોણ? અત્યારે આપણી કોઈ માહિતીનો ફાયદો એ લોકોને મળે, અને બીજું કંઈ નહીં તો બે ચાર ડ્રોન કે મિસાઈલ વધુ ફેંકે! એનાં કરતાં આપણે એ બાબત મૌન રાખીએ. પણ આ સમાચારમાં ભારતીય સૈન્યની તાકાત બતાવતા લેટેસ્ટ ટેકનોલોજી ધરાવતા સાધનોનો ઉલ્લેખ થાય છે! તો આજે આપણે આ સાધનોની રેન્જ વિશે વાત કરીશું. જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમ શું છે ? જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમને ભારતીય સેનાનું સૌથી શક્તિશાળી હવાઈ સંરક્ષણ શસ્ત્ર માનવામાં આવે છે, અને ભારતે તેને સુદર્શન ચક્ર નામ આપ્યું છે. આ સિસ્ટમનાં પાંચ યુનિટો ભારતે ૨૦૧૮ માં રશિયા પાસેથી ૩૫૦૦૦ કરોડના ખર્ચે ખરીદ્યા છે, જે કોઈપણ હવાઈ હુમલાથી બચાવવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. આ સિસ્ટમની રેન્જ ૪૦ થી ૪૦૦ કિલોમીટર સુધીની છે. આ ઉપરાંત, એવું કહેવામાં આવે છે કે જી-૪૦૦ સિસ્ટમ એટલી ખતરનાક છે કે તે અદ્યતન ફાઈટર જેટને પણ તોડી પાડી શકે છે. આ મિસાઈલ સિસ્ટમ દ્વારા, ચીન કે પાકિસ્તાન તરફથી કોઈપણ પરમાણુ મિસાઈલ હુમલો ભારત પહોંચે તે પહેલાં તેને રોકી શકાય માટે જ ખરીદવામાં આવ્યા છે. હવે ભારતીય નાગરિકને પ્રશ્ન થાય કે આ સિસ્ટમ ની શક્તિ કેટલી? જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમની શક્તિ ખૂબ જ વધારે છે. તે એક સમયે ૭૨ મિસાઈલો છોડી શકે છે. જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમને એસ એ -૨૧ ગ્રોલર લોંગ રેન્જ ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉપરાંત, આ મિસાઈલ +૫૦ ડિગ્રીથી -૭૦ ડિગ્રી તાપમાનમાં પણ કામ કરી શકે છે. જી-૪૦૦ મિસાઈલ ૧૦૦ થી ૪૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉડતા લક્ષ્યોને સરળતાથી ઓળખી શકે છે, અને તેનો નાશ કરી શકે છે. તેની સૌથી સારી ખાસિયત અને તાકાત એ છે કે આ મિસાઈલની એર ડિફેન્સ સિસ્ટમને ગમે ત્યાં લઈ જવી ખૂબ જ સરળ છે. આ કારણે આ મિસાઈલને નષ્ટ કરવી ખૂબ જ મુશ્કેલ છે. કારણ કે તેનું રડાર ૬૦૦ કિમી સુધીની રેન્જમાં લગભગ ૩૦૦ લક્ષ્યોને ટ્રેક કરી શકે છે. આ સિસ્ટમ મિસાઈલ, વિમાન કે ડ્રોનથી થતા કોઈપણ પ્રકારના હવાઈ હુમલા સામે રક્ષણ આપવામાં સક્ષમ છે. જી-૪૦૦ પાકિસ્તાન તરફથી આવતી દરેક મિસાઈલને તોડી પાડવાની શક્તિ ધરાવે છે, એની જાણ હોવાથી જ એનો ઉપયોગ ઓપ રેશન સિંદુરમાં થયો, અને જેમાં પાકિસ્તાનની ખતરનાક મિસાઈલો ગઝનવી, શાહીન-૧,એન એસ આર અને ફાઈટર એરક્રાફ્ટ ઍફ-૧૬ નો નાશ કર્યો. જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમને દુશ્મનો માટે સૌથી મોટો ખતરો માનવામાં આવે છે. કારણ કે આ મિસાઈલનો આજ સુધીમાં ૯ દેશોએ ઉપયોગ કર્યો છે, અને તેની કોઈ નિશ્ચિત સ્થિતિ નથી. તેથી તેને સરળતાથી શોધી શકાતું નથી. આ ઉપરાંત, જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમમાં થાપિત રડાર પણ ખૂબ જ અદ્યતન છે,અને તેમાં ચાર પ્રકારની રેન્જ ૪૦,૧૦૦,૨૦૦, ૪૦૦,ની મિસાઈલ ફીટ થાય છે. હાર્પી ડ્રોન જે ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વિકસિત, હાર્પી એ આગામી પેઢીની લોઈટરિંગ મ્યુનિશન સિસ્ટમ છે. આ સિસ્ટમ માનવરહિત હવાઈ વાહનોની ક્ષમતાઓને ચોકસાઈ માર્ગદર્શિત મ્યુનિશન સાથે જોડે છે, જે તેને અત્યંત ઘાતક અને બહુમુખી બનાવે છે. હાર્પી ડ્રોન ડ્યુઅલ રોલ વેપન સિસ્ટમ, હવાઈ સંરક્ષણ, અદ્યતન લક્ષ્યીકરણ સિસ્ટમ્સઃ ડોમેન્સમાં બહુમુખી એપ્લિકેશનો, વિશાળ વોરહેડ પેલોડઃ આ ડ્રોન ૨૩ કિલો ૫૧ પાઉન્ડનો વિસ્ફોટક પેલોડ વહન કરે છે, જે તેને રડાર, મિસાઈલ સિસ્ટમ્સ અને દુશ્મનના ઠેકાણાઓ સહિત ઉચ્ચ મૂલ્ય અને મોબાઈલ લક્ષ્યોની વિશાળ શ્રેણીને નિષ્ક્રિય કરવા સક્ષમ બનાવે છે. કેનિસ્ટરથી લોન્ચ કરાયેલ, જેવી અદ્યતન ઘણી વિશેષતા ધરાવે છે. બરાક ૮-એ હિબ્રુ ભાષાનો શબ્દ છે, જેનો અર્થ લાઈટનિંગ જેવો થાય છે, અને જેને એલઆર એસએએમ અથવા એમઆર એસએએમ અથવા બરાક એમ એક્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. બરાક ૮ની ડિઝાઈન ૨૦૦૮ ઈઝરાયેલમાં બની હતી, પણ પછી તેનું ઉત્પાદન ઈઝરાયેલ ઉપરાંત ભારતમાં પણ થાય છે, અને ૨૦૧૬ થી એ ભારતીય સેનાની શોભા બની છે. આમ બરાક ૮ એ ભારત-ઈઝરાયલી સંયુક્ત રીતે વિકસિત સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમ છે, જેવિમાન, હેલિકોપ્ટર, જહાજ વિરોધી મિસાઈલો અને યુ એ વી તેમજ બેલિસ્ટિક મિસાઈલો, ક્રુઝ મિસાઈલો અને કોમ્બેટ જેટ સહિત કોઈપણ પ્રકારના હવાઈ ખતરા સામે રક્ષણ આપવા માટે રચાયેલ છે. આ સિસ્ટમના દરિયાઈ અને જમીન-આધારિત બંને પ્રકારો અસ્તિત્વમાં છે. હવાઈ સંરક્ષણ પ્રણાલી એટલે કે એર ડિફેન્સ સિસ્ટમ્સનો મુખ્ય ઉદ્દેશ્ય આકાશમાંથી આવતા ખતરાઓને દૂર કરવાનો છે. પછી ભલે તે દુશ્મનના લડાકુ વિમાન હોય, માનવરહિત ડ્રોન હોય કે મિસાઈલ હોય. આ કાર્ય રડાર, નિયંત્રણ કેન્દ્રો, રક્ષણાત્મક ફાઈટર એરક્રાફ્ટ અને જમીન આધારિત હવાઈ સંરક્ષણ મિસાઈલ, આર્ટિલરી અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલીઓની જટિલ સિસ્ટમની મદદથી પૂર્ણ થાય છે. હવાઈ સંરક્ષણ પ્રણાલી ને ત્રણ પેટમાં વિભાજિત કરી શકાય છે. ૧) શોધ - ડિટેક્ટ : કોઈપણ હવાઈ સંરક્ષણ પ્રણાલીની સફળતાની ચાવી એ છે કે તે શરૂઆતમાં જ ખતરાઓ શોધી કાઢે છે. ૨) રડાર ટ્રાન્સમીટર દ્વારા ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયો તરંગોના બીમ મોકલે છે. આ તરંગો તેઓ જે વસ્તુઓને અથડાવે છે તેને પ્રતિબિંબિત કરે છે - જેમ કે દુશ્મન વિમાન. ૩) રીસીવર પરત આવતા રેડિયો તરંગો એકત્રિત કરે છે - જેના આધારે તે ખતરાના અંતર, તેની ગતિ અને તેની ચોક્કસ પ્રવૃતિનો અંદાજ લગાવે છે. વિક્રાંત, હાલમાં ભારતીય નૌકાદળ પાસે બે ઓપરેશનલ એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્ય અને આઈએનએસ વિક્રાંત છે. આઈએનએસ વિક્રાંતનું નામ નેવીના કેપ્ટન વિક્રાંતને શ્રદ્ધાંજલી આપવા માટે રખાયું છે. ભારતીય નૌકાદળના વિનાશક યુદ્ધ જહાજોની સંખ્યા ૧૨ છે. જ્યારે ભારતીય નૌકાદળ પાસે ૧૮ સબમરીન છે. તેમાંથી ૩ સબમરીન પરમાણુ મિસાઈલ ફાયર કરવામાં સક્ષમ છે આ ઉપ રાંત અરિહંત અને અરિઘટ છે. ૨૦૦૯ માં લોન્ચ થયેલ અરિહંત ૭૦૦ કિલોમીટર દૂર સુધીના લક્ષ્યાંકોને હિટ કરી શકે છે. ૨૦૧૭ માં લોન્ચ થયેલ અરિઘાટ પણ ૭૦૦ કિલોમીટર દૂર સુધીના લક્ષ્યો પર પણ હુમલો કરી શકે છે. નેવી ચીફ દિનેશ કુમાર ત્રિપાઠીનું કહેવું છે કે ભારતીય નૌકાદળને વધુ મજબૂત કરવા માટે ૨૬ રાફેલ-એમ માટેનો સોદો ફ્રાન્સ સાથે ફાઈનલ થવાનો છે,જેને સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર વિક્રાંત પર તૈનાત કરવામાં આવશે. આમ આટલું સશક્ત જેનું સૈન્ય હોય! ઉપરથી માતાનાં દૂધમાં જ જેને શૌર્ય સીંચાયો હોય એ જવાનોની તાકાત આગળ કોઈ કેટલું ટકી શકે? અને એ પણ અનીતિ નાં બળે! આવી સતત દહેશત વાળી યુદ્ધની સ્થિતિમાં આપણે નિશ્ચિત થઈને સૂઈ શકીએ એ માટે કેટલાં લોકો જાગે છે!; એ સૌને હૃદય પૂર્વક નમન. જય હિન્દ.

**સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે, તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે, ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે**

# ભક્તિનું ફળ ભોગ નથી, ભગવાન છે...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મ એ ભાગવતનો મુખ્ય વિષય છે, મનુષ્ય સત્કર્મનું ફળ ઇચ્છે તોએ ધર્મમાં કપટ છે, નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે, સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી, નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી, નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું, વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા, મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓ ને મળ્યું કારણ?**

પાકિસ્તાન અધર્મના માર્ગે ચાલી પોતે તો દુઃખી થયું પણ બીજાને દુઃખી કરી રહ્યું છે.ત્યારે કળિયુગ માં જુઠાણું વધુ ભલે ચાલતું હોય પરંતુ સત્યનો વિજય થાય જ છે એ ભૂલવું ન જોઈએ. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ. તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે. જગત ના પદાર્થો દુઃખરૂપ છે.વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વ દૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસ છે, તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદરૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવોઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમ આ સંસાર અસત્ય હોવા છતાંમાનવી ને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે.તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે. રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠા ને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય, તો પણ તેની ગરીબી ને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્માએ પોતાના ડોકમાં રાખીછે.માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્યવિષય કયો?અને ભાગવત નો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મ એ ભાગવતનો મુખ્ય વિષય છે. મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તોએ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી. નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓ ને મળ્યું કારણ? તેમાં નિષ્કામ કર્મ છે. અતિ પાપીના મુખમાંથી ભગવાનનું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે,એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી.સેવાનું ફળ સેવા છે, મેવા નહીં.માટે મુક્તિ પણ આશા કરવી નહીં. આમ ભગવાન નો મુખ્ય વિષય છે નિષ્કામભક્તિ ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી, સંસાર વહાલો છે. ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો.ભક્તિનું ફળ ભોગ નથી, ભગવાન છે. ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય? ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે. ભગવાન કહે છે, પોતાનું કામ મારા મારફત. વાહ આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે. સાચો વૈષ્ણવ તો કહેશે,મારી આંખ, મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી.મને દર્શન આપો એમ પણ કહેતાનથી માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં. શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિ ષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટસોગાદ આપી નવાજેશ કરે છે, પરંતુ હનુમાનજીને તેઓ કાંઈ આપતા નથી.આ જોઈ સીતાજી કહે, આ હનુમાનજીને પણ કાંઈ આપોને.રામજી કહે, હનુમાનજી ને હું શું આપું? હનુમાનજીના ઉપકારનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો. ભક્તિમાં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી, પણ ભગવાન જશે,આપવા વાળો જશે ભગવાન ગીતામાં કહે છે કે, દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છે ને મારા ભક્તો મને પામે છે. ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપ શે પણ પ્રભુ પાસે માગશો,તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે. ગોપીઓ આંખ શ્રીકૃષ્ણને આપે છે, મન શ્રીકૃષ્ણને આપે છે. કહે છે મારે કાંઈ માગવું નથી. મારું સર્વસ્વ માટે શ્રીકૃષ્ણને આપવું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે, પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે. નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે વૈષ્ણવો માને છે, મુક્તિ એ તો મારા ભગવાનની દાસી છે, મારે દાસીનું કામ નથી, ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે. રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું શિષ્યા કહે છે કે, માતાજીને કહો. તારો રોગ સારો કરે.રામકૃષ્ણે કહ્યું મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોર જીને પરિશ્રમ આપવો માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી. સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી.તેમની પત્નીએ તેમને શ્રી કૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે. સુદામા માગવા આવ્યા નથી. દ્વારિકાનાથનો તેમણે વૈભવજોયો પણ સુદામા એ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે,મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખ એ મારાં કર્મનું ફળછે.મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું? એટલે સુદામા એ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી સુદામાને બસ એક જ ઈચ્છા છે.મારા પૌંવા ભગવાન આરોગે.સુદામા લેવા આવ્યા નથી, તે પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપ શે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપ નું ભક્તને દાન કરે છે.જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે,ત્યારે ઈશ્વર પણ ઈશ્વર પણું ભૂલે છે.દસ દિવસના ભૂખ્યા હતા, તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાન ને આપી દીધું. સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી. ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણ માં રહ્યા છે.ગોપી ગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે,અમે તમારી વગર વેતનની દાસી ઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ. કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપી ઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે,સંસારના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણ નું સ્મરણ રહો. એક ગોપી ઉદ્ધવજીને કહે છે, ઉદ્ધવ તું કોનો સંદેશો લઈને આવ્યો છે? શ્રીકૃષ્ણનો? તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી. મારા ઠાકોરજી હંમેશાં મારી સાથે છે. ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે. ગોપીઓનો પ્રેમ યુદ્ધ છે. ગોપીઓ જ્યારે ઠાકોરજીનું સ્મરણ કરે છે, ત્યારે ઠાકોરજીને પ્રગટ થવું પડે છે. ગોપીઓની નિષ્કામ ભક્તિ એવી છે કે, તે ભગવાનને ખેંચી લાવે છે. ભગવાન પોતે જ ઉદ્ધવ ને કહે છે કે, મારી ગોપીઓ મારા મય ચિત્ત વાળી છે. ઠાકોરજીને નિત્ય સાથે રાખશો,તો જ્યાં જશો ત્યાં ભક્તિ કરી શકશો. તેથી તો તુકારામ કહે છેકે, ભલે મને ભોજન ન મળે પણ ચોવીસ કલાકમાં એક ક્ષણ પણ પ્રભુ, હે વિઠ્ઠલનાથ, મને તમારાથી અલગ ન કરશો. ગોપીઓનો આદર્શ આંખ સમક્ષ રાખી ભગવાનની ભક્તિ કરો. સુદામાની નિષ્કામ ભક્તિ યાદ રહે તેવી ભક્તિ કરો. ભક્તિ નિષ્કામ હશે તો ભગવાન પોતાનું સ્વરૂપ આપી દેશે, અને તેથી જ નિષ્કામ ભક્તિ એ ભાગવતનો મુખ્ય વિષય છે. નિષ્કામ ભક્તિ શ્રેષ્ઠ છે. ગોપીઓ નો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમએ નિષ્કામ ભક્તિનું ઉદાહરણ છે. ગોપીઓને મુક્તિની પણ ઈચ્છા ન હતી. શ્રીકૃષ્ણનું સુખ એ જ મારું સુખ એવો પ્રેમનો આદર્શ ગોપી ઓનો હતો. એક સખીએ ઉદ્ધવને સંદેશો આપ્યો છે કે, શ્રી કૃષ્ણ વિયોગમાં અમારી દશા કેવી છે તે તો તમે જોયું છે. હવે મથુરા ગયા પછી શ્રી કૃષ્ણને કહેજો કે,આપ મથુરામાં આનંદમાં બિરાજતા હોતો અમારા સુખ માટે વ્રજમાં આવવાનો પરિશ્રમ કરશો નહીં. અમારો પ્રેમ જાતે સુખી થવા માટે નહીં, પરંતુ શ્રી કૃષ્ણને સુખી કરવા માટે છે. શ્રીકૃષ્ણના વિયોગ માં અમે દુઃખી છીએ,વિલાપ કરીએ છીએ પરંતુ અમારા વિના જો મથુરામાં સુખી હોય તો ભલે ત્યાં જ સુખી રહે. અમારા સુખ માટે તેમણે અહીં આવવાની જરૂર નથી પરંતુ જો તેમને પોતાના સુખ માટે અત્રે આવવું હોય તો ભલે આવે. ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિમાં સૌને જય માતાજી સુપ્રભાત આજે રવિવારે બસ આટલું જ સતત ઈલેક્ટ્રોનિક મીડિયા યુધ્ધનો અહેવાલ જોરશોરથી બતાવી રહ્યું છે.અસ્તુ.

### કેમેરાથી બીક લાગે છે માટે : સારા તેંડુલકર

# બોલીવુડમાં તો નહી જ આવું: સારા તેંડુલકર

**સારા તેંડુલકર હંમેશા હેડલાઇન્સમાં રહે છે, તે સોશિયલ મીડિયા પર સક્રિય રહે છે**

સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર સોશિયલ મીડિયા પર લોકપ્રિય રહે છે. સારા દરરોજ કંઈક ને કંઈક શેર કરતી રહે છે. પરંતુ તેણે બોલિવૂડમાં ડેબ્યૂ કરવાનો ઈનકાર કરી દીધો છે.સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર હંમેશા હેડલાઈન્સમાં રહે છે. તે સોશિયલ મીડિયા પર સક્રિય રહે છે અને દરરોજ તેના ફોટા શેર કરતી રહે છે.દરરોજ તેનું નામ કોઈને કોઈ સાથે જોડાઈ રહ્યું છે.છેલ્લા કેટલાક દિવસોથી સારાનું નામ અભિનેતા સિદ્ધાંત ચતુર્વેદી સાથે જોડાઈ રહ્યું છે. જોકે બંનેએ આ અંગે મૌન ધારણ કર્યું છે.સારાના બોલિવૂડ ડેબ્યૂના સમાચાર ઘણા સમયથી આવી રહ્યા છે. જોકે સારા આ વિશે કંઈ કહી રહી ન હતી. હવે એક ઈન્ટરવ્યુમાં સારાએ સ્પષ્ટ કર્યું છે કે તે બોલિવૂડમાં ડેબ્યૂ કરવાની નથી.સારાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું - હું ઘણી બધી વસ્તુઓ કરું છું. મારો પાયો, હું તેના પર પૂર્ણ સમય ધ્યાન કેન્દ્રિત કરું છું. આ ઉપરાંત, હું ફેશન, સુંદરતા અને જીવનશૈલીના ક્ષેત્રમાં પણ કામ કરું છું. મને જે યોગ્ય લાગે તે કરવાનો પ્રયાસ કરું છું. હું દરેક વાતને હા નથી કહેતી . મને અભિનયમાં બિલકુલ રસ નથી. હું અંતર્મુખી વ્યક્તિ છું. મને કેમેરાથી ડર લાગે છે.સારાએ કહ્યું- મને અત્યાર સુધી ઘણી ફિલ્મોની ઓફર મળી છે. મેં બધાને ના પાડી દીધી છે. કારણ કે મને લાગે છે કે હું આ કામને ન્યાય આપી શકીશ નહીં. સારાએ આગળ કહ્યું- મને અભિનય વિશે વિચારીને જ ડર લાગે છે. મને ગભરાટ થવા લાગે છે. મને લાગે છે કે હું અભિનયથી સંતુષ્ટ નહીં થઈ શકું.



### ‘બોર્ડર ૨’ નું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે

# ‘બોર્ડર ૨’માં સોનુ નિગમ-અરિજિત સિંહ સાથે ગીત ગાશે ‘સંદેશે આતે હૈં’

‘ગદર ૨’ ની ઐતિહાસિક સફળતા પછી, સની દેઓલ ૨૦૨૩ માં ‘બોર્ડર’ ફ્રેન્ચાઈઝી પાછી લાવવા માટે તૈયાર છે. નિર્માતાઓએ અનુરાગ સિંહને દિગ્દર્શક તરીકે પસંદ કર્યા અને ‘બોર્ડર ૨’ જેવી જ સ્ક્રિપ્ટ પર કામ કર્યું. થોડા સમય પછી, ફિલ્મ આગળ વધી અને વરુણ ધવન અને દિલજીત દોસાંઝને મુખ્ય ભૂમિકામાં લેવામાં આવ્યા. ભારતની સૌથી મોટી યુદ્ધ ફિલ્મ માટે, નિર્માતાઓએ રિલીઝ તારીખ તરીકે પ્રજાસત્તાક દિવસ ૨૦૨૬ પસંદ કરી છે અને હવે તેમાં વધુ એક અપડેટ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ભૂષણ કુમારે જેપી દત્તા અને નિધિ દત્તા સાથે મળીને ‘સંદેશે આતે હૈં’ ગીતના રાઈટ્સ ૬૦ લાખ રૂપિયામાં ખરીદ્યા છે. આ બાબત સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું હતું કે, “સંદેશે આતે હૈં બોર્ડરનો આત્મા છે અને નિર્માતાઓએ અધિકારો મેળવવામાં કોઈ કસર છોડી નથી.સૂત્રએ વધુમાં ઉમેર્યું, ‘આ કોઈ પણ નિર્માતા કે નિર્માતા દ્વારા મેલોડી ફરીથી બનાવવા માટે ખર્ચવામાં આવેલી સૌથી વધુ કિંમતોમાંની એક છે, પરંતુ ભૂષણ ‘સંદેશે આતે હૈં’નું મહત્વ જાણે છે અને તેમને વિશ્વાસ છે કે આ દેશભક્તિ ગીત લાંબા ગાળે ભારે નફો લાવશે.’ આ ગીત ભારતીય સેનાને શ્રદ્ધાંજલિ તરીકે બનાવવામાં આવશે. સની દેઓલની ‘બોર્ડર ૨’ નું નિર્માણ જેપી દત્તા, ભૂષણ કુમાર અને નિધિ દત્તા કરી રહ્યા છે.સૂત્રએ વધુમાં ઉમેર્યું હતું કે ‘સંદેશે આતે હૈં ૨.૦’ ભારતીય સશસ્ત્ર દળો દ્વારા સામનો કરવામાં આવતી મુશ્કેલીઓ વિશે વાત કરે છે અને વાસ્તવિક સંસ્કરણ જેવું જ હશે. સૂત્રએ ઉમેર્યું, “સંદેસે આતે હૈં ૨.૦ પર ઘણા સમયથી કામ ચાલી રહ્યું છે.



### કંગનાની નસીબ ચમક્યું

# હોલીવુડની ફિલ્મમાં કંગના સેલેબ્સ સાથે સ્ક્રીન શેર કરશે



**આ ફિલ્મનું શૂટિંગ આ ઉનાળામાં શરૂ થશે, નિર્માતાઓએ કહ્યું કે આખી ફિલ્મ અમેરિકામાં શૂટ કરવામાં આવશે**

કંગના રનૌતનું નસીબ ચમક્યું છે. તે હોલીવુડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. હા, તેને હોલીવુડની એક હોરર ડ્રામા ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની તક મળી છે.તે હોલીવુડ હોરર ડ્રામા ફિલ્મ ‘બ્લેસ્ડ બી ધ એવિલ’ માં મુખ્ય ભૂમિકા ભજવતી જોવા મળશે. આ ફિલ્મનું શૂટિંગ આ ઉનાળામાં શરૂ થશે, નિર્માતાઓએ કહ્યું કે આખી ફિલ્મ અમેરિકામાં શૂટ કરવામાં આવશે આ ફિલ્મમાં કંગના ‘ટીન વુલ્ફ’ ફેમ અભિનેત્રી ટાયલર પોસી અને હોલીવુડ આઈકોન સિલ્વેસ્ટર સ્ટેલોનની પુત્રી સ્કારલેટ રોઝ સ્ટેલોન સાથે જોવા મળશે.એક રિપોર્ટ મુજબ, આ ફિલ્મનું શૂટિંગ આ ઉનાળામાં શરૂ થશે. નિર્માતાઓએ કહ્યું કે આખી ફિલ્મ અમેરિકામાં શૂટ કરવામાં આવશે. આનું કારણ એ છે કે તાજેતરમાં ટ્રમ્પે જાહેરાત કરી હતી કે યુનાઈટેડ સ્ટેટ્સની બહાર બનેલી ફિલ્મો પર ૧૦૦% ટેરિફ લાદવામાં આવશે. આ ફિલ્મમાં એક ખ્રિસ્તી યુગલની વાર્તા બતાવવામાં આવશે. બંને સાથે ખૂબ ખુશ છે અને માતા-પિતા બનવા માટે સંપૂર્ણપણે તૈયાર છે, પરંતુ લેડીનો ગર્ભપાત થાય છે. ગર્ભપાત પછી બંને એક ખેતર ખરીદે છે. તે ખેતરનો ભૂતકાળ ખૂબ જ ભયાનક છે. ખેતર ખરીદતી વખતે આ દંપતીના પ્રેમ અને વિશ્વાસની કસોટી થાય છે. આગળ શું થાય છે તે જોવા માટે ફિલ્મ જોવી જ રહી.

# સુપરસ્ટાર બનવા માટે ટિકિટ કાઉન્ટર પર કામ કર્યું

**વિજય દેવરકોંડા માટે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કરવો સરળ નહોતો, તેમને ઘણી બધી અસ્વીકૃતિઓનો સામનો કરવો પડ્યો હતો**

ફિલ્મ ઉદ્યોગમાં પોતાને સ્થાપિત કરવું એ સરળ કાર્ય નથી. તે પણ જ્યારે તમારો ફિલ્મ ઉદ્યોગ સાથે કોઈ અગાઉનો સંબંધ ન હોય. પરંતુ દક્ષિણનો એક એવો સુપરસ્ટાર છે જેણે પોતાની ઓળખ બનાવી અને તેલુગુ ઉદ્યોગમાં સ્થાન મેળવ્યું. અહી વાત કરી રહ્યા છીએ તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર વિજય દેવરકોંડા વિશે. અર્જુન રેડ્ડીથી લોકપ્રિયતા મેળવનાર વિજયને તેની કારકિર્દીની શરૂઆતમાં ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો. વિજય દેવરકોંડા માટે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કરવો સરળ નહોતો. તેમને ઘણી બધી અસ્વીકૃતિઓનો સામનો કરવો પડ્યો અને કોલેજ પછી, તેમણે બે-ત્રણ વર્ષ સુધી ફક્ત નાની ભૂમિકાઓ જ કરી. એક મુલાકાતમાં, વિજયે તેમના થિયેટરના દિવસોને પણ યાદ કર્યા. તેમણે કહ્યું હતું કે, ‘થિયેટરમાં, તમારે ટિકિટ વેચવાથી લઈને કોસ્ચ્યુમ અને બેકસ્ટેજ મેનેજમેન્ટ સુધી બધું જ કરવું પડે છે, ત્યારે જ તમને અભિનય કરવાની



તક મળે છે.ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશતા પહેલા, વિજયે નક્કી કર્યું હતું કે જો તેને ૨૫ વર્ષની ઉંમર સુધીમાં સફળતા નહીં મળે, તો તે સ્ક્રિપ્ટ લેખન અથવા દિગ્દર્શનમાં હાથ અજમાવશે. આખરે, તેના ૨૫મા જન્મદિવસ પહેલા, વિજયને ‘યેવડે સુબ્રમણ્યમ‘ માં એક ભૂમિકા મળી, જેનાથી તે સ્ટાર બન્યો. વિજય દેવરકોન્ડાએ થોડા સમય પહેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ‘મને પ્રમાણપત્રો અને પુરસ્કારોમાં બહુ રસ નથી. કેટલાક પુરસ્કારો મારી ઓફિસમાં હશે, કેટલાક મારી માતાએ સુરક્ષિત રીતે રાખ્યા હશે, અને કેટલાક મેં આપી દીધા હશે. વિજયે જણાવ્યું હતું કે તેણે પોતાનો પહેલો ફિલ્મફેર બેસ્ટ એક્ટર એવોર્ડ હરાજીમાં ખરીદ્યો હતો. તેમણે આ હરાજીમાંથી મળેલા પૈસા દાનમાં આપ્યા. વિજયના મતે, ઘરે કોઈપણ ટ્રોફી સજાવવા કરતાં આ તેમના માટે વધુ મૂલ્યવાન અને યાદગાર અનુભવ હતો. વિજયે એમ પણ કહ્યું કે તેણે તેની ‘અર્જુન રેડ્ડી’ ફિલ્મના દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાને એક એવોર્ડ ભેટમાં આપ્યો હતો.

### અક્ષય કુમારનો સમય બિલકુલ સારો નથી ચાલી રહ્યો

# હાઉસફુલ ૫ને કોઈ પણ સંજોગોમાં સફળ બનાંવવા અક્ષય પર દબાણ

અક્ષય કુમારનો સમય બિલકુલ સારો નથી ચાલી રહ્યો. આવી સ્થિતિમાં, હાઉસફુલ ૫ને સફળ બનાવવાનું તેના માટે આસન નથી અને હવે તે દબાણનું કારણ બની શકે છે. અક્ષય કુમારની ફિલ્મને સુપરહિટ બનવા માટે જંગી કમાણી કરવાની જરૂર છેહાઉસફુલ ૫ ની ફિલ્મ રિલીઝ થવાની છે. અક્ષય કુમાર, અભિષેક બચ્ચન અને રિતેશ દેશમુખની આ ફિલ્મ ૬ જૂને રિલીઝ થવાની છે. હાઉસફુલ ફ્રેન્ચાઈઝી ભારતની સૌથી મોટી કોમેડી ફ્રેન્ચાઈઝી બની ગઈ છે. આ શ્રેણીની પહેલી ફિલ્મ ૨૦૧૦ માં રિલીઝ થયાને ૧૫ વર્ષ થઈ ગયા છે અને તેનો પાંચમો ભાગ પણ રિલીઝ થવા માટે તૈયાર છે.કોઈમોઈના અહેવાલ મુજબ, આ ફિલ્મ અત્યાર સુધીની સૌથી મોંઘી ભારતીય કોમેડી ફિલ્મ પણ છે જે લગભગ ૩૭૫ કરોડ રૂપિયામાં બની છે. ફિલ્મનું બજેટ ખૂબ જ વધારે છે. ફિલ્મમાં ૩૭૫ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો અર્થ એ છે કે હિટ થવા માટે તેને બમણી રકમ, એટલે કે લગભગ ૭૫૦ કરોડ રૂપિયા કમાવવા પડશે. છેલ્લા કેટલાક વર્ષોમાં ફક્ત સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ જ આટલી કમાણી કરી શકી. બોલિવૂડ હંગામા અનુસાર, તેણે વિશ્વભરમાં લગભગ ૭૯૭.૩૪ કરોડ રૂપિયાની કમાણી કરી. જોકે, વિક્કી કૌશલની ફિલ્મનું બજેટ ફક્ત ૧૩૦ કરોડ રૂપિયા હતું જે તેને બ્લોકબસ્ટર બનાવવાનું એક સકારાત્મક કારણ હતું. આ ફિલ્મમાં અક્ષય કુમાર, અભિષેક બચ્ચન અને રિતેશ દેશમુખ મુખ્ય ભૂમિકામાં છે. પરંતુ આ સિવાય ઘણા મોટા ચહેરાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે. જેમ કે સંજય દત્ત, ચિત્રાંગદા સિંહ, નાના પાટેકર, સોનમ બાજવા, સૌંદર્ય શર્મા, જેકલીન ફર્નાન્ડીઝ, ફરદીન ખાન, નરગીસ ફખરી, જેકી શ્રોફ, જોની લીવર, શ્રેયસ તલપડે, ચંકી પાંડે, ડીનો મોરિયા અને નિકિતિન ધીર. હવે, આ નામોમાં, ઘણા સ્ટાર્સ છે જેમની ફી સારી હશે, ફિલ્મમાં ઓછી ફી લેનારાઓની સંખ્યા એટલી વધારે છે કે તેમની ફી મળીને ઘણી વધી ગઈ હશે. આવી સ્થિતિમાં, એક ફિલ્મમાં આટલા બધા સ્ટાર્સની ફી ફિલ્મ પર ખૂબ ભારે પડે છે. એક કારણ એ છે કે ફિલ્મનું બજેટ ખૂબ વધારે થઈ ગયું છે. અક્ષય કુમારની પાછલી ઘણી મોટા બજેટની ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ ગઈ છે. જેમ કે સ્કાય ફોર્સ અને બડે મિયાં છોટે મિયાં. આ સિવાય તેમની ઘણી ફિલ્મો પણ ફ્લોપ ગઈ છે. સૂર્યવંશી પછી, તેને સફળતા મળી નથી, એટલે કે ૨૦૨૧ પછી તેની પાસે એક પણ હિટ ફિલ્મ નથી. તેથી આવી સ્થિતિમાં, તેના પર આટલો મોટો દાવ લગાવવો નિર્માતાઓ માટે મોંઘો સાબિત થઈ શકે છે.




### સરકારએ લીધો મોટો નિર્ણય

# ઓટીટી પર પણ પાકિસ્તાની ફિલ્મો-વેબ સીરિઝ પર પ્રતિબંધ




**૬ મેના રોજ મધ્યરાત્રિએ, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો**

ભારતના માહિતી અને પ્રસારણ મંત્રાલયે રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિવેદન બહાર પાડ્યું છે. જેમાં મંત્રાલયે ભારતમાં ચાલતા તમામ ઓટીટી પ્લેટફોર્મ, મીડિયા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મને તાત્કાલિક અસરથી પાકિસ્તાનમાં બનેલા કોઈપણ કન્ટેન્ટનું સ્ટ્રીમિંગ સબ્સ્ક્રિપ્શન આધારિત મોડેલ પર પણ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. ભારતના માહિતી અને પ્રસારણ મંત્રાલયે રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં આ નિર્ણય લીધો છે. પાકિસ્તાનમાં બનેલા કન્ટેન્ટમાં વેબ-સિરીઝ, મૂવીઝ, ગીતો, પોડકાસ્ટ અથવા કોઈપણ પ્રકારનું કન્ટેન્ટ શામેલ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને ભારત દ્વારા ચલાવવામાં આવી રહેલા ઓપરેશન સિંદૂર વચ્ચે ભારત સરકારે આ નિર્ણય લીધો છે.આ પહેલા મંગળવાર, ૬ મેના રોજ મધ્યરાત્રિએ, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો અને પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લીધો. સેનાએ આ ઓપરેશનને ‘ઓપરેશન સિંદૂર’ નામ આપ્યું. ત્યારબાદથી બંને દેશો વચ્ચે તણાવની સ્થિતિ છે. એવામાં રાષ્ટ્રીય સુરક્ષાના હિતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ભારતમાં ચાલતા તમામ કન્ટેન્ટનું સ્ટ્રીમિંગ ઓટીટી પ્લેટફોર્મ તેમજ મીડિયા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મને તાત્કાલિક અસરથી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# ‘ઓપરેશન સિંદૂર’ના નામ પર ફિલ્મ-સીરિઝ બનાવવાની હોડ

**જમ્મી કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા**

જમ્મી કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. જેના જવાબમાં ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને ઁના ૯ આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી છે. ઓપરેશન સિંદૂરની દેશભરમાં ચર્ચા થઈ રહી છે, ત્યારે બોલિવૂડમાં ઓપરેશન સિંદૂર પર ફિલ્મ બનાવવાને લઈને ફિલ્મ મેકર્સ દ્વારા ટાઈટલ મેળવવા માટે દોડધામ ચાલી રહી છે, ત્યારે ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન (IMPPA) અને ઈન્ડિયન ફિલ્મ એન્ડ ટીવી પ્રોડ્યુસર્સ કાઉન્સિલ (IFTPC)ને ઓપરેશન સિંદૂર અને પહલગામ હુમલા પર ફિલ્મ બનાવવા માટેના ટાઈટલ સંબંધિત ઘણી અરજીઓ મળી હોવાનું સામે આવ્યું છે. જમ્મી કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા, મળતી માહિતી મુજબ, IFTPC સંસ્થાને ઓપરેશન સિંદૂરના બીજા દિવસે બપોરના ત્રણ વાગ્યાથી ઓપરેશન પર ફિલ્મ બનાવવા માટે ટાઈટલ રજીસ્ટ્રેશન કરવાને લઈને નિર્માતાઓની અરજીઓ




મળવાનું શરૂ થઈ હતી. જેમાં IFTPCને જેટલા પણ ટાઈટલ માટે અરજી મળી છે તે તમામ ઓપરેશન સિંદૂરને મળતા નામ હતા. ઓપરેશન સિંદૂર પર ફિલ્મ બનાવવા માટે બોલિવૂડના મોટા પ્રોડ્યુસર હાઉસમાંથી ટાઈટલ મેળવવા માટે કુલ ૧૦-૧૨ અરજીઓ આવી છે. ટાઈટલ માટે આવેલી અરજીઓ ફિલ્મ અને વેબ-સીરિઝ બંને માટે હતી. જ્યારે IMPPAની વાત કરીએ તો, બે દિવસમાં ઓપરેશન સિંદૂરથી સાથે સંકળાયેલા નામ પર ફિલ્મ બનાવવા માટે ૨૦-૨૫ અરજી થઈ હતી. ૩૦થી વધુ અરજીઓ આવી મળતી માહિતી મુજબ, ઝોન અબ્રાહમનું પ્રોડક્શન હાઉસ, આદિત્ય ધરનું પ્રોડક્શન હાઉસ, મહાવીર જૈનની કંપની, અશોક પંડિત, મધુર ભંડારકર જેવા નામ સામેલ હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત, આરેસમાં ઝી સ્ટુડિયો, જેપી ફિલ્મ્સ, બોમ્બે શો સ્ટુડિયો જેવા સ્ટુડિયો પણ સામેલ છે. ટાઈટલ માટે મળેલી અરજીઓમાં ‘પહલગામઃ ધ હોરિફિક ટેરર’, ‘ધ પહલગામ ટેરર’, ‘ઓપરેશન સિંદૂર’, ‘ઓપરેશન સિંદૂર મેગ્નમ‘, ‘સિંદૂર ઓપરેશન’ જેવા નામોનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે, ૬-૭ મેની રાત્રે, ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ઓપરેશન સિંદૂર ચલાવ્યું અને ૯ આતંકવાદી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી.

# ગરમીમાં ફ્રિજનું ઠંડું પાણી પીવું સ્વાસ્થ્ય માટે ખતરનાક! જાણો તેનાથી આરોગ્યને થતું નુકસાન

## ગરમીમાં ફ્રિજનું ઠંડું પાણી પીવું સારું લાગે છે, પરંતુ તે આરોગ્ય માટે ઘણી સમસ્યાઓનું કારણ બની શકે છે



ઉનાળાની ગરમીમાં દરેક વ્યક્તિ ઠંડકની શોધમાં હોય છે. ફ્રિજમાંથી નીકળેલું ઠંડું પાણી આ સમયે સૌથી વધુ લોકપ્રિય બની જાય છે, પરંતુ શું તમે જાણો છો કે આ ઠંડું પાણી તમારા આરોગ્યને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે? આજના આધુનિક યુગમાં, જેમ જેમ વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપણું જીવન સરળ બનાવ્યું છે, તેમ તેમ આપણી જરૂરિયાતો અને આદતોના કારણે નવી બીમારીઓ પણ વધી રહી છે. ડોક્ટરોનું માનવું છે કે ફ્રિજનું ખૂબ ઠંડું પાણી પીવું આરોગ્ય માટે હાનિકારક હોઈ શકે છે અને તે અનેક પ્રકારની બીમારીઓનું કારણ બની શકે છે. ચાલો, જાણીએ કે ફ્રિજનું ઠંડું પાણી કેવી રીતે આપણા શરીરને નુકસાન પહોંચાડે છે અને તેનાથી બચવા માટે શું કરવું જોઈએ. ઉનાળામાં બાળકો, યુવાનો અને વૃદ્ધો બધા જ ગરમીથી રાહત મેળવવા ફ્રિજનું ઠંડું પાણી પીવાનું પસંદ કરે છે. પરંતુ ડોક્ટરોના મતે, ખૂબ ઠંડું પાણી આપણા શરીરની કુદરતી પ્રક્રિયાઓને વિક્ષેપિત કરી શકે છે. આ પાણી શરીરના આંતરિક તાપમાન સાથે સંતુલન બનાવી શકતું નથી, જેના કારણે અનેક આરોગ્ય સમસ્યાઓ ઉભી થઈ શકે છે. નીચે ફ્રિજના ઠંડા પાણીથી થતા મુખ્ય નુકસાનો વિશે જણાવવામાં આવ્યું છે.

જનું ઠંડું પાણી પાચન ક્રિયાને ધીમી કરી શકે છે. જ્યારે તમે ખૂબ ઠંડું પાણી પીઓ છો, ત્યારે શરીરની પાચન એન્ઝાઈમ્સની કાર્યક્ષમતા ઘટી જાય છે, જેના કારણે ખોરાક યોગ્ય રીતે પચતો નથી. આનાથી અપચો, પેટમાં ગેસ, કબજિયાત અને પેટ ખરાબ થવા જેવી સમસ્યાઓ થઈ શકે છે. ખાસ કરીને, ભોજન દરમિયાન કે તરત પછી ઠંડું પાણી પીવું ટાળવું જોઈએ.

ઠંડું પાણી શરીરની નર્વ સિસ્ટમ પર અસર કરી શકે છે, જે હૃદયની ગતિને નિયંત્રિત કરે છે. ખૂબ ઠંડું પાણી પીવાથી શરીરના વેગસ નર્વ (vagus nerve) પર દબાણ પડે છે, જે હૃદયની ગતિ ઘટાડી શકે છે. આ સ્થિતિ ખાસ કરીને એવા લોકો માટે ખતરનાક હોઈ શકે છે, જેમને હૃદય સંબંધિત સમસ્યાઓ હોય.

ફ્રિજનું ઠંડું પાણી ગળામાં બળગમ પેદા કરી શકે છે, જેના કારણે ગળામાં ખરાશ, ખાંસી અને બળતરા જેવી સમસ્યાઓ થઈ શકે છે. આ ખાસ કરીને એવા લોકો માટે સમસ્યારૂપ બની શકે છે, જેમને શ્વાસોચ્છવાસની સમસ્યાઓ કે એલર્જી હોય. ઠંડું પાણી શ્વસન માર્ગમાં બળગમ જમાવી શકે છે, જે શરદી અને ગળાના ચેપનું જોખમ વધારે છે. જો તમે તડકામાંથી આવીને તરત જ ફ્રિજનું ઠંડું પાણી પીઓ છો, તો તે માથાનો દુખાવો અને ''બ્રેઈન ફ્રીઝ'' જેવી સ્થિતિનું કારણ બની શકે છે.

ફ્રિજનું ઠંડું પાણી પીવું કેટલાક લોકો માટે હાનિકારક હોઈ શકે છે, પરંતુ તે સામાન્ય રીતે જીવલેણ નથી. જોકે, જો તમે વારંવાર ખૂબ ઠંડું પાણી પીઓ છો અને ઉપર જણાવેલી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો, તો તે તમારા આરોગ્યને લાંબા ગાળે નુકસાન પહોંચાડી શકે છે. ખાસ કરીને, જે લોકોને પાચન સમસ્યાઓ, હૃદય રોગ, શ્વાસોચ્છવાસની સમસ્યાઓ કે સાઇનસની ફરિયાદ હોય, તેમણે ઠંડું પાણી પીવામાં સાવચેતી રાખવી જોઈએ.

# ઉનાળામાં આ ફળ ખાવાથી મળશે ઠંડક અને તાજગી, કોઈપણ દવા-સપ્લીમેન્ટ વિના શરીરને રાખશે ઉર્જાવાન

## ફાઇબરની માત્રા આંતરડાને સ્વસ્થ રાખે છે અને પાચનક્રિયાને સરળ બનાવે છે, એન્ટીઓક્સિડન્ટ્સ ત્વચાને યુવાન રાખે છે અને ઉંમરના ચિહ્નોને ઘટાડે છે

ઉનાળામાં શરીરને ઠંડક, તાજગી અને પોષણ આપવા માટે કિવી એક શ્રેષ્ઠ સુપરફૂટ છે. તેમાં રહેલા વિટામિન C, ફાઈબર, પોટેશિયમ અને એન્ટીઑક્સિડન્ટ્સ શરીરને ઊર્જાથી ભરપૂર રાખે છે, પાચનતંત્રને સ્વસ્થ રાખે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. પ્રોફેસર લલિત તિવારીની સલાહ અનુસાર, દરરોજ એક કિવી ખાવાથી ગરમીની અસરથી બચી શકાય છે અને આખો દિવસ તાજગી જળવાઈ રહે છે. ઉનાળાની કાળઝાળ ગરમી અને ભેજવાળું વાતાવરણ શરીરને થાકેલું અને નબળું બનાવી દે છે. આ ઋતુમાં વારંવાર તરસ લાગે છે, ભૂખ ઓછી થાય છે અને પેટની સમસ્યાઓ જેમ કે ગેસ, અપચો, એસિડિટી કે કબજિયાત જેવી ફરિયાદો સતાવે છે. આવા સમયે શરીરને ઠંડક, તાજગી અને પોષણ આપવા માટે ખોરાકમાં ખાસ ધ્યાન આપવું જરૂરી છે. ઉનાળામાં કિવી જેવું સુપરફૂટ તમારી ડાયટમાં સામેલ કરવું એ શ્રેષ્ઠ વિકલ્પ છે. કિવી ન માત્ર શરીરને ઠંડક અને ઊર્જા આપે છે, પરંતુ તે પેટની સમસ્યાઓ દૂર કરીને આરોગ્યને પણ સુધારે છે. પ્રોફેસર લલિત તિવારીના જણાવ્યા અનુસાર, કિવીમાં વિટામિન C, ફાઈબર, પોટેશિયમ અને એન્ટીઑક્સિડન્ટ્સનો ભરપૂર ભંડાર છે, જે ઉનાળામાં શરીર માટે વરદાન સમાન છે. ચાલો, જાણીએ કે કિવી કેવી રીતે તમારા આરોગ્યને ફાયદો પહોંચાડે છે અને ઉનાળામાં તેનું સેવન કેવી રીતે કરવું. ઉનાળામાં શરીરને હાઈડ્રેટેડ અને તાજું રાખવા માટે ફળોનું સેવન ખૂબ જ જરૂરી છે. પ્રોફેસર લલિત તિવારીના જણાવ્યા અનુસાર, કિવી એક વિદેશી



ફળ છે, પરંતુ હવે તે ભારતમાં, ખાસ કરીને નૈનીતાલ જેવા પર્વતીય વિસ્તારોમાં સરળતાથી ઉપલબ્ધ છે. કિવીનો સ્વાદ ખાટો-મીઠો હોય છે અને તેની તાસીર ઠંડી હોવાથી તે ઉનાળાની ગરમીમાં શરીરને ઠંડક આપે છે. આ ફળ ન માત્ર ખાવામાં સ્વાદિષ્ટ છે, પરંતુ તેમાં રહેલા પોષક તત્વો શરીરને ઊર્જાથી ભરપૂર રાખે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. કિવીનું સેવન ગરમીમાં થતી થાક, નબળાઈ અને પેટની સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. કિવીમાં વિટામિન C, ફાઈબર, પોટેશિયમ અને એન્ટીઑક્સિડન્ટ્સ જેવા પોષક તત્વો ભરપૂર માત્રામાં હોય છે, જે શરીર માટે અનેક રીતે ફાયદાકારક છે. પ્રોફેસર તિવારી જણાવે છે કે કિવીમાં રહેલું વિટામિન C રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરે છે અને શરીરને ચેપ અને બીમારીઓથી બચાવે છે. ફાઈબરની ઉચ્ચ માત્રા પાચનતંત્રને સ્વસ્થ રાખે છે, જેનાથી કબજિયાત, ગેસ અને એસિડિટી જેવી સમસ્યાઓ દૂર રહે છે. પોટેશિયમ શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ સંતુલન જાળવે છે, જે ગરમીમાં પસીનાથી ખોવાયેલા મિનરલ્સની ભરપાઈ કરે છે. આ ઉપરાંત, એન્ટીઑક્સિડન્ટ્સ શરીરને ડિટોક્સ કરે છે, ત્વચાને ચમકદાર અને યુવાન રાખે છે, અને ફ્રી રેડિકલ્સથી થતા નુકસાનને અટકાવે છે. કિવીનું સેવન દિવસના કોઈપણ સમયે કરી શકાય છે, પરંતુ સવારના નાસ્તામાં તેને ખાવાથી આખો દિવસ તાજગી અને ઊર્જા જળવાઈ રહે છે. કિવીને સીધું ફળ તરીકે ખાઈ શકાય છે, અથવા તેને સલાડ, સ્મૂધી, ફ્રૂટ બાઉલ કે જ્યૂસમાં ઉમેરી શકાય છે. એક કિવી દરરોજ ખાવાથી શરીરને જરૂરી પોષક તત્વો મળે છે અને ગરમીની અસરથી બચાવ થાય છે. જો તમે વજન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છો, તો કિવી એક લો-કેલરી અને પોષક ફળ છે, જે ભૂખને નિયંત્રિત કરે છે અને શરીરને હાઈડ્રેટ રાખે છે. કિવી એક વિદેશી ફળ છે, પરંતુ હવે ભારતના પર્વતિય વિસ્તારોમાં તેની ખેતી સફળતાપૂર્વક થઈ રહી છે. નૈનીતાલ જિલ્લાના રામગઢ અને મુક્તેશ્વર જેવા વિસ્તારોમાં ખેડૂતો કિવીની ખેતી કરી રહ્યા છે અને સારો નફો કમાઈ રહ્યા છે. આનાથી ન માત્ર સ્થાનિક ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરી રહી છે, પરંતુ લોકોને પણ તાજી અને સ્થાનિક કિવી સરળતાથી ઉપલબ્ધ થઈ રહી છે. જો કે, કિવી એક પ્રીમિયમ ફળ છે અને તેની કિંમત ૫૦ થી ૧૦૦ રૂપિયા પ્રતિ દાણો હોઈ શકે છે. છતાં, તેના આરોગ્ય લાભોને ધ્યાનમાં રાખીને તેને ડાયટમાં સામેલ કરવું ફાયદાકારક છે. કિવીનું સેવન માત્ર ઉનાળામાં જ નહીં, પરંતુ આખું વર્ષ ફાયદાકારક છે. તે હૃદયના આરોગ્યને સુધારે છે, કારણ કે તેમાં રહેલું પોટેશિયમ બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે.

# ફેસ પર કાળા ડાઘા ડાઘા પડી ગયા છે? તો આ પેક લગાવો, સ્કિન મસ્ત થશે

## તમારી સ્કિનને કયુ સનસ્ક્રીન લોશન સેટ થશે એ માટે તમે એક્સપર્ટની સલાહ લઇ શકો છો, આમ, ગરમીમાં સનસ્ક્રીન લોશન લગાવવાનું ભૂલશો નહીં

સ્કિનની કેર તમે પ્રોપર રીતે કરતા નથી તો ડલ થઈ જાય છે. ડલ સ્કિન તમારી ચહેરાની સુંદરતા બગાડવાનું કામ કરે છે. ડલ સ્કિનની કેર નિયમિત કરવી ખૂબ જરૂરી છે. આમ, વાત કરવામાં આવે તો અનેક લોકોનાં ફેસ પર કાળા ડાઘ પડી જતા હોય છે. કાળા ડાઘ દૂર કરવા માટે લોકો જાતજાતની ટ્રિટમેન્ટ તેમજ ક્રીમનો ઉપયોગ કરતા હોય છે. તેમ છતાં ફેસ ક્લિન થતો નથી. આમ, તમારા ફેસ પર પણ કાળા ડાઘ પડી ગયા છે તો આ ઉપાય તમને અનેક રીતે કામમાં આવી શકે છે. તો જાણો ફેસ ક્લિન કરવા માટે શું કરશો? તમારા ફેસ પર કાળા ડાઘ પડી ગયા છે તો તમે આ ફેસ પેકનો ઉપયોગ કરી શકો છો. આ ફેસ પેક તમે સરળતાથી ઘરે બનાવી શકો છો. આ ફેસ પેક બનાવવા માટે બેસન, લીંબુ અને મધની જરૂર પડશે. સૌથી પહેલાં બટાકાની છાલ કાઢીને મિક્સરમાં રસ બનાવો. ત્યારબાદ બટાકાનાં રસમાં ચણાનો લોટ અને લીંબુ મિક્સ કરો. આ સાથે મધ મિક્સ કરો. તો તૈયાર છે આ ફેસ પેક. આ ફેસ પેક ચહેરા પર લગાવો અને ૧૫ મિનિટ માટે રહેવા દો. પછી પાણીથી ફેસ વોશ કરી દો. ત્યારબાદ ચહેરા પર ગુલાબ જળ લગાવો અને ૨ મિનિટ માટે મસાજ કરો. પછી ચહેરાને પાણીથી ધોઈ દો. આ ફેસ પેક તમે ચહેરા પર રેગ્યુલર લગાવશો તો સ્કિન મસ્ત થઈ જશે. આ પેકથી સ્કિન પર ગજબનો ગ્લો આવશે. આ પેક તમે રેગ્યુલર લગાવશો તો પિગ્મેન્ટેશનની સમસ્યા દૂર થઈ જશે. આ પેકથી ડાર્કનેસ પણ દૂર થઈ જશે. તમે જ્યારે પણ ગરમીમાં બહાર જાવો ત્યારે સનસ્ક્રીન લોશન લગાવો. સનસ્ક્રીન લોશન લગાવવાથી સ્કિન ડેમેજ ઓછી થાય છે. સનસ્ક્રીન લોશન તમે રેગ્યુલર એપ્લાય કરો છો તો ટેનિંગની સમસ્યા પણ દૂર થઈ જશે.

# પેકેટ માં આવતું દૂધ ઉકાળવું જોઈએ કે નહીં?

## દુકાનમાંથી દૂધ ખરીદ્યા પછી, આપણું પહેલું કામ તેને દૂધને ગરમ કરવાનું

દૂધ ખરીદ્યા પછી તેને ઉકાળવાની આપણી આદત છે. જ્યારે અમને ગાય અને ભેંસનું દૂધ સીધું મળતું હતું અને હવે જ્યારે અમને પેકેજ્ડ દૂધ મળે છે ત્યારે પણ. બંને પરિસ્થિતિઓમાં, આપણે દૂધ ગરમ કરીએ છીએ અને પછી જ તેનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ જો આપણે તેને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોઈએ, તો શું આવું કરવું યોગ્ય છે? નિષ્ણાતોના મતે, આવું કરવું બિલકુલ યોગ્ય નથી. પેકેટમાં આવતા દૂધ પર પેશ્ચરાઈઝ્ડ, ટોન્ડ અથવા ૐ લેબલ હોય છે. આ પ્રકારના દૂધને પહેલા ઊંચા તાપમાને ગરમ કરવામાં આવે છે, પછી તેને ઠંડુ કરીને પેકેટમાં સીલ કરવામાં આવે છે. તો પ્રશ્ન એ છે કે જો તે એક વાર ગરમ થઈ જાય તો ફરીથી શા માટે કરવું જોઈએ? તેને ગરમ કરવાની બિલકુલ જરૂર નથી. ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલમાં, ડાયેટિશિયન કનિકા મલ્હોત્રાએ જણાવ્યું હતું કે જો પેકેટ સંપૂર્ણપણે સીલબંધ હોય, તો પેક્ડ દૂધ ગરમ કરવાની બિલકુલ જરૂર નથી. જો તમે દૂધ ખરીદીને ફ્રીઝરમાં રાખો છો, તો પણ જો પેકેટ ખરાબ ન થાય તો તેને ગરમ કરવાની જરૂર નથી. પાશ્ચરાઈઝ્ડ દૂધનો અર્થ એ છે કે તેને ગરમ કરવાની પ્રક્રિયા દ્વારા શુદ્ધ કરવામાં આવ્યું છે જેમાં તેમાં રહેલા બેક્ટેરિયા અને વાયરસ મરી ગયા છે. જો દૂધનું પેકેટ ફાટી ગયું હોય અથવા કોઈપણ રીતે નુકસાન થયું હોય અથવા ખરાબ રીતે રાખવામાં આવ્યું હોય, તો આ સ્થિતિમાં દૂધ ગરમ કરવું જોઈએ. તેવી જ રીતે, જો તમને શંકા હોય કે દૂધ યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં આવ્યું નથી, તો તમારે દૂધ ગરમ કરવું જોઈએ. આનું કારણ એ છે કે આ સ્થિતિમાં બેક્ટેરિયા અથવા વાયરસ દૂધમાં પ્રવેશી શકે છે. જો તમે સીલબંધ પેકેજ્ડ દૂધને ગરમ



કરો છો, તો તેનાથી કોઈ નુકસાન થશે નહીં પરંતુ દૂધમાં પહેલાથી હાજર કેટલાક સૂક્ષ્મ પોષક તત્વો નષ્ટ થઈ જશે. ઉદાહરણ તરીકે, દૂધમાં હાજર વિટામિન B, B1, B2, B3, B6 અને ફોલિક એસિડ તેમાંથી દૂર થશે. દૂધ ગરમ કરવાથી, આમાંથી લગભગ ૩૬ ટકા સૂક્ષ્મ પોષકતત્ત્વો દૂર થઈ જશે. દૂધમાં રહેલું રિબોફ્લેવિન ઉર્જા ઉત્પાદન માટે એક મહત્વપૂર્ણ પદાર્થ છે પરંતુ તેને ગરમ કર્યા પછી તે ઘટશે. જોકે, કેટલાક લોકોને પેકેજ્ડ દૂધ ગરમ ન કરવામાં આવે તો તેનો સ્વાદ ગમતો નથી. પણ એ તમારી પસંદગી છે. તેને ગરમ કરવાની બિલકુલ જરૂર નથી. ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલમાં, ડાયેટિશિયન કનિકા મલ્હોત્રાએ જણાવ્યું હતું કે જો પેકેટ સંપૂર્ણપણે સીલબંધ હોય, તો પેક્ડ દૂધ ગરમ કરવાની બિલકુલ જરૂર નથી. જો તમે દૂધ ખરીદીને ફ્રીઝરમાં રાખો છો, તો પણ જો પેકેટ ખરાબ ન થાય તો તેને ગરમ કરવાની જરૂર નથી. પાશ્ચરાઈઝ્ડ દૂધનો અર્થ એ છે કે તેને ગરમ કરવાની પ્રક્રિયા દ્વારા શુદ્ધ કરવામાં આવ્યું છે.

# દેખાવમાં નાની પણ સ્વાસ્થ્યનો ખજાનો છે આ વસ્તુ

## બ્લેક દ્રાક્ષ આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે, તે પાચન, રક્ત સંચાર, હૃદય, હાડકાં, ત્વચા અને ઇમ્યુનિટી માટે લાભદાયી છે, કિશમિશમાં વિટામિન, ફાઇબર અને એન્ટીઓક્સિડન્ટ્સ હોય...



બ્લેક દ્રાક્ષ આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે. તે પાચન, રક્ત સંચાર, હૃદય, હાડકાં, ત્વચા અને ઈમ્યુનિટી માટે લાભદાયી છે. કિશમિશમાં વિટામિન, ફાઈબર અને એન્ટીઓક્સિડન્ટ્સ હોય છે. બ્લેક દ્રાક્ષ ભલે દેખાવમાં નાની હોય, પરંતુ તેને ખાવાના ફાયદા અનેક છે. બ્લેક દ્રાક્ષ ખાવામાં સ્વાદિષ્ટ તો હોય છે, પણ તે આરોગ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. આયુર્વેદમાં તેને ઔષધિય ગુણોનો ખજાનો માનવામાં આવે છે, જે પાચન, રક્ત સંચાર અને ત્વચા સહિત આરોગ્યને સુધારવામાં અસરકારક છે. એટલું જ નહીં, બ્લેક દ્રાક્ષનું રોજનું સેવન અનેક આરોગ્ય સમસ્યાઓને દૂર કરવામાં પણ મદદરૂપ છે. ચાલો, જાણીએ કિશમિશના ફાયદાઓ વિશે. બ્લેક દ્રાક્ષમાં રહેલા પોષક તત્વો બ્લેક દ્રાક્ષ જે એક પ્રકારનું સૂકવેલી દ્રાક્ષ છે. તે વિટામિન, ફાઈબર, મિનરલ અને એન્ટીઓક્સિડન્ટથી ભરપૂર હોય છે, જેનાથી બીમારીઓ સામે લડવામાં મદદ મળે છે. નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં ફેબ્રુઆરી, ૨૦૨૨માં પ્રકાશિત રિપોર્ટ મુજબ, કિશમિશ (મુનક્કા)માં લિપિડ (ચરબી) ઘટાડવા અને એન્ટીઓક્સિડન્ટ ગુણ હોય છે, જે હૃદયરોગના જોખમને ઘટાડવામાં મદદ કરી શકે છે. બ્લેક દ્રાક્ષ ખાવાના આશ્ચર્યજનક ફાયદા હાર્ટને હેલ્ધી રાખેઃ કિશમિશ, જે પોલિફેનોલ જેવા એન્ટીઓક્સિડન્ટથી ભરપૂર હોય છે, તે હાઈપરલિપિડેમિયા ધરાવતા દર્દીઓમાં રક્તચાપ અને એન્ટીઓક્સિડન્ટ સ્તરને સુધારે છે. તે હૃદયરોગના કેટલાક જોખમોને ઘટાડવામાં મદદ કરી શકે છે. પાચન-હાડકાંને મજબૂત બનાવેઃ કિશમિશ ખાવાથી પાચન સંબંધિત સમસ્યાઓમાં તો ફાયદો મળે છે. સાથે હાડકાં મજબૂત થાય છે અને એનર્જી પણ વધે છે. ઉપરાંત, તે ત્વચા માટે ફાયદાકારક અને ઈમ્યુનિટી મજબૂત કરે છે. કબજિયાતથી રાહત આપેઃ કિશમિશમાં ફાઈબરની પ્રચુર માત્રા હોય છે, જે કબજિયાતને દૂર કરે છે. આયર્ન અને વિટામિન બીની હાજરીને કારણે તે રક્તની કમી (એનિમિયા) દૂર કરવામાં અસરકારક છે. થકાવટ-કમજોરી દૂર કરેઃ કિશમિશમાં રહેલા કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવા ખનિજોને કારણે મુનક્કા હાડકાં અને દાંતને મજબૂતી આપે છે. એટલું જ નહીં, કિશમિશનું સેવન થકાવટ અને કમજોરીથી રાહત આપવા માટે પણ ઉપયોગી માનવામાં આવે છે. ત્વચા પર નીખાર લાવેઃ કિશમિશમાં રહેલા એન્ટીઓક્સિડન્ટ્સ ત્વચાને પણ નીખારવાનું કામ કરે છે. તેના સેવનથી કરચલીઓ અને ઉંમર વધવાના લક્ષણો ઓછા થાય છે, જે ત્વચાને સ્વસ્થ રાખે છે. સાથે, કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં પણ તે ખૂબ ફાયદાકારક છે. બ્લેક દ્રાક્ષ અને કિશમિશના આરોગ્યલક્ષી લાભો, બ્લેક દ્રાક્ષ માત્ર સ્વાદિષ્ટ જ નહીં પણ આરોગ્ય માટે અતિ ઉપયોગી ફળ છે. તેમાં પાવરફુલ એન્ટીઓક્સિડન્ટ્સ જેમ કે રેસ્વેરાટ્રોલ અને ફ્લાવનોઈડ્સ હોય છે, જે શરીરમાંથી ઝેરિલા તત્વોને દૂર કરીને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. બ્લેક દ્રાક્ષ પાચનતંત્ર માટે ખૂબ ઉપયોગી છે કારણ કે તેમાં ફાઈબર હોય છે, જે હજમ માટે સહાયક છે અને કબજિયાત દૂર કરે છે. તેમ જ, બ્લેક દ્રાક્ષ રક્તસંચાર સુધારવામાં અને હૃદયને તંદુરસ્ત રાખવામાં પણ મદદરૂપ છે, કારણ કે તેમાં હૃદયની રક્ષા કરતા પૌષ્ટિક તત્ત્વો હોય છે.

# પરિણીત પુરુષ કેમ અન્ય મહિલા તરફ આકર્ષાય છે?

## તેના મુખ્ય કારણોમાં ઓછી ઉંમરે લગ્ન, શારીરિક સંબંધોની ઉણપ અને બાળકોનો જન્મ વગેરે હોઈ શકે છે

લગ્ન જીવન પતિ પત્નીના પ્રેમ અને વિશ્વાસ પર ચાલતું હોય છે. ક્યારેક એવું પણ બને છે કે, લગ્નના થોડા સમય બાદ પતિ અન્ય કોઈ મહિલા તરફ આકર્ષાય છે. આ અંગેના કારણો ચાણક્ય નીતિમાં જણાવાયા છે. ચાણક્ય નીતિ અનુસાર, તેના મુખ્ય કારણોમાં ઓછી ઉંમરે લગ્ન, શારીરિક સંબંધોની ઉણપ અને બાળકોનો જન્મ વગેરે હોઈ શકે છે. કેટલાક પુરુષો લગ્નના કેટલાક જ દિવસો બાદ બીજી મહિલા તરફ આકર્ષાય છે. તો બીજી તરફ કેટલાક પુરુષોને વિદેશી મહિલાઓ પણ પસંદ હોય છે. તેમજ આ લોકો તેમની સાથે શારીરિક સંપર્ક બનાવવાનો પ્રયત્ન કરે છે. જોકે, પત્નીઓ માટે આ ચિંતાનો વિષય છે કે, તેઓ પોતાના પતિને અન્ય મહિલા સાથે જુએ. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે પુરુષ આવું શું કામ કરે છે? ચાણક્ય નીતિમાં તેના કારણો અંગે જણાવવામાં આવ્યું છે. ચાણક્ય નીતિની



મદદથી જાણો કેમ પત્નીથી દૂર રહેવા લાગે છે પતિ. ચાણક્ય નીતિમાં જીવનના ઘણા પાસાઓ વિષે સિદ્ધાંત જણાવવામાં આવ્યા છે. ધર્મ, ધન, કર્મ, મોક્ષ, પારિવારિક જીવન, સંબંધોથી લઈને દેશ સુધી બધું જ. પુરુષો અને મહિલાઓનું એકબીજા પ્રત્યે આકર્ષિત થવું સામાન્ય વાત છે. પરંતુ જ્યારે તેનાથી રિલેશન ખરાબ થઈ જાય છે, તો લગ્ન જીવન જોખમાય છે. જો આકર્ષણ પર નિયંત્રણ ન હોય, તો તે લગ્નેતર સંબંધોને જન્મ આપી શકે છે. આ પ્રત્યેક વ્યક્તિ માટે એક મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક મુદ્દો છે. - ક્યારેક ઓછી ઉંમરે લગ્ન કરવું સંબંધો માટે હાનિકારક હોઈ શકે છે. આ ઉંમરે જાગૃતતાની ઉણપ અને કરિયર પર ફોકસ કરવાના કારણે લાઈફ પાર્ટનર માટે ઓછો સમય ધ્યાન રહે છે.

એક વખત જીવનમાં નિશ્ચિત સ્થિરતા પ્રાપ્ત થઈ જવા પર ઈચ્છાઓ બદલાઈ જાય છે અને બીજા પ્રત્યે આકર્ષણ વધી શકે છે. જો પતિ-પત્ની વચ્ચે સંતોષજનક શારીરિક સંબંધ નથી, તો સંબંધોમાં આકર્ષણ ઓછું થઈ જાય છે. પરિણીત પુરુષ કેમ અન્ય મહિલા તરફ આકર્ષાય છે? ચાણક્ય નીતિમાં જણાવ્યું છે આનું રહસ્ય, ચાણક્ય નીતિની મદદથી જાણો કેમ પત્નીથી દૂર રહેવા લાગે છે પતિ. ચાણક્ય નીતિમાં જીવનના ઘણા પાસાઓ વિષે સિદ્ધાંત જણાવવામાં આવ્યા છે. જેનાથી મેરિડ લાઈફમાં અડચણો આવે છે. આવા મુદ્દાઓ પર દિલની વાત કરવા પર સમાધાનથી બધું સરખું થઈ જાય છે. - જોકે, કેટલાક લોકો લગ્નેતર સંબંધોને યોગ્ય માને છે પરંતુ તેનાથી પતિ-પત્ની વચ્ચે વિશ્વાસ તૂટી જાય છે. એકબીજા પ્રત્યે ઈમાનદારી રાખવી જરૂરી છે. નહીંતર સંબંધો બગડી શકે છે.

કેટલાક પરિવારોમાં જોઈ શકાય છે કે, બાળકોના જન્મ બાદ પતિ પોતાની પત્નીથી દૂર થઈ જાય છે. કારણ કે પત્ની પોતાનું બધું ધ્યાન બાળક પર આપે છે. જોકે, આ માત્ર અસ્થાયી હોય છે. એકબીજા સાથે પરસ્પર વાત કરવાથી સંબંધ ફરીથી પહેલાં જેવો થઈ શકે છે. - વૈવાહિક સંબંધોને જાળવી રાખવા માટે પરસ્પર સમજણ, વિશ્વાસ, પ્રેમ અને ધીરજ હોવી જરૂરી છે. જ્યારે સમસ્યાઓ ઉભી થાય તો તેનાથી ભાગવું ન જોઈએ, પરંતુ વાતચીત કરીને તેનું સમાધાન કરવું જોઈએ. જો તમે એકબીજાને સાચા અર્થમાં સમજો છો, તો તમારા બંને વચ્ચેનો બોન્ડ ખૂબ જ મજબૂત થઈ જશે.

# પટણા એરપોર્ટ પર પાણીના પાઈપમાં મહિલાનો મૃતદેહ મળ્યો

। (એજન્સી) પટણા, તા.૧૧ ।

બિહારની રાજધાની પટણાથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં પટણા એરપોર્ટ પર એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. પટણા એરપોર્ટની નવી ટર્મિનલ બિલ્ડીંગ સ્થિત વરસાદનું પાણી નીકળતા પાઈપમાંથી શનિવારે રાત્રે ૩૨ વર્ષની એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મહિલા સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે મૃતદેહને મોર્ચરીમાં મોકલીને તપાસ હાથ ધરી છે. મહિલાનો મૃતદેહ મળી આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. સચિવાલય ડીએસપી-૧ ડોક્ટર અનુકુમારીએ જણાવ્યું કે, શનિવારે રાત્રે મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તેની ઓળખનો પ્રયાસ કરી રહી છે અને આ સાથે જ ટર્મિનલ બિલ્ડીંગમાં કામ કરનારાની પૂછપરછ કરી રહી છે. ખૂબ જ સંવેદનશીલ એરપોર્ટ કેમ્પસમાં શનિવારે રાત્રે મહિલાનો મૃતદેહ મળવાથી હડકંપ મચી ગયો છે. હવે આ અંગે અનેક પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં પોલીસનું માનવું છે કે, મહિલાની હત્યામાં પાઈપલાઈન બનાવનારા કર્મચારી સામેલ હોઈ શકે છે, કારણ કે મહિલાની હત્યા બાદ મૃતદેહને પાઈપમાં નાખીને બંધ કરી દીધો હતો. પોલીસ પાઈપલાઈન લગાવનારા વર્કરોની માહિતી એકત્ર કરી રહી છે, તેની પૂછપરછ કરવામાં આવશે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે મૃતક મહિલા મજુર, બહારથી બોલાવવામાં આવેલી અથવા પ્રવાસી હોઈ શકે છે. હાલમાં ઓળખ બાદ જ મામલો સ્પષ્ટ થઈ શકશે. પટણા એરપોર્ટ પર નિર્માણા દિન નવી ટર્મિનલ બિલ્ડીંગમાં છત પરથી આવતા વરસાદી પાણીને જમીનમાં લઈ જવા માટે પાઈપ લગાવવામાં આવ્યા છે. ફીટીંગ બાદ મંગળવારે સાંજે પાઈપની તપાસ કરવામાં આવી રહી હતી. ત્રણ પાઈપમાંથી પાણી જઈ રહ્યું હતું. જો કે, એક પાઈપમાં પાણી જામ થઈ ગયું હતું. જામનું કારણ જાણવા માટે એન્જિનિયરે પાઈપના જામવાળા ભાગને કટરથી કાપી નાખ્યો, તો તેમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો. આ મહિલાનો મૃતદેહ અર્ધનગ્ન અવસ્થામાં હતો. ખૂબ જ સંવેદનશીલ એરપોર્ટ કેમ્પસમાં મૃતદેહ મળવાથી અફરાતફરી મચી ગઈ છે. રાત્રે ૮:૦૦ વાગ્યે આ ઘટનાની સૂચના એરપોર્ટ પોલીસ સ્ટેશનને આપવામાં આવી. એરપોર્ટ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ એ જણાવ્યું કે, મહિલાનો મૃતદેહ બે દિવસ પહેલાનો લાગી રહ્યો છે. ઘટના બાદ પોલીસે એરપોર્ટ પર કામ કરાવી રહેલી નિર્માણ એજન્સીઓ સાથે સંપર્ક કર્યો તો જાણવા મળ્યું કે, ત્રણ એજન્સીમાં મહિલા કર્મચારીઓ કામ કરે છે. એજન્સીઓનો દાવો છે કે, એક મહિલાને છોડીને કોઈ પણ મહિલા ગુમ અથવા શંકાસ્પદ પરિસ્થિતિમાં લાપતા નથી. જોકે સૂત્રોના જણાવ્યા પ્રમાણે એક મહિલા કર્મચારીનો મોબાઈલ ફોન હાલમાં બંધ આવી રહ્યો છે. રવિવારે ડ્યુટી પર ન આવવાના કારણે પોલીસ તેના અંગે માહિતી એકત્ર કરી રહી છે.

### ૧૯ દિવસથી ચૂપ થઈને બેઠા હતા અમિતાભ બચ્ચન

# અમિતાભ બચ્ચને ઓપરેશન સિંદૂર પર લખી દરેક ગર્વ થાય એવી કવિતા

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।



૨૨ એપ્રિલે આતંકવાદીઓ પહેલગામ પર હુમલો કર્યો અને ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરી. આ સમાચારે આખા દેશને હચમચાવી નાખ્યો અને લોકોમાં આક્રોશ જોવા મળ્યો. બધા ઈચ્છતા હતા કે સરકાર પાકિસ્તાન સામે કડક પગલાં લે. હુમલાના ૧૫ દિવસ પછી ૭ મેના રોજ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરતા ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) માં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલો કર્યો.

સામાન્ય લોકોથી લઈને રાજકારણીઓ અને ઘણા કલાકારો સુધી બધાએ આ મામલે પોતાની પ્રતિક્રિયા આપી, પરંતુ દાયકાઓથી લાખો ચાહકો અને હિન્દી સિનેમાના દિલ પર રાજ કરનારા અમિતાભ બચ્ચન ચૂપ રહ્યા અને તેમના ચાહકોને આ બિલકુલ ગમ્યું નહીં. તે ઘણા દિવસોથી સતત ટ્વિટ કરી રહ્યા હતા, પરંતુ ચાહકો તે બધા ટ્વિટમાં હુમલા સાથે સંબંધિત વસ્તુઓ શોધતા રહ્યા, જે તેમને મળ્યું નહીં. હવે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા ૧૯ દિવસથી ભારે તણાવ છે, ત્યારે બિગ બીની એક પોસ્ટ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટમાં તેમણે પહલગામ હુમલાથી લઈને 'ઓપરેશન સિંદૂર' સુધીની આખી કવિતા લખી છે. જોકે, તેમણે તે એવી રીતે લખી, જાણે તેઓ ખરેખર કવિતા લખી રહ્યા હોય, પરંતુ તે વાંચ્યા પછી તમે અનુમાન કરી શકો છો કે તે પહલગામ હુમલા અને 'ઓપરેશન સિંદૂર' જેવું જ છે. પોતાની પોસ્ટમાં તેમણે લખ્યું, 'FB 4295 - રજાઓ ઉજવતી વખતે, તે રાક્ષસે, નિર્દોષ પતિ-પત્નીઓને બહાર ખેંચીને, પતિને નગ્ન કરી, તેમના ધર્મની ફરજ પૂરી કર્યા પછી, જ્યારે તેમના પર ગોળીબાર શરૂ કર્યો, તો પત્ની ઘૂંટણિયે પડીને રડી પડી અને તેમના પતિને ન મારવા વિનંતી કર્યા પછી પણ; તે કાયર રાક્ષસે તેમના પતિને નિર્દયતાથી ગોળી મારી દીધી, જેનાથી પત્ની વિધવા થઈ ગઈ!!!' તેણે આગળ લખ્યું, 'જ્યારે પત્નીએ કહ્યું 'મને પણ મારી નાખો'!! તો રાક્ષસે કહ્યું, 'ના!' તું જઈને '...' બતાવજે! દીકરીની માનસિક સ્થિતિ વિશે વાત કરતાં મને પૂજ્ય બાબુજીની એક કવિતાની એક પંક્તિ યાદ આવી: જાણે, તે દીકરી... પાસે ગઈ અને કહ્યું: "તે ચિતાની રાખ કરીને હું, માંગે છે સિંદૂર દુનિયા", પછી ૧૧... એ આપી દીધું સિંદૂર!!!'. જય હિંદ, જય હિંદની સેના, તમે ક્યારેય રોકાશો નહીં; તમે ક્યારેય પાછા નહીં ફરો; તમે ક્યારેય નમશો નહીં, શપથ લેશો, શપથ લેશો, શપથ લેશો! અગ્નિ પર્થ! અગ્નિ પર્થ! અગ્નિ પર્થ!!!'. તેમની પોસ્ટ વધુને વધુ વાયરલ થઈ રહી છે અને તેમના પર અત્યાર સુધીમાં ઘણી પ્રતિક્રિયાઓ આવી ચૂકી છે.

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પહેલીવાર બન્યું આવું

# મેચમાં UAEના તમામ ૧૦ બેટ્સમેન રિટાયર આઉટ થયા

### ક્રિકેટમાં ઘણીવાર અવનવી ઘટનાઓ બનતી હોય છે

। (એજન્સી) કતાર, તા.૧૧ ।

ICC મહિલા T20 વર્લ્ડ કપ એશિયા ક્વોલિફાયરમાં સંયુક્ત આરબ અમીરાત (UAE) અને કતાર વચ્ચેની મેચમાં એક વિચિત્ર ઘટના જોવા મળી. આ મેચમાં UAEના તમામ ૧૦ બેટ્સમેન રિટાયર આઉટ થયા. આ મેચ શનિવારે રમાઈ હતી. શનિવારે કતાર સામે મહિલા T20 વર્લ્ડ કપ એશિયા ક્વોલિફાયરમાં ૧૬ ઓવરમાં કોઈ વિકેટ ગુમાવ્યા વિના ૧૯૨ રન બનાવીને UAEના તમામ ૧૦ બેટ્સમેન રિટાયર્ડ આઉટ થયા હતા, જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રથમ વખત બન્યું છે. બેટિંગ કરવા ઉતરેલ UAEના કેપ્ટન ઈશા ઓઝા અને તીર્થા સતીશે ૧૬ ઓવરમાં પ્રથમ વિકેટ માટે ૧૯૨ રન ઉમેર્યા. બેટ્સમેન રિટાયર્ડ આઉટ થયા હતા.

ઈશાએ ૫૫ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૧૧૩ રન બનાવ્યા, જ્યારે તીર્થાએ ૪૨ બોલમાં ૭૪ રન બનાવ્યા. બંનેએ ૧૯૨ રનની ઓપનિંગ ભાગીદારી કરી. આ પછી UAEએ ઈનિંગ્સનો અંત લાવવાનો નિર્ણય કર્યો. મર્યાદિત ઓવર ક્રિકેટમાં ઈનિંગ્સ પુરી કરવાની મંજૂરી ન હોવાથી, ઈશા-તીર્થા અને અન્ય આઠ બેટ્સમેન નિવૃત્ત થયા હતા.

ત્યારબાદ UAEએ કતારને ૧૧.૧ ઓવરમાં માત્ર ૨૯ રનમાં ઓલઆઉટ કરી દીધું અને ૧૬૩ રનથી જંગી જીત મેળવી. આ મેચ ફક્ત ૨૭.૧ ઓવર સુધી ચાલી હતી, જેમાં ૧૫ બેટ્સમેન શૂન્ય રને આઉટ થયાનો રેકોર્ડ હતો, જે મહિલા T20 આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી વધુ છે. આશ્ચર્યજનક વાત એ હતી કે UAEના ૮ બેટ્સમેન એક પણ બોલ રમ્યા વિના આઉટ થયા હતા. જવાબમાં કતાર ૧૯૩ રનના ટાર્ગેટનો પીછો કરવા મેદાનમાં ઉતર્યું અને કતારના ૭ ખેલાડીઓ પોતાનું ખાતું પણ ખોલાવી શક્યા ન હતા, આમ મેચમાં કુલ ૧૫ ખેલાડીઓ શૂન્ય સ્કોર પર આઉટ થયા હતા. પરિણામે UAE ટીમે આ મેચ ૧૬૩ રનના મોટા માર્જિનથી જીતી લીધી હતી.

### ક્રિકેટ જગત માટે દુઃખદ સમાચાર

# ઓસી. દિગ્ગજ ક્રિકેટર બોબ કાઉપરનું મેલબોર્નમાં નિધન

। (એજન્સી) મેલબોર્ન, તા.૧૧ ।

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ માટે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. દિગ્ગજ ક્રિકેટર બોબ કાઉપરનું મેલબોર્નમાં નિધન થયું છે. કાઉપર ૮૪ વર્ષના હતા અને ૧૧ મે, રવિવારના રોજ તેમનું અવસાન થયું. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કાઉપરના મૃત્યુની પુષ્ટિ કરી છે. કાઉપર લાંબા સમયથી કેન્સરથી પીડાતા હતા. કાઉપરના પરિવારમાં તેની પતેની ડેલ અને બે પુત્રીઓનો સમાવેશ થાય છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચેરમેન માઈક બેયર્ડે કહ્યું, બોબ કાઉપરના નિધનના સમાચાર સાંભળીને અમને ખૂબ જ દુઃખ થયું છે. તેઓ ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં ખૂબ જ આદરણીય વ્યક્તિ હતા. બોબ એક તેજસ્વી બેટ્સમેન હતા જેમને મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે તેમની ત્રેવડી સદી તેમજ ૧૯૬૦ના દાયકામાં ઓસ્ટ્રેલિયન અને વિક્ટોરિયા (રાજ્ય) ટીમો માટે તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે હંમેશા યાદ રાખવામાં આવશે.

ડાબોડી બેટ્સમેન બોબ કાઉપર તેમના બેસ્ટ સ્ટ્રોકપ્લે અને સંયમિત બેટિંગ માટે જાણીતા હતા. કાઉપરે ફેબ્રુઆરી ૧૯૬૬માં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઈંગ્લેન્ડ સામે પોતાની સૌથી યાદગાર ઈનિંગ રમી હતી. ત્યારબાદ તેમણે લગભગ ૧૨ કલાકની મેરેથોન ઈનિંગમાં ૧૮૯ બોલમાં ૩૦૭ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટ ક્રિકેટમાં કોઈ બેટ્સમેન દ્વારા ફટકારવામાં આવેલી આ પહેલી ત્રેવડી સદી હતી.

### એરફોર્સના એક મોટા અધિકારીનું ચોંકાવનારું નિવેદન

# પાકિસ્તાની વાયુસેનાના એક વરિષ્ઠ અધિકારીએ પુલવામા હુમલાને ટેક્ટિકલ બ્રિલિયંસ ગણાવ્યો

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૧ ।

પાકિસ્તાને વર્ષ ૨૦૧૯માં થયેલા પુલવામા હુમલામાં પોતાની સંડોવણીનો ઈનકાર કર્યો હતો, પરંતુ હવે તેના ઉચ્ચ વાયુસેના અધિકારીએ પોતે આ વાત સ્વીકારી છે. પાકિસ્તાન વાયુસેનાના એર વાઈસ માર્શલ અને ડાયરેક્ટર પબ્લિક રિલેશન્સ (ડીજીપીઆર) ઔરંગઝેબ અહેમદે એક પ્રેસ કોન્ફરન્સમાં પુલવામા હુમલાને ટેક્ટિકલ બ્રિલિયંસ એટલે કે સૈન્ય ચાલાકીની મિશાલ ગણાવી.

આ નિવેદન માત્ર પુલવામામાં જ નહીં પરંતુ તાજેતરના પહલગામ હુમલામાં પણ પાકિસ્તાનની ભૂમિકા પર શંકાઓને વધુ ઘેરી બનાવી રહ્યું છે. ઔરંગઝેબ અહેમદના આ નિવેદનથી પાકિસ્તાનની વર્ષો જૂની વાર્તાને ફગાવી દેવામાં આવી છે, જેમાં તેમણે વારંવાર કહ્યું છે કે તેમનો પુલવામા કે કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિ સાથે કોઈ સંબંધ નથી. પુલવામા આતંકવાદી હુમલા અંગે એક પ્રેસ કોન્ફરન્સમાં એર વાઈસ માર્શલ ઔરંગઝેબ અહેમદે જણાવ્યું હતું કે અમે અમારી ટેક્ટિકલ બ્રિલિયંસ દ્વારા તેમને (ભારતને) આ કહેવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન ઔરંગઝેબ અહેમદ સાથે પાકિસ્તાન સેનાના ડીજી આઈએસપીઆર લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરી અને નૌકાદળના પ્રવક્તા પણ હાજર હતા. પ્રેસ કોન્ફરન્સમાં આપેલું આ નિવેદન માત્ર પાકિસ્તાનની છબી પર મોટો કલંક નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ પાકિસ્તાનની આતંકવાદને ટેકો આપવાની નીતિને પણ ઉજાગર કરે છે. ગત ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જેમાં સેના, વાયુસેના અને નૌકાદળના ત્રણ સેવા આપતા અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. આ પછી ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદી લોન્ચપેડ પર એર સ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાન સરકારે હંમેશની જેમ આ અંગે નકારાત્મક વલણ અપનાવ્યું અને પુરાવા માંગ્યા. પરંતુ હવે પાકિસ્તાન વાયુસેનાના એક વરિષ્ઠ અધિકારીના આ કબૂલાતથી માત્ર પુલવામામાં જ નહીં પરંતુ પહલગામ હુમલામાં પણ તેની ભૂમિકા પર સવાલો ઉભા થયા છે.

Air Vice Marshal ઔરંગઝેબ અહેમદ સાથે હાજર રહેલા DG ISPR લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરી કોઈ સામાન્ય વ્યક્તિ નથી.

# ભારતે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડ્યું છે : સોફિયા કુરેશી

### ભારતીય સશસ્ત્ર દળો સંપૂર્ણ તૈયાર અને સતર્ક : કર્નલ કુરેશી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામની જાહેરાત થયા બાદ ભારતીય સંરક્ષણ મંત્રાલયે ફરી કોન્ફરન્સ યોજી છે. આ દરમિયાન કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું કે, 'પાકિસ્તાન ખોટા અહેવાલો ફેલાવી રહી છે. પાકિસ્તાનની પ્રેસ કોન્ફરન્સમાં કહેવાયું છે કે, ભારતીય સેનાએ મસ્જિદોને નિશાન બનાવ્યા, જોકે આવું કંઈ થયું જ નથી. અમે આતંકીઓને નિશાન બનાવી જવાબદારીથી કાર્યવાહી કરી હતી.' કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું કે, 'પાકિસ્તાનના એર ડિફેન્સ સિસ્ટમ, રડાર સિસ્ટમને બેકાર કરી દીધા છે. નિયંત્રણ રેખા પાસે પાકિસ્તાનના કમાન્ડ એન્ડ કંટ્રોલ લોજિસ્ટિક, તેમના મિલિટ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સૈનિકોને ઘણું નુકસાન થયું છે. સેનાએ પાકિસ્તાનની આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાઓ નષ્ટ કરી દેવાઈ છે. હું ફરી કહેવા માંગું છું કે, ભારતીય સશસ્ત્ર દળો સંપૂર્ણ તૈયાર અને સતર્ક છે અને ભારતની સંપ્રભુતા અને અખંડતતાનું રક્ષણ કરવા માટે સંપૂર્ણ સમર્પિત છે.' તેમણે કહ્યું કે, 'ભારતે મસ્જિદોને નુકસાન પહોંચાડ્યું હોવાનું પાકિસ્તાન દ્વારા કહેવામાં આવી રહ્યું છે. જોકે ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે અને ભારતની સેના તેના મહત્ત્વને જાણે છે. અમે તેમના મિલેટ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડ્યું છે. ભારતે પાકિસ્તાનના એરફીલ્ડ સ્કર્દૂ, જકૂબાબાદ, સરગોદા અને બુલારીને ઘણું નુકસાન કર્યું છે.' પાકિસ્તાન દ્વારા ખોટી માહિતી ફેલાવવાના ચલાવાત અભિયાનનો ઉલ્લેખ કરી કર્નલ સોફિયાએ કહ્યું કે, 'પાકિસ્તાને JF-17 દ્વારા આપણા S-400 અને બ્રહ્મોસ મિસાઈલ બેઝને નુકસાન પહોંચાડ્યું હોવાનો તેમજ આપણા એરફીલ્ડ સિરસા, જમ્મુ, પઠાણકોટ અને ભુજ પર હુમલો કર્યો હોવાની વાત પણ ખોટી છે. આ ઉપરાંત આપણા ચંડીગઢ અને વ્યાસ સ્થિત હથિયાર ભંડારો ઉપર હુમલો થયો હોવાની માહિતી પણ ખોટી છે.'

## જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનના સરહદી વિસ્તારોમાં શાંતિ છવાઇ

। (એજન્સી) જમ્મુ, તા.૧૧ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી સંઘર્ષની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે ગઈકાલે એવા અહેવાલ આવ્યા હતા કે ભારત અને પાકિસ્તાન બંને સીઝફાયર માટે સહમત થઈ ગયા છે. અમેરિકાની મધ્યસ્થતા હેઠળ આ સીઝફાયર થયું હોવાના અહેવાલ હતા. જોકે પછીથી ભારતે ચોખવટ કરી હતી ભારત અને પાકિસ્તાને પરસ્પર વાતચીત દ્વારા સીઝફાયર માટે સહમતિ આપી છે તેમાં કોઈ ત્રીજા દેશની ભૂમિકા નથી. જોકે તેના પછી પણ અમુક કલાકોમાં જ પાકિસ્તાન તરફથી સીઝફાયરનું ઉલ્લંઘન કરાયાના અહેવાલ ફરતા થયા હતા. જોકે આખી રાત વીતી ગયા બાદ હવે ભારત અને પાકિસ્તાન વચ્ચે જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનના જે જે વિસ્તારમાં સંઘર્ષની સ્થિતિ જોવા મળી હતી ત્યાંના દૃશ્યો સામે આવ્યા છે. એના પરથી એવું લાગે છે કે આખી રાત બંને તરફથી સીઝફાયરનું પાલન કરવામાં આવ્યું હતું અને હવે સ્થિતિ સામાન્ય થતી દેખાઈ રહી છે.

### અમેરિકાના વિદેશ મંત્રી માર્કોએ કહ્યું

# હું અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેંસ ભારત અને પાકિસ્તાનના ઉચ્ચ સ્તર સાથે સતત સંપર્કમાં હતા

### મને હવે જાહેરાત કરતા આનંદ થાય છે કે ભારત અને પાકની સરકારો તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થયા હતા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા ૪૮ કલાકથી ચાલી રહેલો લશ્કરી તણાવ અને ભારે તોપમારો, રોકેટ અને ડ્રોન ફાયરિંગ દ્વારા સરહદ પર થઈ રહેલા હુમલાઓ અચાનક બંધ થઈ ગયા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાર અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કર્યું છે. ટ્રમ્પના સત્તાવાર નિવેદન પછી યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામની અંદરની સ્ટોરી જણાવી હતી.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કોએ કહ્યું કે હું અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેંસ બંને ભારત અને પાકિસ્તાનના ઉચ્ચ સ્તર સાથે સતત સંપર્કમાં હતા. મેં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાકિસ્તાની અધિકારી શાહબાઝ શરીફ, ભારતીય વિદેશ પ્રધાન એસ. જયશંકર અને પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીર ઉપરાંત ભારતના દ્રજીછ એટલે કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને અન્ય ઘણા ભારતીય અને પાકિસ્તાની અધિકારીઓ સાથે વાત કરી. અમારા પ્રયત્નોનું ફળ મળ્યું. મને હવે જાહેરાત કરતા આનંદ થાય છે કે ભારત અને પાકિસ્તાનની સરકારો તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થયા છે અને તટસ્થ સ્થળે વિવિધ મુદ્દાઓ પર વાટાઘાટો શરૂ કરવા સંમત થયા છે.

## સર્વધર્મ સમભાવ સભામાં વિવિધ ધર્મના મહાનુભાવો દ્વારા અપાયેલા પ્રાસંગિક ઉદબોધનના મુખ્ય અંશો

# 'ભારત જોડો અભિયાન' અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને રાજભવન, ગાંધીનગર ખાતે 'સર્વધર્મ સમભાવ' સભા યોજાઈ

। ગાંધીનગર ।

(૧) પૂજ્ય શ્રી દિલીપદાસજી મહારાજ:(અમદાવાદ)

મજબૂત નિર્ણય શક્તિના પરિણામે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આતંકવાદને જે મુહતોડ જવાબ આપ્યો છે તેની સાથે આજે આખો દેશ ઊભો છે. દેશ વિરોધી આ લડાઈમાં સર્વધર્મના નાગરિકો એકસાથે છે.સંત સમાજ આપણી સરકાર અને સેના સાથે છે,અમે તમામ સહયોગ આપવા કટિબદ્ધ છીએ.

(૨) શીખ સમુદાયના પ્રતિનિધિ શ્રી રાજપાલસિંઘ:

સૌ પ્રથમ આપણે ભારતીય છીએ. આપણે બધા હંમેશા સરકાર અને સેનાની સાથે છીએ. યુદ્ધ એ કલ્યાણ નથી પણ આતંક વિરુદ્ધ જવાબ આપવો તે આપણો ધર્મ છે.અનેકતામાં એકતા એજ ભારતની વિશેષતા રહી છે ત્યારે આ પરિસ્થિતિમાં એકતા બનાવી રાખવી આપણા સૌની પ્રથમ ફરજ છે.

(૩)મુસ્લિમ સમુદાયના શ્રી આરીફ મુલતાની:

તાજેતરમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરું છું.આપણી બહેનોનું સિંદૂર મિટાવનાર આતંકવાદીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય સેના'ઓપરેશન સિંદૂર'થકી તેમનું સિંદૂર મિટાવાનું કામ કરી રહી છે તેમની સાથે આખો દેશ ઊભો છે.આપણે સાથે મળીને દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવાની નૈતિક ફરજ નિભાવવાની છે.

(૪)ઈસાઈ ધર્મના પ્રતિનિધિ શ્રી રેવરન્ટ જુલિયસ (અમદાવાદ);

આપણી સેના અત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આતંકવાદી વિરુદ્ધ જે સચોટ કાર્યવાહી કરી રહી છે તેનું અમારું સંપૂર્ણ સમર્થન છે.આપણે દેશહિતમાં જે કરવું પડે તે કરવા તૈયાર છીએ. સૌએ એકસાથે ભારત દેશની રક્ષા કરીને અખંડિતતા જાળવી રાખવા પ્રયત્ન કરવો પડશે. દેશની સેનાનું મનોબળ વધે અને ઈશ્વર તેમને શક્તિ આપે માટે અમે આવતીકાલે અમદાવાદ ખાતે સામૂહિક પ્રાર્થના કરવાના છીએ.

(૫) સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી:

આતંકવાદ સમગ્ર માનવતાનો વિરોધી છે ત્યારે યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સબળ નેતૃત્વ આપણી સેના દુશ્મનોને જે જવાબ આપી રહી છે તેની સાથે આજે સમગ્ર દેશ ઊભો છે. આતતાઈનો વધ નિશ્ચિત છે ત્યારે યુદ્ધમાં જેમ હનુમાનજીએ અર્જુનના રથ પર બિરાજમાન થઈને લડવા માટે શક્તિ આપી હતી તેમ ભારતીય સેનાના પણ હનુમાનજી શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું.

(૬) મહામંડલેશ્વર સ્વામી શ્રી રામમનોહરદાસજી:

આપણે સૌએ સાથે મળીને અનેકતામાં એકતાના સંદેશને સાર્થક કરવાનો છે. અમે સૌ દેશ અને દેશની સેના સાથે છીએ.

(૭) શ્રી મોદીસ કાજી:

ભારતના પેહલગાવમાં થયેલા આતંકી હુમલાનો ભારતીય સેનાએ બહાદુરીથી જવાબ આપ્યો છે. હાલનો સમય દેશ માટે સૌએ સાથે મળીને દેશ સેવામાં બનતું યોગદાન આપવાનો છે.

(૮) પારસી આગેવાન શ્રી ઝેર્સેક રાવ:

પ્રવર્તમાન સ્થિતિમાં માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના પારસી સમુદાયના તમામ નાગરિકો દેશની સાથે છે. દેશસેવાના આ અવસરમાં તેઓ દેશ અને સેનાના પડખે છે.

(૯)જૈન આગેવાન શ્રીપાલજી:

અમારો જૈન સમાજ અહિંસામાં માને છે પરંતુ રાષ્ટ્રધર્મ સર્વોપરી છે ત્યારે દેશસેવામાં અમારાથી બનતી તમામ મદદ કરવાની ખાતરી આપું છું વાત જ્યારે દેશની આવે ત્યારે ધર્મને ભૂલીને અમે સેનાને મદદ કરીશું.

(૧૦)શીખ આગેવાન શ્રી ઈશ્વરસિંઘ બગ્ગા (ગોવિંદધામ થલતેજ):

ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે. વિવિધતામાં એકતા એ આપણી સંસ્કૃતિ છે ત્યારે આવી સ્થિતિમાં આપણે સૌએ ધર્મ ભુલીને ભારતીય બનવાનું છે.

(૧૧) શ્રી આર. કે. પટેલ:

દેશની કટોકટીની સ્થિતિમાં અમારા સમાજનો દરેક નાગરિક સરકારની સાથે છે. સરકાર દ્વારા આપવામાં આવતી તમામ માહિતી અને સૂચનાઓનું સુયોગ્ય અમલીકરણ કરાવવામાં આવશે.

(૧૨) શીખ આગેવાન શ્રી કાશ્મીરા સિંઘ:

ભારતે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે ત્યારે સૌએ સાથે મળીને ભારતીય બનીને વિશ્વને આપણું સામર્થ્ય બતાવવાનો સમય આવી ગયો છે.

(૧૩) શ્રી જતિન્દરપાલ સિંઘ ( ગુરુદ્વારા, ગાંધીનગર):

તમામ ધર્મ અને તમામ લોકોથી ઉપર છે રાષ્ટ્ર. કોઈપણ ધર્મ હિંસા નથી શીખવતું પરંતુ હાલની સ્થિતિમાં દેશની રક્ષામાં માટે જે કોઈ પણ પગલાં ભરવામાં આવી રહ્યાં છે તે યોગ્ય છે.

૧૪) આગેવાન શ્રી મૌલવી હબીબ:

સમગ્ર વિશ્વ ભારતને આજે એક મજબૂત રાષ્ટ્ર તરીકે જોઈ રહ્યું છે. આ સ્થિતિમાં ભારત દુનિયાને બતાવી દેશે કે ભારત કેટલો શક્તિશાળી દેશ છે. દેશના દુશ્મન જે ભાષામાં સમજે તેમને તે ભાષામાં જ સમજાવવાનો સમય આવી ગયો છે.

(૧૫) દાઉદી વોરા પ્રમુખ શ્રી મુલ્લાં કુતબુદ્દીન અપ્સરભાઈ: (અમદાવાદ)

દેશ પર આવેલા આ સંકટના સમયમાં અમારા સમાજનો દરેક નાગરિક સરકારની પડખે છે. હવે દેશમાં કોઈ જ ધર્મ નથી હવે તમામ નાગરિકો ભારતીય છે.




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દેશમાંથી મેદસ્વિતા ઘટાડવાના સંકલ્પને સાર્થક કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજયમાં આદરેલા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા નવીન પહેલ હાથ ધરવામાં આવી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની સૂચનાને પગલે અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં "Dietician OPD" (રૂમ નં. G-025) શરૂ કરવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ભારે નુકસાન

। (એજન્સી) અરવલ્લી, તા.૧૧ ।

હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ કમોસમી વરસાદ ખાબક્યો છે. જેના પગલે કેટલાક વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. ભિલોડામાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ નડ્યો છે. રિટોડા, ધોલવાણી, મોહનપુર સહિતના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો છે. પતરાના શેડ ઉડી ગયા છે. મોટાભાગના વૃક્ષો પણ ધરાશાયી થયા છે. ભર ઉનાળે વરસાદ ખાબકતા ખેતરોમાં પણ પ ણી ભરાઈ ગયા છે. જેના કારણે પ ાકને નુકસાન જવાની ભીંતિ છે. બીજી તરફ સાબરકાંઠા જિલ્લામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. જેના પ ગલે ઈડરમાં રેલવે અન્ડર બ્રિજમાં પ ાણી ભરાયા છે. જેના કારણે તેને બંધ કરવામાં આવ્યો છે. ઈડરમાં કમોસમી વરસાદ ખાબકતા હિંમતનગર-અંબાજી સ્ટેટ હાઈવે બંધ કરાયો છે. ઈડરના રેલવે અંડર બ્રિજમાં રાત્રે વરસાદી પાણી ભરાયા છે. રવિવારે અંબાજી અને ખેડબ્રહ્મા જતાં

### રાજકોટના ઉપલેટામાં ધોધમાર વરસાદ બાદ પૂરની સ્થિતિ

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

હવામાન વિભાગની આગાહી વચ્ચે ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબક્યો છે.ત્યારે રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં અચાનક ભારે કમોસમી વરસાદથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ત્રણ દિવસથી ચાલુ રહેલા ધોધમાર વરસાદથી ઉપલેટા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ છે. તલંગણા ગામમાં ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે, જેના કારણે નદીના વધતા જળસ્તરથી અનેક ખેતરો પાણીમાં ગરકાવ થયા છે. આ કમોસમી વરસાદથી ઉનાળુ પાકને ભારે નુકસાન થયું છે.તલ, બાજરી, અડદ અને જુવાર જેવા મુખ્ય ઉનાળુ પાકોને ભારે નુકસાન પહોંચ્યું છે. ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાવાથી પાક બરબાદ થઈ રહ્યો છે. ખેડૂતો આ કુદરતી આપત્તિથી ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને તેમના ચહેરા પર ચિંતા દેખાઈ રહી છે.

### વડોદરાના અનગઢ ગામે મહીસાગર નદીમાં કાર ખાબકી

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા જિલ્લાના અનગઢ ગામે શનિવારે (૧૦મી મે)રાત્રે મહીસાગર નદીમાં કાર ખાબકી હતી. આ ઘટનાની જાણ થતા પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચીને કારને નદીમાંથી બહાર કાઢી હતી, પરંતુ કારની અંદરથી કોઈ વ્યક્તિ મળી આવ્યું નથી. આ ઘટનામાં કાર ચાલકે કારના એક્સેલેટર ઉપર પથ્થર રાખી કારને નદીમાં ધકેલવાનો પ્રયાસ કર્યો હોય તેવી આશંકા છે. જો કે, પોલીસ તપાસ બાદ ચોક્કસ હકીકત સપાટી પર આવશે. મળતી માહિતી અનુસાર, વડોદરા શહેરના છેવાડે આવેલ અનગઢ ગામ ખાતે મસાણી માતાના મંદિર નજીકથી પસાર થતી મહીસાગર નદીમાં કાર ખાબકી હતી. આ ઘટનાને લઈને ફાયર સ્ટેશનથી જવાનો અને નંદેશરી પોલીસ મથકના કર્મચારીઓ સ્થળ પર દોડી ગયા હતા.

## લોકોમાં પણ રોજની જેમ અવરજવર જોવા મળી

# યુદ્ધવિરામ બાદ કચ્છમાં ફરી જનજીવન ધબકતું થયું

### ભારત પાકિસ્તાન વચ્ચેના તણાવ બાદ હાલ કચ્છની બોર્ડર પર સ્થિતિ શાંત છે : ચાર દિવસ બાદ શાંતિનો માહોલ

। (એજન્સી) કચ્છ, તા.૧૧ ।

આતંકીઓનું આશ્રયસ્થાન પાકિસ્તાન આખરે ઘૂંટણિયે પડ્યું છે. ઓપરેશન સિંદુરથી પાકિસ્તાની સેના થર થર કાંપી છે. પાકિસ્તાનમાં ઘૂસીને ભારતે મોટી કાર્યવાહી કરી છે. ત્યારે ગુજરાતની બોર્ડર પરના વિસ્તારોમાં આજે રવિવારે સવારે કેવી પરિસ્થિતિ છે, તે જોઈએ. ભારત પાકિસ્તાન વચ્ચેના તણાવ બાદ હાલ કચ્છની બોર્ડર પર સ્થિતિ શાંત છે. ચાર દિવસ બાદ કચ્છમાં હાલ શાંતિનો માહોલ છવાયેલો છે. ગઈકાલે રાતે પાકિસ્તાને તોડેલા સીઝફાયર બાદ હાલ ક્યાંય કોઈ તણાવ નથી. કચ્છના તમામ વિસ્તારોમાં પરિસ્થિતિ સામાન્ય જોવા મળી. લોકોમાં પણ રોજની જેમ અવરજવર જોવા મળી. ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામની જાહેરાત બાદ આજે સવારથી ભુજની તમામ બજારો સામાન્ય દિવસની જે ખુલી ગઈ છે. જનજીવન ફરી ધબકતું થયું છે. ગઈકાલે રાત્રે ડ્રોન હુમલાના નિષ્ફળ પ્રયાસ બાદ બ્લેક આઉટ આપવામાં આવ્યું હતું. રાત્રે ૧૦ થી અત્યાર સુધી કોઈ જ ડ્રોન હુમલો ન થતા સ્થિતિ સામાન્ય છે.

મોડી રાતે કચ્છમાં અચાનક ડ્રોન દેકાયા બાદ સંવેદનશીલ પરિસ્થિતિ ઉભી થઈ હતી. જેને ધ્યાનમાં રાખીને રાતે દ્વારકા, ઓખા, મીઠાપુર અને બેટ દ્વારકાના વહીવટીતંત્ર દ્વારા એક અતિ મહત્વપૂર્ણ આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ આદેશ અંતર્ગત, દ્વારકા તાલુકાના સરહદી ગામોમાં સ્વૈચ્છિક બ્લેકઆઉટ પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બ્લેકઆઉટ ગઈકાલે સાંજે ૭ વાગ્યાથી શરૂ કરીને બેટ દ્વારકાથી કુરંગા સુધીના સમગ્ર વિસ્તારમાં લાગુ કરાયું હતું અને સવારે ૬ વાગ્યા સુધી અમલમાં રહ્યું હતું. આ સમયગાળા દરમિયાન, તમામ મંદિરો સહિત અન્ય તમામ પ્રવૃત્તિઓ બંધ રાખવામાં આવી હતી. શોપિંગ સેન્ટરોને પણ બંધ રાખવા માટે અપીલ કરવામાં આવી છે. અને સાંજે ૭ વાગ્યા પછી તમામ પ્રકારની એક્ટિવિટીઝ બંધ કરવા વિનંતી કરવામાં આવી છે. ઈમરજન્સી સિવાય લોકોને ઘરની બહાર ન નીકળવા પણ અપીલ કરવામાં આવી છે. સુરક્ષાના કારણોસર દ્વારકા જિલ્લા તંત્ર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે અને તેઓ સંપૂર્ણપણે એલર્ટ પર છે. વહીવટીતંત્ર દ્વારા તમામ નાગરિકોને આ પરિસ્થિતિમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. ભારતના જડબાતોડ જવાબ બાદ હવે દેશમાં શાંતિનો માહોલ છે. ભારતના જવાબથી પાકિસ્તાનની હવા નીકળી ગઈ. માત્ર ગુજરાતમાં જ નહિ, સીઝફાયર બાદ બોર્ડર વિસ્તારોમાં આજે શાંતિનો માહોલ જોવા મળ્યો. મોડી સાંજ બાદ બોર્ડર વિસ્તારોમાં હુમલાઓ નથી જોવા મળ્યા. સવારથી જ બોર્ડરના અલગ અલગ શહેરોમાં સામાન્ય સ્થિતિ દેખાઈ. સીઝફાયર વચ્ચે પણ સેના એલર્ટ મોડમાં છે. ભૂજ, શ્રીનગર, જમ્મુ, પૂંછ, અખનૂરમાં શાંતિ છે. અમૃતસર, ફિરોજપુર સહિતની જગ્યાએ શાંતિ છવાયેલી છે. જમ્મુ કશ્મીરમાં સ્થિતિ સામાન્ય જોવા મળી. દલ લેક પર જનજીવન સામાન્ય જોવા મળ્યું. શાકભાજી વિક્રેતાઓએ વેપાર-ધંધા શરૂ કર્યા. સામાન્ય લોકોએ કહ્યું, 'અમારે જોઈએ છે શાંતિ.'

## અમદાવાદમાં ગાજવીજની આશંકા

# ત્રણ દિવસ હળવાથી સામાન્ય વરસાદ થવાની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડવાને બદલે વાદળછાયું વાતાવરણ અને વરસાદ આવી રહ્યો છે. ત્યારે આગામી સપ્તાહમાં ગુજરાતમાં વરસાદ અને ગરમી કેવી રહેશે તે અંગે હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે આજે રાજકોટમાં સતત છઠ્ઠા દિવસે કમોસમી વરસાદ વરસી રહ્યો છે. પડધરીના જીવાપર ગામ ખાતે ગાજવીજ સાથે વરસાદ વરસતા જગતના તાતને માથે ચિંતાના વાદળો ઘેરાય રહ્યા છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, પ્રદીપ શર્માએ જણાવ્યું છે કે, એક ટ્રફ લાઈન સૌરાષ્ટ્રથી ઈસ્ટ સેન્ટર અરેબિયન સી સુધી છે. જેના કારણે આગામી બે દિવસ ગાજવીજની આગાહી છે. આ સાથે ત્રણ દિવસ હળવાથી સામાન્ય વરસાદ થવાની આગાહી છે. આ સાથે તેમણે મહત્તમ તાપમાન અંગેની આગાહી કરતા જણાવ્યું છે કે, આગામી સાત દિવસ ત્રણથી પાંચ ડિગ્રી વધવાની આગાહી છે. હાલ ગાજવીજ માટે યલો એલર્ટ આપવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યું છે કે, અમદાવાદમાં ગાજવીજની આશંકા છે. આ સાથે આગામી ૨૪ કલાક શહેરનું તાપમાન ૩૭ ડિગ્રી સુધી જવાની આગાહી છે. હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે ૧૨મી તારીખે અને સોમવારે, કચ્છ અને પાટણ સિવાયના તમામ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# સાધલી-કરજણ વચ્ચે ૫૦ મુસાફરો ભરેલી ST પલટી

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવી છે. ત્યારે વડોદરાની શિનોરના સાધલી-કરજણ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો છે. સાધલી-કરજણ વચ્ચે ૫૦ મુસાફરો ભરેલી ST બસને અકસ્માત નડ્યો છે. બસ વૃક્ષ સાથે અથડાયા બાદ કાંસમાં ખાબકી હતી. મળતી માહિતી અનુસાર બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ ઘટના બની હતી. એક બાળકી સહિત ૬ લોકોને ઈજા પહોંચી છે. ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે સ્થાનિકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેમજ ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ ભરૂચના અંકલેશ્વર વાલિયા રોડ પર અકસ્માતમાં એકનું મોત થયું છે. કોસમડી નજીક હાઈવે પર બેફામ ટ્રકે બાઈકને અડફેટે લીધા હતા. જેમાં બાઈક પર સવાર પત્નીનું મોત થયું છે.

## પરિક્ષા આપનાર વિદ્યાર્થીનીને ગેરહાજર બતાવી દીધી

# ધો. ૧૦ના પરિણામમાં જબરો ગોટાળો

। (એજન્સી) નસવાડી, તા.૧૧ ।

નસવાડીમાં ધોરણ ૧૦ની પરીક્ષાને લઈ મોટી બેદરકારી સામે આવી છે. તમામ વિષયની પરિક્ષા આપનાર વિદ્યાર્થીનીને ગેરહાજર બતાવી દીધી. નસવાડીની એસ. બી.સોલંકી શાળાની વિધાર્થિની સાથે બનાવ બન્યો છે. વિદ્યાર્થીની પરિક્ષા સમયે અન્ય સીટ નંબર પર બેસી જતા આ પરિણામ આવ્યુ છે. તપાસ કરતા જાણવા મળ્યુ કે, જે સીટ પર બેસી પરિક્ષા આપી તે વિદ્યાર્થી ગેરહાજર હતો જો કે પરિણામ આવતા તે પાસ થયો છે. તેથી આ સમગ્ર ગોટાળાને લઈ અરજી કરવામાં આવી છે. પરંતુ આ બનાવ બાદ પરિક્ષા કેન્દ્ર પર ફરજ બજાવતા કર્મચારીઓની બેદરાકરી પર સવાલ ઉઠી રહ્યા છે. નસવાડી તાલુકાના આકોના ગામની વિદ્યાર્થિની અંકિશાબેન તીરથસિંહ પરમાર નસવાડીની એસ બી સોલંકી વિદ્યામંદિરમાં ધોરણ ૧૦માં અભ્યાસ કર્યો હતો. જ્યારે ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં આ વિદ્યાર્થિનીનો નંબર નસવાડીની આદર્શ નિવાસી શાળાના બિલ્ડિંગમાં આવ્યો હતો જેનો બેઠક નંબર મ્૫૩૪૯૨૭૩ હતો અને તેણે તમામ વિષયના પેપર તારીખ ૨૭ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ સુધી સતત આદર્શ નિવાસી શાળાના પરીક્ષા કેન્દ્રમાં દરેક વિષયની પરીક્ષા આપી હતી અને બેઠક નંબરની રીસિપ્ટમાં પરીક્ષા ખંડમાં ફરજ બજાવતા શિક્ષકની સહી હોલ ટિકિટમાં છે. જ્યારે ધોરણ ૧૦ના પરિણામ આવ્યા તેમાં આ વિદ્યાર્થિનીએ આદર્શ નિવાસી શાળામાં પરીક્ષા કેન્દ્રમાં આવી જ નથી અને તેને ગેરહાજર બતાવી દેવામાં આવી. જ્યારે પરિણામ હાથમાં આવતા વિદ્યાર્થિની ચોંકી ઉઠી હતી. જ્યારે નસવાડી કવાંટ રોડ ઉપર આવેલી મદની સ્કૂલનો વિદ્યાર્થી મકરાણી અલ્બાક્ષભાઈ સબીરભાઈ ધોરણ ૧૦માં અભ્યાસ કરતો હતો તેણે પરીક્ષા માટે સ્કૂલમાંથી ફોર્મ પણ ભર્યું હતું અને તેની હોલ ટિકિટ પણ આવી હતી.

## અમદાવાદમાં યુવતી સહિત નવ નબીરા ઝડપાયા

# ક્લબમાં મ્યુઝિકલ પાર્ટીની આડમાં ચાલી રહી હતી દારૂની મોજ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ડ્રાય સ્ટેટ ગુજરાતમાં ફરી એકવાર નબીરાઓ દારૂની પાર્ટી કરતા ઝડપાયા છે. ખાનગી કંપનીની મ્યુઝિકલ પાર્ટીમાં દારૂની મહેફિલ ચાલી રહી છે. જેની બાતમી બોપલ પોલીસને મળ્યા પીઆઈ સહિત ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન પાર્ટી કરી રહેલા લોકોની બ્રેથ એનેલાઈઝરથી ચેક કરતા સમગ્ર ભાંડો ફુટ્યો હતો. આ પાર્ટીમાં ૧૫૦થી વધુ લોકો હતા. જેમાં ૬ લોકો દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા હતા. જ્યારે ત્રણ વ્યક્તિઓ દારૂ લેવા માટે બેઝમેન્ટ પાર્કિંગમા ઉભી રહેલી કારમાં ગયા હતા. જ્યાંથી તેઓને પણ ઝડપી લેવાયા હતા. અમદાવાદ ગ્રામ્ય પોલીસ ડિવાયએસપી આસ્થા રાણાએ પ્રેસ બ્રિફિંગ દરમિયાન જણાવ્યુ હતું કે, અમદાવાદ શહેરમાં પ્રતિષ્ઠિત ક્લબ ઓ૭માં ચાલતી મ્યુઝીકલ પાર્ટીમાં દારૂ મહેફિલ ચાલતી હોવાની બાતમી બોપલ પોલીસ સ્ટેશનને મળી હતી. પોલીસ દ્વારા મોડી રાત્રે ક્લબમાં રેડ પાડવામાં આવી હતી. જેમાં બોપલ પોલીસે એક યુવતી સહિત નવ લોકોને ઝડપી પાડ્યા હતા. ખાનગી કંપની દ્વારા કલબ ઓ૭માં મ્યુઝિકલ પાર્ટીનું આયોજન કરાયું હતું. આ પાર્ટીમાં અંદાજીત ૧૫૦થી ૨૦૦ લોકો હાજર હતા. પરંતુ પોલીસને બાતમી મળી હતી કે, પાર્ટી તેના સમયથી વધુ ચાલી રહી છે. જેના આધારે પોલીસ દ્વારા ક્લબમાં દરોડા પાડતા છ આરોપીઓ દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા અને ૩ આરોપીઓ બેઝમેન્ટમાં દારૂ સાથે મળી આવતા આરોપીઓના પકડી પાડ્યા હતા.

## ગુજરાતના ખેડૂતો માટે સૌથી મહત્વના સમાચાર

# ૧૦ જૂનની આસપાસ ગુજરાત રાજ્યમાં થશે ચોમાસાનું આગમન

### રાજ્યમાં ધોધમાર વરસાદ પડવાની આ વર્ષે આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

આ વર્ષે ગુજરાતમાં ૧૦ જૂનની આસપાસ ચોમાસું આવશે. ગુજરાતમાં ૧૦ જૂનની આસપાસ ચોમાસું પ્રવેશી શકે છે. રાજ્યમાં આ વર્ષે ધોધમાર વરસાદ પડવાની આગાહી છે. ચોમાસુ આવે તે પહેલા જ ગુજરાતમાં સવા ઈંચ વરસાદ પડ્યો છે. આમ, તો સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસું ૧૫ જુન બાદથી જ આવતું હોય છે. પરંતુ આ વખતે વાતાવરણમાં એવા પલટા આવ્યા છે. જેને કારણે ચોમાસું વહેલા આવશે. સાથે જ આ વર્ષનું ચોમાસું ધોધમાર રહે તેવી પણ આગાહી છે. કેરળમાં આ વર્ષે વહેલું ચોમાસું આવી રહ્યું છે, ગત વર્ષે ૩૦ મેના રોજ ચોમાસું કેરળમાં આવી ગયું હતું, તેના બાદ ૧૦ જુવને ગુજરાતના સૌરાષ્ટ્ર-દક્ષિણ કાંઠે આવીને અટકી ગયું હતું. તેના બાદ ૨૪ જુનના રોજ ચોમાસામાં ગતિ આવી હતી. તેના બાદ ૩૭ જુને આખા ગુજરાતમાં ચોમાસું છવાયું હતું. પરંતુ આ વખતે ચોમાસું વહેલું આવે તે શક્યતા છે.

ભારતીય મુખ્ય ભૂમિ પર ચોમાસાના આગમનની સત્તાવાર જાહેરાત ત્યારે થાય છે જ્યારે તે કેરળ પહોંચે છે. સામાન્ય રીતે ૧ જૂનની આસપાસ હોય છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૮ જુલાઈ સુધીમાં સમગ્ર દેશને આવરી લે છે. તે ૧૭ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી પીછેહઠ કરવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણપણે પીછેહઠ કરે છે. અધિકારીએ જણાવ્યું હતું કે, "કેરળમાં ચોમાસાનું વહેલું કે મોડું આગમન થવાનો અર્થ એ નથી કે તે દેશના અન્ય ભાગોમાં પણ આ જ રીતે પહોંચશે. "તે ખૂબ જ પરિવર્તનશીલ છે અને વૈશ્વિક, પ્રાદેશિક અને સ્થાનિક પરિસ્થિતિઓ પર આધાર રાખે છે." IMD એ એપ્રિલમાં ૨૦૨૫ ના ચોમાસા માટે સામાન્યથી વધુ કુલ વરસાદની આગાહી કરી હતી અને ભારતીય ઉપખંડમાં સામાન્યથી ઓછા વરસાદ સાથે સંકળાયેલ અલ નિનો સ્થિતિઓની શક્યતાને નકારી કાઢી હતી. સામાન્ય રીતે દક્ષિણપશ્ચિમ ચોમાસું ૧ જૂને કેરળ પહોંચે છે અને જુલાઈના પહેલા અઠવાડિયા સુધીમાં સમગ્ર ભારતને આવરી લે છે. આ પછી, સપ્ટેમ્બરથી, ચોમાસું ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગોને વિદાય આપવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણપણે વિદાય લે છે. આ વર્ષે ચાર મહિનાના ચોમાસા દરમિયાન ભારતમાં સામાન્યથી વધુ વરસાદ પડવાની ધારણા છે. આ સમયગાળા દરમિયાન, ૧૦૫ ટકા વરસાદ પડી શકે છે, જે ૮૭ સેમીના સરેરાશ વરસાદ કરતાં વધુ છે.

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL

JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393